સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

## કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ, સંખેડા

# કૌસ્તુભ

ISBN: 978-93-342-1979-1

સંપાદક:

ડૉ દીપકકુમાર વી પટેલ

આચાર્યશ્રી

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ.કોમર્સ કોલેજ,

સ્ટેશન રોડ, સંખેડા.(૩૯૧૧૪૫) જિ. છોટાઉદેપુર

(સંચાલિત : સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ,સંખેડા.)

ફોન.નં :|૦૨૬૬૫ ૨૪૩૨૫૯/૨૪૪૪૫૦

ઇમેલ : sankhedacollege@yahoo.co.in

વેબસાઇટ: www.sankhedacollege.co.in

# કૌસ્તુભ

**ISBN: 978-93-342-1979-1**

**!!विधयामृतमश्नुते!!**

૬૩ મો વાર્ષિક અહેવાલ

વર્ષ :- ૨૦૨૪-૨૫

તારીખ :- ૧૧-૦૩-૨૦૨૫

# પ્રમુખશ્રીનું નિવેદન

શ્રી સંખેડા સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ઈ. સ. ૧૯૬૨માં સંખેડા તાલુકાના અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તક મળી રહે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તે હેતુથી આ કોલેજ શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં માત્ર વિનયન પ્રવાહ અને ઈ. સ. ૧૯૮૦થી વાણિજ્ય પ્રવાહ પણ શરૂ થયો. આ કોલેજને સ્થાપવા અને પોષવામાં પારેખ અને કાપડિયા કુટુંબનું મહત્ત્વનું યોગદાન છે. તેમના અને સંખેડા નાગરિક સહકારી બેંકના દાનથી કોલેજનું નામાભિધાન કરવામાં આવ્યું છે. ત્યારબાદ શ્રી મોહનલાલ શાહ, એ. જે. શાહ, ડૉ. જેઠાભાઈ પરીખ, એસ. જે. શાહ, વિઠ્ઠલભાઈ તમાકુવાળાથી લઈને એચ. ઓ. શાહ સુધીમાં સંસ્થાના અનેક પદાધિકારીઓના દૂરંદેશી અને ઉચિત માર્ગદર્શનથી કોલેજ સતત ઉત્કર્ષ પામતી રહી છે. જે સંસ્થા આજે વટવૃક્ષ બની ચૂકી છે. નજીકની કોલેજો સાથે સ્પર્ધા હોવા છતાં કોલેજે પોતાનું સત્ત્વ અને સ્વત્વ જાળવી રાખ્યું છે તે ગૌરવની વાત છે.

આ કોલેજમાં અભ્યાસ કરીને આગળ વધેલા વિદ્યાર્થીઓએ પોતાની સફળ કારકિર્દી ઘડી છે. નવી શિક્ષણનીતિના અમલ પછી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ વધુ પ્રયત્નરત બનશે એ અપેક્ષા અસ્થાને તો નથી જ. કોલેજમાં જોડાયેલા નવા અધ્યાપકો શિક્ષણ ઉપરાંત સંશોધનક્ષેત્રે પણ વિદ્યાર્થીઓને દોરવણી આપે તો બંને પક્ષે ઉપકારક નીવડશે તેવી આશા છે. કોલેજના આચાર્ય, અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને શુભકામનાઓ.

શ્રી પરીમલભાઇ એસ. શાહ
પ્રમુખ શ્રી,
સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ,

## ઉપ પ્રમુખશ્રીનું નિવેદન

ઈ. સ. ૧૯૬૨ માં સ્થપાયેલી અમારી આ કોલેજ ૬૩મા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. વિતેલાં વર્ષોમાં કોલેજે આ વિસ્તારના વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં અગત્યનું પ્રદાન કર્યું છે. અહીંથી ગ્રેજ્યુએશન પૂરૂં કરીને વિદ્યાર્થીઓએ ઉજ્જ્વળ ભવિષ્ય ઘડયું છે. રમતો, એન. એસ. એસ. અંતર્ગત સામાજિક પ્રવૃત્તિઓ, સહકારના વર્ગો, કારકિર્દી માર્ગદર્શન વગેરે દ્વારા સતત વિદ્યાર્થીઓને દિશાસૂચન આપી આદર્શ નાગરિકના ઘડતરમાં કોલેજનો ફાળો મહત્વનો છે. સરકારશ્રી દ્વારા અમલમાં મૂકાતી વિવિધ યોજનાઓની જાણકારી આપી વિદ્યાર્થીઓને પોતાના માટે તથા સમાજને મદદરૂપ થવા જાગૃત કરવામાં આવે છે.

કોલેજના આચાર્યશ્રી તથા અધ્યાપકો કોલેજના અને વિદ્યાર્થીઓના વિકાસમાં પોતાનું ઉત્તમ યોગદાન આપતા રહેશે એ અપેક્ષા સાથે સૌને શુભેચ્છા**.**

શ્રી કનુભાઇ એન. દરૂ
ઉપ પ્રમુખ શ્રી,
સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ,

## મંત્રીશ્રીનું નિવેદન

૧૯૬૨માં અસ્તિત્વમાં આવેલ કોલેજને પોષવામાં કાપડિયા-ઝારોલા કુટુંબે મહત્વનું યોગદાન કરેલ છે. આ કોલેજમાં જ્ઞાનધારાનો પ્રવાહ ઝીલીને અનેક વિદ્યાર્થી ભાઇ-બહેનોએ પોતાની ઊચી કારકિર્દિ બનાવી છે. જેમાંથી અનેક રત્નો આ ધરામાંથી પ્રગટા થયા. જે આ ગામની, રાજ્યની અને દેશની સેવા અનેક ક્ષેત્રોમાં કરી રહ્યા છે. પૂર્વ આચાર્યો- અધ્યાપકો વર્તમાન અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ તેમજ ગ્રામજનો- ટ્રસ્ટીઓ તથા અન્ય મહાનુભાવોએ પ્રસ્તુત વટવૃક્ષને ખિલવવામાં અનેક રીતે સિહફાળો આપેલ છે , જેની નોંધ લેતા હુ ગર્વની લાગણી અનુભવુ છુ. એ સર્વે નામી-અનામી મહાનુભાવોનો હુ હદયપૂર્વક આભાર માનું છુ.

શ્રી સંજયભાઇ ચંદ્રવદન દેસાઇ

મંત્રી શ્રી,

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ,

## આચાર્યશ્રીનું નિવેદન

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના મુખ્ય મથક તરીકે ઓરસંગ નદી કિનારે વસેલું સંખેડા ગામ દેશમાં અને વિશ્વમાં લાકડા ઉપરના સોનેરી કામવાળા ફર્નિચર માટે વર્ષોથી પ્રખ્યાત છે. મેવાસ વિસ્તારમાં સંખેડા ગામ 'સોનેરી ટેકરી' તરીકે પણ ઓળખાય છે. આમ તો ઔદ્યોગિક અને સામાજિક વિકાસના દ્રષ્ટિકોણથી આ વિસ્તારની ગણતરી પછાત વિસ્તાર તરીકે થાય છે પણ શૈક્ષણિક વિકાસના દૃષ્ટિકોણથી આ વિસ્તારનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો આપણો દેશ આઝાદ થયો તે પહેલાંથી જ થ  તા રહ્યા છે . સંખેડા અને આજુબાજુના વિસ્તારના લોકોમાં સાક્ષરતા વધે તે માટે આરંભ આજથી ૧૧૮ વર્ષ પહેલા ૧૯૦૭ થી થયેલ છે . ૧૯૦૭માં ડી. બી. પારેખ સ્કૂલ શરૂ થઈ હતી. સંખેડા વિસ્તારના વિદ્યાર્થીઓની ઉચ્ચશિક્ષણની ભૂખને સંતોષવા માટે ઉદારચિત્ત શ્રી વિઠ્ઠલદાસ પરીખના વરદહસ્તે કૉલેજના મકાન માટે તેમના પિતાશ્રી ભીખાભાઈ દલસુખભાઈ પરીખના નામે રૂ.૧૫ ,૦૦૦ વડોદરા જિલ્લા પંચાયત **દ્વારા** રૂ.૨૦,૦૦૧ તેમજ ભૂતપૂર્વ મંત્રીશ્રી એ. જી. શાહના પ્રયત્નોથી રૂ.૩૫ ,૩૫૦નું દાન મળતાં ૧૯૬૨માં કુલ ૬૨ વિદ્યાર્થીઓની સંખ્યાથી આર્ટ્સ કૉલેજ શરૂ કરવામાં આવી, જેના નામકરણ માટે કાપડીયા પરિવારના શ્રી ગજુ ભાઈના હસ્તે શાહ નગીનદાસ મગનલાલ કાપડીયાના નામે રૂ. ૨૫૦૦૧ , શ્રી પશુભાઈના હસ્તે શાહ ભીખાલાલ મગનલાલ કાપડીયાના નામે રૂ. ૧૨,૫૦૧ અને શાહ મોહનલાલ મગનલાલ કાપડીયાના સ્વહસ્તે રૂ. ૧૨,૫૦૧ અનુદાન પ્રાપ્ત થતાં આ કૉલેજ સાથે કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલનું નામ જોડવામાં આવ્યું. કોમર્સના વિષયો સાથે ધો. ૧૨ પાસ કરનાર વિદ્યાર્થીઓને સ્વસ્થાને જ આગળ અભ્યાસ કરવાની તક મળે તે હેતુથી ૧૯૮૦માં સંખેડા સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટે કોમર્સ વિદ્યાશાખા શરૂ કરી જેને ૧૯૮૫-૧૯૮૬માં ધી સંખેડા નાગરિક સહકારી બેન્ક લિ. તરફથી રૂ. ૫૧ ,૦૦૦ જેટલી માતબર રકમનું દાન પ્રાપ્ત થતાં કોમર્સ કૉલેજ સાથે સદર બેંકનું નામ જોડવામાં આવ્યું. ૧૯૬૨માં આચાર્યશ્રી વિ.જી. ઉપાધ્યાય સાહેબે ખૂબ જ કરકસર અને કુશળતાથી સંસ્થાનો વહીવટ ચલાવી , સંસ્થાને પગભર કરવામાં મૂલ્યવાન ફાળો આપેલો અને તેના જ ફળસ્વરૂપે કૉલેજના ઈતિહાસમાં સૌ પ્રથમવાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ -૨૦૨૪ માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧ ,૧૨૦ થઈ તેમજ ચાલુ વર્ષે કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૧૩૪ થઈ છે.

મારા પૂરોગામી આચાર્યશ્રી પ્રો. હેમંતભાઈ એન. ઠાકર તેમજ સમગ્ર કૉલેજ પરિવાર આ ક્ષણે અભિનંદનના હકદાર છે જેમના સાથ સહકાર થ કી આ ભગીરથ કાર્ય સફળ થયું. આ તબક્કે કૉલેજ કાર્યાલયના શ્રી હેમંતભાઈ બી. વાનખેડે તેમજ શ્રી અજયસિંહ કે. પરમારને તેમની પ્રવેશલક્ષી ઉત્કૃષ્ટ કામગીરી માટે અભિનંદન પાઠવું છું.

છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત સરકારે અધ્યાપકોની ભરતી શરૂ કરી છે જેમાં આપણી કૉલેજમાં ચાલુ વર્ષે ગુજરાતી વિષયના અધ્યાપક સહાયક તરીકે ડૉ. સાધના રણછોડ ટાંકની નિમાણુંક થયેલ છે અને અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક સહાયક તરીકે ડૉ. કવિતા કે. જોષીની નિમાણુંક થયેલ છે સમગ્ર કૉલેજ પરિવાર વતી હું તેઓનું સ્વાગત કરું છુ. મને એ જણાવતાં આનંદ થાય છે કે , આપણી કૉલેજમાં રાજય સરકારે મંજૂર કરેલ અધ્યાપકોનું મહેકમ પૂરેપૂરું ભરાઈ ગયેલ છે. આપણી કૉલેજમાં મારી આચાર્ય તરીકે નિમણુંક ઑગસ્ટ ૨૦૨૦ માં થઈ એ પહેલા એકપણ અધ્યાપક Ph.D. થયેલ ન હતાં પણ આજની તારીખે ૧૪ અધ્યાપકો પૈકી ૮ અધ્યાપકો પાસે Ph.D.ની ડીગ્રી છે. ચાલુ વર્ષે આપણી કૉલેજના ડૉ. જે. એ. પટેલ અને ડૉ. કે. બી.પરમારને Ph.D.ની ડીગ્રી એનાયત થવા બદલ સમગ્ર કૉલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવું છુ અને અંગ્રેજી વિષયના પ્રાધ્યાપક પ્રણય એન.

શ્રીવાસ્તવને Ph.D. ની ડીગ્રી ટૂંક સમયમાં એનાયત થવાની છે તે બદલ સમગ્ર કૉલેજ પરિવાર તરફથી આગોતરા અભિનંદન પાઠવું છુ.

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા "સ્કીમ ઓફ ડેવલોપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ (શોધ)" યોજના અંતર્ગત કોલેજના કોમર્સ વિભાગના પ્રાધ્યાપક ડૉ. દિવ્યાંગ કે. વ્યાસના માર્ગદર્શન હેઠળ પીએચડી કરી રહેલ વિદ્યાર્થીની કોમલ પટેલને રાજ્ય સરકારના કેસીજી શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળું સંશોધન કરવા માટે આગામી બે વર્ષ માટે કુલ રૂપિયા 4 લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

આપણી કૉલેજના ગુજરાતી વિષયના અધ્યાપક સહાયક ડૉ. સાધના રણછોડ ટાંકના મહાશોધનિબંધ "મેર પ્રજાનું લોકસાહિત્ય: સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભે અભ્યાસ"ને કલાતીર્થ દ્વારા "મ હેર જાતિની લોકસંસ્કૃતિ અને કલાઓ" પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરેલું જે અમેરિકા સ્થિત લાયબ્રેરી ઓફ કોંગ્રેસ" વોશિંગટન ડિ.સી. ના કેન્દ્રીય પુસ્તકાલયમાં સ્થાન પામ્યું છે જે આપણી કોલેજ માટે એક ગૌરવની વાત છે. ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તક: "મેર : ભાતીગળ લોકસંસ્કૃતિ અને અને બોલી" જેને 2023ના ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારોમાં લોકસાહિત્ય વિભાગમાં તૃતીય પુરસ્કાર મુખ્યમંત્રીશ્રીના યજમાન પદે એનાયત થયેલ છે. મહાત્મા ગાંધી શોધપીઠ , સોશિયલ સાયન્સ વેલફેર , એસ.આર.એફ. સોશિયલ ફાઉન્ડેશન અને રેડિયન્ટ ગ્રૂપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન, જબલપુરના સંયુક્ત તત્વવિધાને રાષ્ટ્રીય કોંફરન્સમાં શોધપત્ર પ્રસ્તુતિની તક સાંપડી હતી જેમાં શોધાલેખ પ્રસ્તુતિમાં ઉત્તમ પ્રસ્તુતિ પુરસ્કાર પ્રાપ્ત થયો છે . સમગ્ર કોલેજ પરિવાર વતી હું ડૉ. સાધના રણછોડ ટાંકને અભિનંદન પાઠવું છુ.

મારા સાથી અધ્યાપક મિત્રોએ વર્ષ દરમ્યાન નીચે દર્શાવેલ વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિઓ કરેલ છે એ બદલ હું સર્વને અભિનંદન પાઠવું છું .

- નશાબંધી વ્યાખ્યાન કાર્યક્રમ
- રાષ્ટ્રીય મતદાતા દિવસ કાર્યક્રમ
- નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમ
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી કક્ષાની એન.એસ.એસ.ડે સિલેકશન સ્પર્ધામાં
- પ્લાસ્ટિક મુક્ત સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ
- 'જંતુનાશક દવા છંટકાવ' કાર્યક્રમ
- 'સ્વચ્છતા પ્રતિજ્ઞા' કાર્યક્રમ
- વિશ્વ યોગ દિવસ
- 15મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી
- 26મી જાન્યુઆરી ગણતંત્ર પર્વની ઉજવણી
- પોસ્ટ ઓફિસ સંખેડા દ્વારા પોસ્ટ ઓફિસની બચત યોજના વિશે માર્ગદર્શન
- પોસ્ટર પ્રદર્શનનો કાર્યક્રમ
- વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી
- વૃક્ષારોપણ કાર્યક્રમ
- યોગ પરિચય અને વ્યસન મુક્તિ વ્યાખ્યાન કાર્યક્રમ
- યૌનશોષણ અંગે જાગૃતિ કેળવવા માટે ઓનલાઈન વેબિનાર
- મહેંદી સ્પર્ધા
- આરતી શણગાર સ્પર્ધા
- ‘વિશ્વ ગુજરાતી ભાષા દિવસ’ અને ‘વીર નર્મદ જન્મજયંતિ’ ઉજવણી
- રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી વંદના: ગીતસ્પર્ધા
- 'વિશ્વ ગુજરાતી દિવસ' પ્રશ્નોત્તરી:૨૦૨૪
- દેશભક્તિગીત સ્પર્ધા

- શિક્ષક દિનની ઉજવણી
- એક દિવસીય કાર્યશાળા
- વકતૃત્વ સ્પર્ધા-૨૦૨૪-૨૫
- સાડી-ડે ની ઉજવણી
- કેશ ગુંફન સ્પર્ધા
- પ્રસાદ સુશોભન સ્પર્ધા
- સંશોધન પ્રક્રિયા:વિષય ઉપર પીએચ.ડી. ના શોધાર્થીઓ માટે વ્યાખ્યાન
- SSIP વર્કશોપ
- વિશ્વ આદિવાસી દિવસ ક્વિઝ
- SSIP લેવલ ૨- વર્કશોપ
- ગણતંત્ર દિવસ ક્વિઝ
- નિબંધ સ્પર્ધા
- પોસ્ટર સ્પર્ધા
- વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમ

હું કૉલેજના વિકાસમાં યોગદાન આપનાર ટ્રસ્ટી મંડળ , ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, કૉલેજ પરિવાર, વિદ્યાર્થીઓ અને સમગ્ર સમાજનો કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કરું છું. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન શૈક્ષણિક કાર્ય ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં સમગ્ર કોલેજે પરિવારે જે સાથ સહકાર આપેલો છે તે બદલ સર્વેનો હું અભાર માનું છુ અને ભવિષ્યમાં સંસ્થા ઉત્તરો-ઉત્તર પ્રગતિ કરતી રહે અને આ પ્રગતિ કરવા માટે સર્વેનો સાથ સહકાર મળતો રહે તેવી અભ્યર્થના સાથે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

ડૉ . ડી. વી . પટેલ
આચાર્યશ્રી

## સંસ્થાના ઉદાર દાતાશ્રીઓ અને પદાધિકારીઓ

સંખેડા નગરમાં વિદ્યાની ગંગોત્રી ઊભી કરનાર કાપડીયા (ઝારોલા) નું કુટુબ છે. તેથી કાપડિયા નગીનદાસ મગનલાલ માણેકલાલ આર્ટસ કોલેજ નામાભિધાન થયું. ભીખાભાઇ, પરસોત્તમદાસ , વિઠ્ઠલદાસ અને ગોવિંદભાઇ દલસુખભાઇ પરીખના હસ્તે કોલેજ માટે જમીનનું દાન મળ્યું. સંખેડા નાગરીક બેંક દ્વારા મળેલ દાનથી સંખેડા નાગરીક સહકારી બેંક કોમર્સ કોલેજનું નામ આપવામાં આવ્યુ.


સેવાભાવી લબ્ધપ્રતિષ્ઠ પદાધિકારીઓમાં શ્રી મોહનલાલ શાહ, શ્રી એ.જી.શાહ , ડો. જે.કે. પરીખ, શ્રી ઓચ્છવલાલ શાહ, શ્રી એ.એમ. પરીખ, શ્રી એસ.જે. શાહ, શ્રી વિઠ્ઠલદાસ તમાકુવાળા, શ્રી જે.જે. ખરાદી , શ્રી ચી.યુ. શાહ, શ્રી હીરાલાલ શેઠ, શ્રી ગોવિદભાઇ પારેખ, શ્રી કંચનભાઇ વકીલ, શ્રી વસંતભાઇ દેસાઇ , શ્રી ભાઇલાલભાઇ વકીલ , શ્રી પરીમલભાઇ શાહ, શ્રી. સંજયભાઇ સી. દેસાઇ, શ્રી હરીવદનભાઇ વકીલ, તેમજ શ્રી નીતિનભાઇ શાહ અને શ્રી કનુભાઇ એન. દરૂ ના નામ ઉલ્લેખનીય છે. તેઓના પ્રેરણા અને માર્ગદર્શનથી પ્રસ્તુત ભગીરથ કાર્ય સફળ થયું છે.

હાલના ટ્રસ્ટના પદાધિકારીઓ:

| નામ | હોદ્દો | |
|---|---|---|
| શ્રી પરીમલભાઇ એસ. શાહ | પ્રમુખશ્રી |  |
| શ્રી કનુભાઇ એન. દરૂ | ઉપ-પ્રમુખશ્રી |  |
| શ્રી સંજયભાઇ સી. દેસાઇ | મંત્રીશ્રી |  |

SANKHEDA COLLEGE TEACHING STAFF

| NO. | Photo | Employee No | NAME | DESIGNATION | EDUCATIONAL QUALIFICATION | DATE OF APPOINTMENT |
|---|---|---|---|---|---|---|
| 1 |  | 5194 | Prin. Dr. D.V.PATEL | PRINCIPAL | M.Com.<br>M. Phil.<br>P.G.D.M.M.<br>Ph. D. | 05-08-2020 |
| 2 |  | 47 | Prof. P.S.PURANI | ASSOCIATE PROFESSOR | M. A. | 26-11-1992 |
| 3 |  | 48 | Prof. N.K.SOLANKI | ASSOCIATE PROFESSOR | M.Com<br>B. Ed | 25-09-1993 |
| 4 |  | 55 | Prof. V.N.GAMIT | ASSOCIATE PROFESSOR | BPED<br>MPED | 14-10-1995 |
| 5 |  | 4552 | Prof. V.U.PATEL | ASSOCIATE PROFESSOR | M. A. | 03-12-2004 |
| 6 |  | 4449 | Prof. P.N.SHRIVASTAV | ASSOCIATE PROFESSOR | M. A.<br>M. Phil | 10-11-1995 |
| 7 |  | 1041 | Prof. R.H.JOSHI | ASSOCIATE PROFESSOR | MA<br>NET | 01-03-1996 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 8 |  | 4266 | Dr. J.A.PATEL | ASSIS. PROF. (Part time) | M.A.<br>B.ED,<br>Ph. D | 04-08-1997 |
| 9 |  | 5277 | Dr. D.K.VYAS | ADHYAPAK SAHAYAK | M.Com.<br>M.B. A.<br>Ph.D.<br>NET<br>(COMMERCE)<br>NET<br>(MANAGEMENT)<br>GSET | 05-09-2022 |
| 10 |  | 5517 | Dr. P.R.SHRIMALI | ADHYAPAK SAHAYAK | M.A.<br>B.ED,<br>M. Phil.<br>Ph. D. | 10-01-2024 |
| 11 |  | 5519 | Dr. R.R.VANKARSADHU | ADHYAPAK SAHAYAK | M.A.<br>M.Phil.<br>Ph. D.<br>NET JRF,<br>GSET | 15-02-2024 |
| 12 |  | 5593 | Dr. S.R.TANK | ADHYAPAK SAHAYAK | M. A.<br>Ph. D.<br>NET<br>GSET | 08-07-2024 |
| 13 |  | 5610 | Dr. K.K. JOSHI | ADHYAPAK SAHAYAK | M.A.<br>M.Phil.<br>Ph. D. | 25-07-2024 |
| 14 |  | ---- | Dr. K. B. PARMAR | TRUST APPOINTED TEACHING FACULTY | M.A.,<br>Ph. D. | -------- |

## SANKHEDA COLLEGE ADMINISTRATIVE STAFF

| NO. | | NAME | DESIGNATION | EDUCATIONAL QUALIFICATION |
|---|---|---|---|---|
| 1 |  | MR M. B. TRIVEDI | CLERK- TRUST APPOINTED | B.COM.<br>D.T.P. |
| 2 |  | MR. H. B. VANKHEDE | CLERK- TRUST APPOINTED | B. A. |
| 3 |  | MR. A. K.PARMAR | CLERK- TRUST APPOINTED | B.COM. |

## SANKHEDA COLLEGE NON-TEACHING STAFF

| NO. | | NAME | DESIGNATION | EDUCATIONAL QUALIFICATION |
|---|---|---|---|---|
| 1 |  | MS. M. S. RANA | PEON- TRUST APPOINTED | H.S.C. |
| 2 |  | MR. K. B. KHARADI | PEON- TRUST APPOINTED | S. S.C. |
| 3 |  | MR. V. R. RANA | PEON- TRUST APPOINTED | S.S.C. |

| | | | | |
|---|---|---|---|---|
| 4 |  | MR. R G RANA | PEON- TRUST APPOINTED | H.S.C. |
| 5 |  | MS.R.B.HARIJAN | PEON- TRUST APPOINTED | 7TH STANDARD |

| અનુક્રમણિકા | | |
|---|---|---|
| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
| ૧ | પ્રમુખશ્રીનું નિવેદન | I |
| ૨ | ઉપપ્રમુખશ્રીનું નિવેદન | II |
| 3 | મંત્રીશ્રીનું નિવેદન | III |
| ૪ | આચાર્યશ્રીનું નિવેદન | IV થી VI |
| ૫ | સંસ્થાના ઉદાર દાતાશ્રીઓ અને પદાધિકારીઓ | VII |
| ૬ | સંખેડા કૉલેજ પરિવાર | VIII થી XI |
| ૭ | વિદ્યાર્થીઓની સંખ્યા: વર્ષ ૨૦૧૮-૨૦૧૯ થી ૨૦૨૪-૨૦૨૫ | 1 |
| ૮ | શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પરિણામો: એપ્રિલ -૨૦૨૪ | 2 |
| ૯ | વર્ષ દરમ્યાન થયેલ વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિઓ | 3 થી 37 |
| ૧૦ | વર્ષ દરમ્યાન અધ્યાપકો દ્વારા કોલેજ બહાર આપેલ સેવાની વિગતો | 38 થી 39 |
| ૧૧ | એન.એન.એસ. વાર્ષિક શિબિરનો અહેવાલ | 40 થી 42 |
| ૧૨ | વર્ષ દરમ્યાન થયેલ રમત-ગમતની પ્રવૃતિઓનો અહેવાલ | 43 થી 48 |
| ૧૩ | અધ્યાપકોના લેખો | 49 થી 108 |
| ૧૪ | અધ્યાપકો દ્વારા વર્ષ દરમ્યાન રજું કરવામાં આવેલ/પ્રકાશિત થયેલ પેપર | 109 થી 111 |
| ૧૫ | સંખેડા કોલેજ : સમાચાર પત્રોની નજરે | 112 થી 117 |

❖ વિદ્યાર્થીઓની સંખ્યા :-વર્ષ-૨૦૧૮-૨૦૨૪

| B.Com. | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| YEARS | OPEN | | | S. C. | | | S. T. | | | PH. | | | S.E.B.C. | | | E.W.S. | | | OTHERS | | | TOTAL | | |
| | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. |
| 2018-2019 | 8 | 12 | 20 | 2 | 1 | 3 | 4 | 5 | 9 | 0 | 0 | 0 | 21 | 13 | 34 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 35 | 31 | 66 |
| 2019-2020 | 13 | 15 | 28 | 1 | 2 | 3 | 2 | 9 | 11 | 0 | 0 | 0 | 23 | 28 | 51 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 39 | 54 | 93 |
| 2020-2021 | 8 | 5 | 13 | 1 | 1 | 2 | 8 | 10 | 18 | 0 | 0 | 0 | 11 | 12 | 23 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 29 | 28 | 57 |
| 2021-2022 | 8 | 12 | 20 | 2 | 2 | 4 | 13 | 8 | 21 | 0 | 0 | 0 | 20 | 24 | 44 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 43 | 46 | 89 |
| 2022-2023 | 14 | 20 | 34 | 2 | 2 | 4 | 19 | 10 | 29 | 0 | 0 | 0 | 24 | 32 | 56 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 59 | 64 | 123 |
| 2023-2024 | 32 | 20 | 52 | 2 | 2 | 4 | 9 | 9 | 18 | 0 | 0 | 0 | 14 | 16 | 30 | 3 | 0 | 3 | 0 | 0 | 0 | 60 | 47 | 107 |
| 2024-2025 | 33 | 26 | 59 | 1 | 0 | 1 | 16 | 5 | 21 | 0 | 0 | 0 | 19 | 27 | 46 | 1 | 1 | 2 | 0 | 0 | 0 | 70 | 59 | 129 |

| B.A. | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| YEARS | OPEN | | | S. C. | | | S. T. | | | PH. | | | S.E.B.C. | | | E.W.S. | | | OTHERS | | | TOTAL | | |
| | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. |
| 2018-2019 | 10 | 13 | 23 | 6 | 6 | 12 | 13 | 24 | 37 | 0 | 0 | 0 | 34 | 61 | 95 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 63 | 104 | 167 |
| 2019-2020 | 16 | 20 | 36 | 2 | 4 | 6 | 17 | 27 | 44 | 0 | 0 | 0 | 60 | 49 | 109 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 95 | 100 | 195 |
| 2020-2021 | 16 | 21 | 37 | 5 | 10 | 15 | 16 | 21 | 37 | 0 | 0 | 0 | 39 | 70 | 109 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 76 | 122 | 198 |
| 2021-2022 | 11 | 21 | 32 | 4 | 4 | 8 | 21 | 23 | 44 | 0 | 0 | 0 | 60 | 51 | 111 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 96 | 99 | 195 |
| 2022-2023 | 21 | 37 | 58 | 2 | 6 | 8 | 36 | 37 | 73 | 0 | 0 | 0 | 91 | 111 | 202 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | 150 | 192 | 342 |
| 2023-2024 | 50 | 55 | 105 | 2 | 11 | 13 | 29 | 37 | 66 | 0 | 0 | 0 | 65 | 78 | 143 | 2 | 1 | 3 | 0 | 0 | 0 | 148 | 182 | 330 |
| 2024-2025 | 15 | 11 | 26 | 5 | 1 | 6 | 18 | 18 | 36 | 0 | 0 | 0 | 66 | 65 | 131 | 1 | 1 | 2 | 0 | 0 | 0 | 105 | 96 | 201 |

## Shree Govind Guru University Examination - Result March-April 2024

| Semester | First Class With Distinction | First Class | Higher Second Class | Second Class | Pass Class | Absent | Not Cleared | Withheld | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|
| B.A. Semester-6 | 0 | 3 | 16 | 34 | 70 | 1 | 13 | 42 | 179 |
| B.Com. Semester-6 | 3 | 2 | 2 | 12 | 24 | 2 | 11 | 19 | 75 |

# વર્ષ દરમ્યાન થયેલ વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિઓ

**1) વૃક્ષારોપણ કાર્યક્રમ** ( એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી )

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ.યુનિટ અને સંખેડા તાલુકા કાનૂની સમિતિના સંયુક્ત ઉપક્રમે સંખેડા કોલેજના કમ્પાઉન્ડમાં તા.૪ જુલાઈ ૨૦૨૪નાં રોજ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો તથા આચાર્યશ્રી ડૉ. દીપકભાઈ પટેલ અને શૈક્ષણિક સ્ટાફ તથા વહીવટી સ્ટાફના કર્મચારીઓ પણ જોડાયા હતા. આ ઉપરાંત સંખેડા તાલુકા કાનૂની સેવા સમિતિ સંખેડામાંથી શ્રી જશુભાઈ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રિયકાંત શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર કોલેજ પરિવારે સહકાર આપ્યો હતો.



## (2)ઇનોવેશન લેવલ ૨ ટ્રેનીંગ ( ઇનોવેશન કલ્બ કન્વીનર--ડૉ.દિવ્યાંગ કે વ્યાસ )

**તારીખ:** 18/07/2024 **અને** 19/07/2024

**કાર્યક્રમ: ઇનોવેસન અંતર્ગત બે દિવસના પ્રબોધ લેવલ ટ્રેનિંગ**

### કાર્યક્રમની વિગતવાર માહિતી:


વડોદરા છોટા ઉદેપુર 20-07-202

**સંખેડા કોલેજના વિદ્યાર્થીઓને પ્રબોધ લેવલ અંગે તાલીમ આપવામાં આવી**

સંખેડા | ગુજરાત રાજ્ય સરકાર (KCG) દ્વારા આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં તા. 18 અને 19 જુલાઈના રોજ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી અંતર્ગત બે દિવસનો પ્રબોધ લેવલ ટ્રેનિંગ કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજી શીખવા, પોતાનો બિઝનેસ શરૂ કરવા, કંઈક નવું શીખી આત્મનિર્ભર બનવા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈનોવેશન ક્લબ કોઓર્ડિનેટર ડો. દિવ્યાંગ કે વ્યાસ દ્વારા કરાયું હતું.

1. કાર્યક્રમની ઉદ્દેશ્ય: રાજ્ય સરકાર (KCG) દ્વારા આયોજિત આ બે દિવસીય ટ્રેનિંગ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીને નવી ટેકનોલોજી વિશે જ્ઞાન પ્રાપ્ત કરાવવા, પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે માર્ગદર્શન આપવા, આત્મનિર્ભર બનવા માટે પ્રેરણા આપવા અને ઇનોવેશન (સંશોધન) કરવાના સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો.
2. પ્રવૃત્તિ: કાર્યક્રમના બે દિવસ દરમિયાન, વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજી, બિઝનેસ સ્ટાર્ટઅપ, અને ઇનોવેશન વિશે પ્રાયોગિક અને સિદ્ધાંત જ્ઞાન આપવામાં આવ્યું. તેમના સ્વયં નિર્ભર થવા અને નવા વિચારોથી નવા ઉદ્યોગ સ્થાપવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું.
3. ભાગીદારી: આ ટેકનોલોજી અને ઇનોવેશન વિષયક ટ્રેનિંગમાં આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડાના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. તેમની હકારાત્મક ચિંતનશીલતા અને ઉપસ્થિતિ આ કાર્યક્રમની સફળતા માટે ખૂબ જ ઉપયોગી રહી.
4. સંચાલન: સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇનોવેશન ક્લબ કોર્ડીનેટર, ડૉ. દિવ્યાંગ કે વ્યાસ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ડૉ. દીપકભાઈ વી પટેલના માર્ગદર્શન હેઠળ સંચાલિત થયો હતો. તેઓએ આ કાર્યશાળાના સમગ્ર આયોજન અને અમલમાં સક્રિય ભૂમિકા નિભાવી.
5. સ્ટાફ અને સહયોગ:આ કાર્યક્રમના આયોજન અને સફળતામાં કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા પૂરતો સહયોગ અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સ્ટાફના યોગદાન અને વિદ્યાર્થીઓના ઉત્સાહથી આ કાર્યક્રમ સફળ રહ્યો.

ઉપસંહાર: ઇનોવેશન કલ્બ અંતર્ગત આયોજિત આ પ્રબોધ લેવલ ટ્રેનિંગ કાર્યક્રમ વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજી, બિઝનેસ શરૂ કરવા, અને ઇનોવેશન વિશે દિશા નિર્દેશ આપતું એક મહત્ત્વપૂર્ણ પગલું હતું. આ કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓને નવું શીખવા અને આત્મનિર્ભર બનવાની દિશામાં વધુ માર્ગદર્શન મળી રહ્યું છે.







(3)સંશોધન પ્રક્રિયા- વિષય ઉપર પીએચ.ડી. ના શોધાર્થીઓ માટે વ્યાખ્યાન(-ડૉ.દિવ્યાંગ કે વ્યાસ )

તારીખ:૦૧/૦૮/૨૦૨૪

સ્થાનઃ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા (ઓન લાઈન મોડ)

પ્રસંગ:



સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટસ કોલેજ અને ધી સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડા ના પ્રાધ્યાપક ડો. દિવ્યાંગ કે વ્યાસ દ્વારા ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે પીએચ. ડી. કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ચાલી રહેલ પ્રીપીએચ.ડી. કોર્સવર્ક સંદર્ભે "સંશોધન પ્રક્રિયા" (**Research Process)** વિષય પર એક વ્યાખ્યાન આપવામાં આવ્યું.

આ કોર્સ વર્ગમાં ગુજરાત તથા દેશની અગ્રણી યુનિવર્સિટીઓમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત અને ઉદ્યોગજગત સાથે સંકળાયેલા અને તાજેતરમાં યુનિવર્સિટીના પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.



દિવ્ય ભાસ્કર વડોદરા છોટા ઉદેપુર 02-08-2024

સંખેડા કોલેજના ઇતિહાસમાં પ્રથમ વખત પ્રોફેસર પી.એચ.ડી. ગાઈડ બન્યા

**સંખેડાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં 'સંશોધન પ્રક્રિયા' ઉપર વ્યાખ્યાન યોજાયું**

યુનિવર્સિટીના પીએચડી કોર્સમાં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ કોલેજ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડાના પ્રાધ્યાપક ડો.દિવ્યાંગ કે. વ્યાસ દ્વારા ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે પીએચ.ડી. કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ચાલી રહેલ પ્રી. પીએચ.ડી. કોર્સવર્ક સંદર્ભે 'સંશોધન પ્રક્રિયા (Research Process)' વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ કોર્સ વર્ગમાં ગુજરાત તેમજ દેશની અગ્રણી યુનિવર્સિટીઓમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત તેમજ ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા અને તાજેતરમાં યુનિવર્સિટીના પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તેમજ સંસ્થાના આચાર્યએ સંસ્થાના ઇતિહાસમાં પ્રથમવાર પીએચ.ડીના ગાઈડ બનેલ એવા ડો. દિવ્યાંગ કે.વ્યાસને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા. તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તરો ઉત્તર પ્રગતિ કરતા રહે અને સંસ્થાનું નામ રોશન કરે એવી શુભેચ્છા પાઠવી હતી. હાલમાં ડો. વ્યાસના માર્ગદર્શન હેઠળ 4 વિદ્યાર્થીઓ પીએચ.ડીનું રિસર્ચ કાર્ય કરી રહ્યા છે. સંસ્થામાં કાર્યરત સમગ્ર અધ્યાપકગણે ડો.દિવ્યાંગ કે. વ્યાસને આ લેક્ચર લેવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીશ્રી અને સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના ઇતિહાસમાં પ્રથમવાર પીએચ.ડી.ના ગાઈડ બનનાર ડો. દિવ્યાંગ કે વ્યાસને અભિનંદન પાઠવ્યા અને શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રગતિ કરી સંસ્થાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા આપી હતી.

હાલમાં, ડો. દિવ્યાંગ કે વ્યાસના માર્ગદર્શન હેઠળ ચાર વિદ્યાર્થીઓ પીએચડીના રિસર્ચ કાર્યમાં વ્યસ્ત છે. આ લેકચર અને પ્રસંગને લઈ સંસ્થામાં કાર્યરત તમામ અધ્યાપકોએ ડો. દિવ્યાંગ કે વ્યાસને આ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાન માટે અભિનંદન પાઠવ્યા છે.

### (4)વિશ્વ આદિવાસી દિવસ ક્વિઝઃ (ડૉ.દિવ્યાંગ કે વ્યાસ)

પ્રોગ્રામઃ વિશ્વ આદિવાસી દિવસ ક્વિઝ

તારીખઃ ૦૭/૦૮/૨૦૨૪ થી ૧૦/૦૮/૨૦૨૪

આયોજકઃ કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટસ કોલેજ અને સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ

સંચાલનઃ

સંચાલકઃ ડો. દિવ્યાંગ કે વ્યાસ

માર્ગદર્શનઃ ડો. દીપકભાઈ વી પટેલ

સારાંશઃ સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટસ કોલેજ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડા દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ' ક્વીઝનું તા. ૦૭/૦૮/૨૦૨૪ થી તા. ૧૦/૦૮/૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવેલ હતું. આ ક્વિઝમાં સંખેડા કોલેજમાં અભ્યાસ કરતા કુલ ૧૧૮ વિદ્યાર્થીઓ તેમજ ૦૭ અધ્યાપકશ્રીઓ ભાગ લીધો હતો જેમાંથી 103 લોકો 40% થી વધુ ગુણ મેળવી માત્ર બે જ મિનિટની અંદર તેમના દ્વારા આપવામાં આવેલ ઇ-મેલ આઇડી ઉપર ડિજિટલ સર્ટિફિકેટ મેળવવા પાત્ર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય અને તમામ સ્ટાફનો મહત્વનું યોગદાન રહ્યું છે.



**(5)વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી** ( એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી )

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ.યુનિટ અને સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપક્રમે તા.08/08/2024 ના રોજ વિશ્વ આદિવાસી દિવસની પૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ અનાજ સાફ કરવું,અનાજ દળવું,અનાજ ખાંડવું, ચૂલા ઉપર રોટલા-શાક બનાવવા તેમજ ઓટલા પરિષદમાં શાકભાજી સાફ કરીને, સમારીને જેવા કામ કર્યા અને ગામડાનું દ્રશ્ય ઊભું કર્યું હતું તેમજ પરંપરાગત ટીમલી નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું.તેમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.અને સમગ્ર અધ્યાપક મિત્રોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું આ કાર્યક્રમનું સમગ્ર આયોજન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રિયંકાંત આર શ્રીમાળી ડો. રાકેશભાઈ વણકરસાધુ પ્રાધ્યાપક વર્ષાબેન પટેલ, ડૉ સાધનાબેન ટાંક પ્રા. રાજેશ્રીબેન જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ શ્રી દીપકભાઈ પટેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.






**(6)નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમ** ( એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી )

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા.૧૫/૮/ ૨૦૨૦ થી દેશના નાગરિકો માટે નશામુકત ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તે અંતર્ગત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સઅને કોમર્સ કોલેજ સંખેડામાં રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તા.૧૩/૮/૨૦૨૪ નાં રોજ નશામુકત ભારત અભિયાન કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં વિદ્યાર્થીઓને નશાના દુષણો આપી વિશે જાગૃતિ આવે તથા તેઓ પોતે સમાજને નશામુક્ત કરવામાં ફાળો આપી શકે તે માટે વિવિધ દ્રષ્ટાતો આપી આચાર્યશ્રી ડૉ દિપકભાઈ પટેલ અને પ્રા. વર્ષાબેન યુ. પટેલ,દૃષ્ટાંતો આપી આચાર્યશ્રી ડૉ. દિપકકુમાર પટેલ અને પ્રા. વર્ષાબેન પટેલ તથા ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું અને પ્રતિજ્ઞા લેવડાવી હતી. તા.૧૩/૮/૨૦૨૪ના રોજ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સાથી અધ્યાપક મિત્રોએ સક્રિય ભાગ લીધો હતો અંતે કાર્યક્રમની આભાર વિધિ ડૉ. સાધનાબેન ટાંક દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.






**(7)દેશભક્તિગીત સ્પર્ધા** (સાંસ્કૃતિક સમિતિ કન્વીનર-- ડૉ. આર. આર. વણકરસાધુ )

ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિનના પૂર્વ દિને કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજની સાંસ્કૃતિક સમિતિ અને એન. એસ. એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિગીત સ્પર્ધાનું આયોજન તા. ૧૪/૦૮/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું. કોલેજના વિદ્યાર્થી વિશાલ તડવી અને સહાયકોએ કાર્યક્રમનો સૂરીલો સંગીતમય આરંભ કરાવ્યો હતો. ત્યારબાદ કોલેજના વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાને વ્યક્ત કરતા વિવિધ દેશભક્તિગીતો રજૂ કર્યા હતા.

આ સ્પર્ધામાં કોલેજના કુલ-૩૧ જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. આ સ્પર્ધા વ્યક્તિગત(સોલો) અને ગ્રુપ- એમ બે વિભાગમાં આયોજિત કરવામાં આવી હતી. જેમાંથી વ્યક્તિગત સ્પર્ધમાં બી. એ સેમેસ્ટર-૧ની વિદ્યાર્થીનિ રાજપૂત દિપીકાબેન રાજેશભાઈ પ્રથમ ક્રમે રહ્યાં હતા. જયારે દ્વિતીય ક્રમે બી. . કોમ સેમ-૧ની વિદ્યાર્થીનિઓની તડવી સાક્ષીબેન સુનીલભાઈ તથા તૃતીય ક્રમે સંયુક્ત રીતે બી. એ. સેમ-૧ની વિદ્યાર્થીનિ રાજપૂત રેણુકા રાજેશભાઈ અને હરીજન તોરલ રાજુભાઈ રહ્યાં હતાં.

જ્યારે ગ્રુપ સ્પર્ધામાં વાસદીયા જાગૃતિબેન ભુપેન્દ્રભાઈ અને પાટણવાડીયા સ્વેની નરેન્દ્રભાઈએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. બીજા ક્રમે મન્સુરી મહેક સબ્બીરભાઈ, સુથાર ખુશી વિનોદભાઈ અને શેખ સાનિયા સલીમભાઈ રહ્યાં હતાં અને તૃતીય ક્રમે મેમેણ મુસ્કાન રફીકભાઈ અને સિંધી રોઝમીન સફીભાઇ રહ્યાં હતાં. ઉપરાંત કાર્યક્રમમાં સુમધુર બેન્જો વાજિંત્ર વગાડવા બદલ બી. કોમ. સેમ-૩ નાં વિદ્યાર્થી તડવી વિશાલભાઈ સુક્રિતભાઈને પ્રોત્સાહક પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડૉ. રાકેશભાઈ આર. વણકરસાધુ અને એન. એસ. એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રિયકાંત આર. શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્ટેજ સંચાલન ડૉ. કનુભાઈ પરમાર તથા આભારવિધિ પ્રા. રાજશ્રીબેન જોશી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ. દિપકભાઈ પટેલ સાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારનો સહકાર સાંપડ્યો હતો.



સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે સક્રિય ભાગ ભજવ્યો

## સંખેડા આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં દેશભક્તિ ગીતની સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા,14

ભારતના ૭૮ માં સ્વાતંત્ર દિન પૂર્વે કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા તથા એન.એસ.એસ.યુનિટ અને સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં આરંભે આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

કોલેજના વિદ્યાર્થી તડવી વિશાલ અને સહાયકોએ કાર્યક્રમનો સુરીલો સંગીતમય આરંભ કરી પોતાની પ્રતિભાવ્યક્ત કરતા વિવિધ ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ગ્રુપ અને વ્યક્તિગત જેવા બે વિભાગમાં ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડો.રાકેશભાઈ વણકર સાધુ તથા ડો.સાધના બેને પણ ગુજરાતી ગીતો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન સંખેડા તાલુકાના સેવા સદન દ્વારા આયોજિત તિરંગા યાત્રામાં પણ કોલેજના વિદ્યાર્થીઓએ તથા અધ્યાપકોએ સહર્ષ ભાગ લઈ યાત્રાને સફળ બનાવી હતી.કાર્યક્રમની આભાર વિધિ પ્રાધ્યાપક રાજશ્રીબેન જોશી એ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે સક્રિય ભાગ ભજવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કનુભાઈ પરમાર અને ડૉ.પી. આર.શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.






**(8)મહેંદી સ્પર્ધા-( કન્વીનર  પ્રા. વર્ષાબેન પટેલ )**

કાપડિયા એન.એમ એમ.એસ આર્ટ્સ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સંચાલિત કોમર્સ કોલેજ, સંખેડાનાં C.W.D.C. યુનિટ દ્વારા તારીખ16/08/2024ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ. સ્પર્ધામાં કુલ 11 વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું આયોજન પ્રા. વર્ષાબેન પટેલ કર્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. સાધનાબેન ટાંક અને પ્રા. ડૉ. કવિતા જોશીએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સુથાર ખુશી વી., દ્વિતીય ક્રમે મેમણ મુસ્કાન આર. તથા તૃતીય ક્રમે સિન્ધી રોજમીન એફ. અને ભોઈ ટીસા વિજેતા રહ્યાં હતાં. કોલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.





**(9)C.W.D.C. વિભાગ, કેશ ગુંફન સ્પર્ધા-૨૦૨૪-૨૫** ( કન્વીનર. પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી )

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સંચાલિત કોમર્સ કોલેજ, સંખેડાનાં C.W. D.C વિભાગને ઉપક્રમે કેશગુંફન સ્પર્ધાનું આયોજન તા.: ૧૭/૦૮/૨૦૨૪ના દિવસે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 7 વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન C.W.D.Cના કન્વીનર પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ.સાધનાબેન ટાંક અને પ્રા.ડૉ.કવિતા જોશીએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે બારિયા સ્નેહા એ., દ્વિતીય ક્રમે તડવી સાક્ષી એસ. અને તૃતીય ક્રમે સુથાર ખુશી વી. તેમજ તડવી મિલન એમ. વિજેતા રહ્યાં હતાં. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## (10)વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમ (કન્વીનર--- ડૉ. કવિતા જોશી. )

કાપડિયા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજની ઉદ્યોગ સાહસિક સમિતિ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે 'વિશ્વ ઉદ્યોગ સાહસિકતા' દિવસે કાર્યક્રમનુ આયોજન તા.21/08/2024ના રોજ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. દિપકકુમાર વી. પટેલની પ્રેરણા અને પ્રોત્સાહનથી આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના પોતાનો ઉદ્યોગ ચલાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેમાં મહેન્દ્રભાઈ ત્રિવેદી, જૈમિન સુથાર અને દીપક કુમારનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. દિપક પટેલના માર્ગદર્શનમાં ઉદ્યોગસાહસિક સમિતિના કન્વીનર ડૉ. કવિતા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. તથા ડૉ. કનુભાઈ પરમાર દ્વારા કાર્યક્રમનું સફલ સંચાલન કરવામા આવ્યું હતું, કાર્યક્રમના અંતે પ્રા.નીલા સોલંકી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.સમગ્ર સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.







**સંક્ષિપ્ત સમાચાર**

**સંખેડામાં આટ્ર્સ અને કોમર્સ કોલેજ દ્વારા વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસનુ આયોજન કરાયું**

**સંખેડા** : શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ. એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કોલેજ સંખેડા ખાતે તારીખ ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યું હતું.જેમા કોલેજ ના પોતાનો ઉદ્યોગ ચલાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નુ સમ્માન કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજ ના આચાર્ય ડો. દિપક પટેલ ના માર્ગદર્શન મા Entrepreneurship ના કન્વીનર પ્રા.ડો. કવિતા જોષી દ્વાર કરવમા આવ્યુ હતુ તથા સમગ્ર સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા માં સહયોગ આપ્યો હતો.

**(11)પોસ્ટ ઓફિસ સંખેડા દ્વારા પોસ્ટ ઓફિસની બચત યોજના વિશે માર્ગદર્શન** (એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી )

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તથા તેમનામાં બચત, વીમા પોલીસી વગેરે અંગેના અભિગમ કેળવાય તે હેતુથી ભારતીય પોસ્ટ વિભાગ પોસ્ટ ઓફિસ સંખેડાના ઉપક્રમે તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ ડભોઇ પોસ્ટ વિભાગ ઇન્સ્પેક્ટર શ્રી ચિંતન પંચાલ સાહેબે સદ્રષ્ટાંત ચર્ચા કરી હતી. સમગ્ર પોસ્ટ ઓફિસના સ્ટાફે હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડો. દિપકભાઈ પટેલ દ્વારા આવેલ સાહેબોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તથા ડૉ. રાકેશભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી અને કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી ડો. પ્રિયકાન્ત શ્રીમાળી અને પ્રા.કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ હતું.






**(12) યૌનશોષણ અંગે જાગૃતિ કેળવવા માટે ઓનલાઈન વેબિનાર** (એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર -- ડૉ. પી. આર. શ્રીમાળી )

તા.22/08/2024 ના રોજ નવી દિલ્હીનાં એન.જી.ઓ.સાક્ષીના POCSO ACT-2012 રક્ષિણ પ્રોજેક્ટ અંતર્ગત આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં કોલેજના વિદ્યાર્થીઓને બાળકોના યૌન શોષણ અંગે જાગૃતિ મળે, સમાજને તેઓ આ અંગે માહિતી આપી શકે એ રીતે સમાજ સેવાનું કાર્ય કરી શકે માટે કોલેજના એન.એસ.એસ.યુનિટ દ્વારા ઓનલાઇન વેબિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા શ્રીમતી ભારતીબેન સ્પીકર અને ટ્રેનર રક્ષિણ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને સદ્રષ્ટાંત સમજૂતિ આપવામાં આવી હતી. આચાર્યશ્રી ડો. દીપકભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રા.વર્ષાબેન પટેલે આભારવિધિ કરી હતી.સમગ્ર કાર્યક્રમ સંચાલન ડો. પ્રિયકાન્ત અને ડો.રાકેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.




## (13)'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' અને 'વીર નર્મદ જન્મજયંતિ' ઉજવણી અંગેનો પ્રવૃત્તિ અહેવાલ

### તારીખ: ૨૪ ઓગસ્ટ ૨૦૨૪, શનિવાર.

**સ્થળ: ગુજરાતી વિભાગ, કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ એસ.એન.એસ.બી.એસ.કોમર્સ કૉલેજ,સંખેડા.**



### કાર્યક્રમનું સંક્ષિપ્ત વર્ણન:

સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' અને વીર નર્મદ જન્મજયંતિની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન ડૉ. સાધના આર. ટાંક દ્વારા આચાર્યશ્રી ડૉ. દીપકકુમાર પટેલ અને પ્રા. રાજશ્રી જોશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**મુખ્ય ઘટનાઓ :**

**આચાર્યશ્રીનું પ્રાસંગિક ઉદ્દ્બોધન:** આચાર્યશ્રીએ કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસંગિક ઉદ્દ્બોધન કરીને વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા પ્રત્યે ગૌરવ વધારવા પ્રેર્યા.



**ગુજરાતી વિભાગના અધ્યક્ષાનું વક્તવ્ય:** પ્રા. રાજેશ્રી જોશીએ સ્વ. ડૉ. ચંદ્રકાન્ત શેઠને શ્રદ્ધાંજલિ આપી અને વિદ્યાર્થીઓને સાહિત્ય સંસ્કારોથી સંપન્ન બનવા પ્રેર્યા.

**વિદ્યાર્થીઓનો કાર્યક્રમ:** વિદ્યાર્થીઓએ વીર નર્મદ અને ગુજરાતી ભાષા પર વક્તવ્યો આપ્યા, ગીતો ગાયાં અને સમૂહગીતો રજુ કર્યા.

**ઉમાશંકર જોશીની જન્મજયંતિનું સ્મરણ:** પ્રા. કનુભાઈ પરમારે વિશ્વકવિ ઉમાશંકર જોશીની જન્મજયંતિ નિમિત્તે સ્મરણ કર્યું.

**શ્રદ્ધાંજલિ:**કાર્યક્રમના અંતે ડૉ. સાધના ટાંક દ્વારા કાર્યક્રમોની આભારવિધિ તેમજ ઉપસ્થિત સર્વે દ્વારા દિવંગત આચાર્ય ડૉ. લાભશંકર પુરોહિતને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.




### કાર્યક્રમનીસફળતાનાં કારણો:

-આચાર્યશ્રી, વિભાગાધ્યક્ષ અને અધ્યાપકોનું સક્રિય માર્ગદર્શન
-વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી
-ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યેનો પ્રેમ

**ભાવિ કાર્યક્રમો માટેના સૂચનો :**

-ગુજરાતી સાહિત્ય પર આધારિત નાટકોનું મંચન
-કવિતાઓની સ્પર્ધાઓ
-ગુજરાતી ભાષા પર વ્યાખ્યાનો

**નિષ્કર્ષ :** આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યેનો અભિમાન વધ્યો છે. ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તો વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાને વધુ સારી રીતે સમજી શકશે અને તેના પ્રચાર-પ્રસારમાં મદદરૂપ થશે.

## (14)નિબંધ સ્પર્ધા— ( કન્વીનર- ડૉ. કવિતા જોશી )

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન તા.02/09/2024 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું.

આ નિબંધ સ્પર્ધાના વિષયો '**ગાંધીજીના આર્થિક વિચારો**' અને '**ભારતમાં કાળા નાણા ની સમસ્યા**' હતા. આ સ્પર્ધામાં કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના કુલ-10 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અર્થશાસ્ત્રના પ્રાધ્યાપિકા ડૉ.કવિતા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું અને નિર્ણાયક કમિટી અંતર્ગત પ્રા. પરેશભાઈ પુરાણી તથા ડૉ.રાકેશભાઈ વણકરસાધુ દ્વારા સ્પર્ધાનો સફળ નિર્ણય આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ક્રમે બારીયા સ્નેહા, દ્વિતીય ક્રમે ભોઈ યોગિના અને તૃતીય ક્રમે સિંધી રોઝમિનાએ સફળતા મેળવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ.દિપકભાઈ પટેલ સાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારનો સહકાર સાંપડ્યો હતો.






**<u>(15) સંખેડા કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી</u>** ( કન્વીનર  રાજેશ્રી એચ જોશી )

તા.5 સપ્ટેમ્બરને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણના સ્મરણરૂપે શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ, સંખેડામાં પણ આ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના  ધરિયા કૃણાલસિંહ, કોળી ધર્મિષ્ઠા, તડવી મિલન, તડવી ઉર્વશી, તડવી પ્રશાંત, તરબદા દિશા, ઠાકોર ચિરાગ, સિંધી સામિયા, ભોઈ યોગિના, ભોઈ દિશા, બારીયા મમતા, કાછિયા લીઝા, રોહિત ખુશ્બુ, કુશવાહા પૂજા વગેરે વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે ફરજ બજાવી હતી.જ્યારે વાલ્મીકિ હાર્દિક, કૉમર્સ વિભાગ અને ચૌધરી રોશન આર્ટ્સ વિભાગના આચાર્ય બન્યા હતા. વિદ્યાર્થીઓ માટે આ એક વિશેષ અનુભવ રહ્યો હતો. સાથે જ એ દિવસે વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓને પણ જુદો અનુભવ થયો હતો. શિક્ષણકાર્ય પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓએ કોલેજના અધ્યાપકો અને આચાર્યશ્રી તથા ઓફિસ સ્ટાફનું પુષ્પગુચ્છ વડે સન્માન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આચાર્યશ્રી એ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું . સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી કનુભાઈ પરમારે કર્યું હતું. સમગ્ર કોલેજ પરિવારના સક્રિય સહયોગથી આ કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો.







**સંક્ષિપ્ત સમાચાર**

**સંખેડા તાલુકાની વિવિધ શાળાઓ કોલેજમાં ટીચર્સ ડેની ઉજવણી કરવામાં આવી**

**સંખેડા :** સંખેડા ખાતે આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સહિત ગામની વિવિધ શાળાઓ અને તાલુકાની વિવિધ શાળા  ખાતે આજે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિન ની ઉજવણી થઈ હતી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર પ્રોફેસર ટીચર્સ બની કોલેજ સ્કૂલના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો હતો. સારા પ્રતિષ્ઠિત વ્યક્તિ આઈ પી એસ યુ પી એસ સુધીની સફળ કારકિર્દી અપાવે છે. તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થીઓ એક દિવસના શિક્ષક બન્યા તાલુકાની વિવિધ શાળાઓ કોલેજોમાં ટીચર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

## **(16)**સાડી-ડે ની ઉજવણી-૨૦૨૪-૨૫ ( કન્વીનર. પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી )



શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે તારીખ **5/9/2024**ના રોજ ભારતીય વસ્ત્રપરિધાન 'સાડી ડે' નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. નીલાબેન સોલંકી, પ્રા.વર્ષાબેન પટેલ, પ્રા.રાજશ્રી જોશી, પ્રા.ડૉ.સાધના ટાંક અને પ્રા. ડૉ. કવિતા જોશીએ કર્યું હતું.

## (17) પોસ્ટર સ્પર્ધાનુ આયોજન-૨૦૨૪-૨૫( કન્વીનર- ડૉ. કવિતા જોશી )

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન.એસ.એસ વિભાગના સંયુકત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર સ્પર્ધાનુ આયોજન તા.25/09/2024 ના રોજ કરવામાં આવેલ હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ દિપકકુમાર વી પટેલ ની પ્રેરણા અને પ્રોત્સાહન થી આ કાર્યક્રમ નુ સફળ આયોજન દ્વારા કરવામા આવ્યુ હતુ.




શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે તારીખ ૨૫ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી ઉદ્યોગ સાહસિક સમિતી અને એન.એસ.એસ.વિભાગના સંયુકત ઉપક્રમ દ્વારા આત્મ નિર્ભર સપ્તાહ નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે તા.25/09/2024 ના રોજ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા 8 વિધાર્થીઓ દ્વારા ઉદ્યોગ સાહસિક વિષય ઉપર પોસ્ટર બનાવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજ ના આચાર્યશ્રી ડૉ. દિપક પટેલ ના માર્ગદર્શન મા ઉદ્યોગસાહસિક સમિતિના કન્વીનર ડૉ. કવિતા જોશી દ્વારા કરવમા આવ્યુ હતુ નિર્ણાયક કમિટીના અંતર્ગત પ્રો. પરેશ પુરાણી તથા પ્રો. નીલા સોલંકી દ્વારા સ્પર્ધાનું સફલ નિર્ણય કરવામાં આવ્યું હતું. જેમા પ્રથમ ક્રમ ભોઇ ટીશા અને મોરે સહદેવ, દ્વિતિય ક્રમ ભોઈ યોગિના, તૃતીય ક્રમ રોશન ચૌધરી અને હાર્દિક વાલ્મિકીએ મેળવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ.દિપકભાઈ પટેલ સાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારનો સહકાર સાંપડ્યો હતો.

(18)એક દિવસીય કાર્યશાળા-૨૦૨૪-૨૫ (કન્વીનર-- પ્રા. પરેશ પુરાણી )

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૦૬/૦૯/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ દિપકકુમાર વી. પટેલની પ્રેરણા અને પ્રોત્સાહનથી આ કાર્યક્રમનું સફળ આયોજન પ્રા . પરેશ પુરાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ એક દિવસીય કાર્યશાળા અંતર્ગત ‘વકતૃત્વ સ્પર્ધા માટે તૈયારી કેવી રીતે કરવી’ તે વિષયમાં વિષય નિષ્ણાત શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને આ કાર્યશાળાનું સફળ સંચાલન ડૉ. રાકેશ વણકરસાધુ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં કૉલેજના સમગ્ર વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો અને માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યશાળાનું સમાપન અને આભાર વિધિ ડૉ. કવિતા જોશી દ્વારા કરવામાં આવી હતી તથા સમગ્ર કોલેજ પરિવારનો સહકાર સાંપડ્યો હતો. આ કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવ્યું હતું.






(19) **વકતૃત્વ સ્પર્ધા-૨૦૨૪-૨૫** ( કન્વીનર પ્રા. પરેશ પુરાણી)

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા.૧૧/૦૯/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ દિપકકુમાર વી. પટેલની પ્રેરણા અને પ્રોત્સાહનથી આ કાર્યક્રમનું સફળ આયોજન પ્રા. પરેશ પુરાણી સાહેબ દ્વારા કરવામા આવ્યું હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું.

આ વકતૃત્વ સ્પર્ધા અંતર્ગત 'શું **આજના યુગમાં નારી સંરક્ષણ જરૂરી છે?'** વિષય રાખવામાં આવ્યો હતો. જેના અંતર્ગત કોલેજના કુલ-૦૭ જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. સ્પર્ધામાં બધા ભાગ લેનારા વિધાર્થીઓએ આ વિષય ઉપર સરસ રીતે પોતાના વિચાર વ્યક્ત કર્યા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ શ્રી મહેન્દ્ર ભાઈ ત્રિવેદી તથા કનુભાઈ પરમારની નિર્ણાયક સમિતિ દ્વારા બધા સ્પર્ધકોનું મુલ્યાંકન એમની અભિવ્યક્તિ, વિષય પ્રતિ સ્પર્ધકોની સમજ, આત્મવિશ્વાસ અને સમય મર્યાદાના આધારે સ્પર્ધાનું સફળ નિર્ણય કરવામાં આવ્યો હતો.. જેમાં પ્રથમ ક્રમ બારીયા સ્નેહા, દ્વિતીય ક્રમ સિંધી સામ્યા અને તૃતીય ક્રમ રોહિત ખુશ્બુએ મેળવ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ. દિપકભાઈ પટેલ સાહેબ, અધ્યાપક ગણ તથા સમગ્ર કોલેજ પરિવારનો સહકાર સાંપડ્યો હતો.

**(20) આરતી શણગાર સ્પર્ધા-( કન્વીનર-- પ્રા. વર્ષાબેન પટેલ )**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ. એસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાના C.W.D.C યુનિટ દ્વારા તારીખ 12/09/2024ના રોજ આરતી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 5 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.વર્ષા પટેલ કર્યું હતું. તેમજ નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળી અને પ્રા. ડૉ.રાકેશ વણકરસાધુ સાહેબે સેવાઓ આપી હતી. સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભોઈ ટીસા, દ્વિતીય ક્રમે કાછીયા હિર અને ભોઈ યોગીના તૃતીય ક્રમે માછી પાર્થ અને મોરે વિભૂતિ વિજેતા રહ્યા હતા. અંતે આભાર વિધિ પ્રા. ડૉ. કવિતા જોશીએ કરી હતી.



# સંખેડાની કોલેજ ખાતે આરતી શણગાર સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા.૧૨

સંખેડાગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એનએમએમએસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સીડબલ્યુડીસી યુનિટ દ્વારા આરતી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કુલ ૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.વર્ષા પટેલે કર્યું હતું. તેમજ નિર્ણાયક તરીકે અને પ્રા.ડો. પ્રિયકાન્ત શ્રીમાળી, પ્રા. ડો.રાકેશ વણકરે સેવાઓ આપી હતી. સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમક્રમે ભોઈ ટીસા, દ્વિતિય ક્રમે કાછીયા હિર, અને ભોઈ રોગીના તૃતીય ક્રમે, માછી પાર્થ અને મોરે વિભતિ વિજેતા રહ્યા હતા. અંતે આભાર વિધિ પ્રા. ડો.કવિતા જોષીએ કરી હતી.



**(21)પ્રસાદ સુશોભન સ્પર્ધા-૨૦૨૪-૨૫**( કન્વીનર. -- પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી )

શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ. એસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ના C.W.D.C યુનિટ દ્વારા તારીખ 13/09/2024 ના રોજ પ્રસાદ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કુલ 6 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.નીલાબેન સોલંકીએ કર્યું હતું. તેમજ નિર્ણાયક તરીકે પ્રા.ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળી અને પ્રા. ડૉ. દિવ્યાંગ વ્યાસ સાહેબે સેવાઓ આપી હતી. સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કાછીયા હીરએ., દ્વિતીય ક્રમે ભોઈ ટીશા કે., ભોઇ યોગીના, મોરે વિભૂતિ, તૃતીય ક્રમે તડવી ક્રિષ્ણા અને બારીયા તેજસ વિજેતા રહ્યાં હતાં. અંતે આભાર વિધિ પ્રા. ડૉ. સાધના ટાંકે કરી હતી.






BREAKING NEWS **મધ્ય ગુજરાત** ની **હલચલ**

સોશિયલ મીડિયા આવૃત્તિ

ભ્રષ્ટાચારીઓને ઉઘાડા પાડતું એકમાત્ર અખબાર

-: તંત્રી :-

હસમુખકુમાર રમણભાઈ વરીઆ

RNI - TC1395648

**આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં પ્રસાદ સુશોભન સ્પર્ધા યોજાઇ**

શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ના**C.W.D.C** યુનિટ દ્વારા તારીખ **13/09/2024**ના રોજ પ્રસાદ સુશોભન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમા કુલ **6** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.નીલાબેન સોલંકી એ કયું હતું.તેમજ નિર્ણાયિક તરીકે પ્રા.ડો.દિવ્યાંગ વ્યાસ અને પ્રા.ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળી સાહેબે સેવાઓ આપી હતી . સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આચાર્ય શ્રીએ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન પુરું પાડયું હતું.આ સ્પર્ધા માં પ્રથમ ક્રમે કાછીયા હિર દ્વિતિય ક્રમે ભોઈ ટીસા.ભોઈ યોગિના એને મોરે વિભતિ અને તૃતીય ક્રમે તડવી કિષના અને બારીય તેજસ વિજેતા રહ્યા હતા.અંતે આભાર વિધિ પ્રા. ડૉ.સાધના ટાંક એ કરી હતી. બ્યુરો રિપોર્ટ પ્રશાંત પરમાર.સંખેડા

જાહેરાત આપવા માટે સંપર્ક કરો સંપર્ક : 99743 34850, ઈમેઈલ : madhyagujratnihalchal@gmail.com

**(22)શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી કક્ષાની એન.એસ.એસ.ડે સિલેક્શન સ્પર્ધામાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાની વિદ્યાર્થીનિનો રંગોળી સ્પર્ધા** (એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી)

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના યજમાન પદે એમ.એમ.ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કાલોલ મુકામે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા તા.14/09/2024ના રોજ 'એન.એસ.એસ.ડે' અંતર્ગત અલગ અલગ સ્પર્ધાઓ યોજાઇ હતી. જે અનુસંધાને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાંથી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ વક્તૃત્વ સ્પર્ધમાં વાલ્મીકિ હાર્દિક, નિબંધ સ્પર્ધામાં  બારીયા સ્નેહાકુમારી અને રંગોળી સ્પર્ધામાં ભોઈ ટીશા ભાગ લીધો હતો. જેમાં રંગોળી સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ નંબર આવેલ છે. જે બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ.દિપકભાઈ પટેલ અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.





**(23)'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં પ્લાસ્ટિક મુક્ત સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ (** એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી **)**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલગ્ન આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં તા.19/09/2024 ના રોજ 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયં સેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા કોલેજની બિલ્ડીંગ, ક્લાસરૂમ તથા લાયબ્રેરીમાંથી સાફ-સફાઈ કરી અને મેદાનમાંથી કચરો તથા પ્લાસ્ટિક એકઠું કરી કેમ્પસની સફાઈ કરવામાં આવી તથા કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં કોલેજના આચાર્યશ્રી અને અધ્યાપક મિત્રોએ પણ સાથ સહકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો.પી.આર. શ્રીમાળી અને પ્રા. વર્ષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



**(24)'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં પોસ્ટર પ્રદર્શનનો કાર્યક્રમ** (એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી )

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલગ્ન આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં તા.18/09/2024 ના રોજ આચાર્યશ્રી દીપકભાઈ પટેલ તથા એન.એસ.એસ. વિભાગનાં પ્રોગ્રામ ઓફિસર ડો.પ્રિયકાન્ત શ્રીમાળીનાં માર્ગદર્શન દ્વારા ‘સ્વચ્છતા હિ સેવા’ અભિયાન અંતર્ગત સ્વચ્છતા ને લગતા ચિત્રો દોરાવી પોસ્ટર પ્રદર્શનનો કાર્યક્રમ કરવામાં આવ્યો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષાબેન પટેલ અને કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવી હતું.






**(25)ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન. એસ. એસ વિભાગના સંયુક્ત ઉપક્રમે**

**પોસ્ટર સ્પર્ધા-( કન્વીનર.-- ડૉ. કવિતા જોશી. )**

કાપડિયા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન.એસ.એસ વિભાગના સંયુકત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર સ્પર્ધાનું આયોજન તા.25/09/2024ના રોજ કરવામાં આવેલ હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ દિપકકુમાર વી પટેલની પ્રેરણા અને પ્રોત્સાહનથી આ કાર્યક્રમનું સફળ આયોજન દ્વારા કરવામા આવ્યું હતું.

શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે તારીખ ૨૫ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન.એસ.એસ.વિભાગના સંયુકત ઉપક્રમ દ્વારા 'આત્મનિર્ભર સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે તા. 25/09/2024 ના રોજ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 8 વિધાર્થીઓ દ્વારા ઉદ્યોગ સાહસિક વિષય ઉપર પોસ્ટર બનાવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજ ના આચાર્યશ્રી ડૉ. દિપક પટેલના માર્ગદર્શનમાં ઉદ્યોગસાહસિક સમિતિના કન્વીનર ડૉ. કવિતા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક કમિટીના અંતર્ગત પ્રા. પરેશ પુરાણી તથા પ્રા. નીલા સોલંકી દ્વારા સ્પર્ધાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ક્રમ ભોઇ ટીશા અને મોરે સહદેવ, દ્વિતીય ક્રમ ભોઈ યોગિના, તૃતીય ક્રમ રોશન ચૌધરી અને હાર્દિક વાલ્મિકીએ મેળવ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ.દિપકભાઈ પટેલ સાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારનો સહકાર સાંપડ્યો હતો.



**(26) 'સ્વચ્છતા હી સેવા અભિયાન' અંતર્ગત 'સ્વચ્છતા પ્રતિજ્ઞા' કાર્યક્રમ (** એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી **)**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલગ્ન આટ્ર્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન' અંતર્ગત તા.26/09/2024 ના રોજ 'સ્વચ્છતા પ્રતિજ્ઞા' કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ તથા અધ્યાપક મિત્રો અને આચાર્યશ્રી દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો.પી.આર.શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.



**(27)'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં 'જંતુનાશક દવા છંટકાવ' કાર્યક્રમ** (એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન' અંતર્ગત તા.01/10/2024ના રોજ સ્વચ્છતા માટે એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા કોલેજ કેમ્પસ તથા મેદાન અને કોલેજ બહારના રસ્તાઓમાં જ્યાં પાણી ભરેલા હતા તેમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો. જેમાં અધ્યાપક મિત્રો અને આચાર્યશ્રી પણ જોડાયા હતા તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો. પી.આર. શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.








**(28)સંખેડામાં એન.એસ.યુનિટ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં સંયુક્ત ઉપક્રમે યોગ પરિચય અને વ્યસન મુક્તિ વ્યાખ્યાન કાર્યક્રમ** (એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ એન્ડ કોમર્સ સંખેડામાં એન.એસ.યુનિટ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં સંયુક્ત ઉપક્રમે તા.05/10/2024 નાં રોજ યોગ પરિચય અને વ્યસન મુક્તિ વ્યાખ્યાન કાર્યક્રમ યોજવામાં આવ્યો. ઈ. આચાર્યશ્રી પી.એસ.પુરાણી દ્વાર આવેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી જીગ્નેશભાઈ યોગના પ્રચાર અને પ્રસારક દ્વારા યોગ વિશે પરિચય આપ્યો હતો અને ત્યારબાદ ડો. રોહિણીબેન પટેલ જિલ્લા. કો. ઓર્ડીનેટર વ્યસનમુક્તિ વિશે માહિતી આપી તથા દિલીપભાઈ સોશિયલ મીડિયા કો. ઓર્ડીનેટરે મોટીવેશનલ જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને સમગ્ર કોલેજ પરિવાર પણ ઉપસ્થિત રહ્યો હતો. આભાર વિધિ પ્રા.વર્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા.કનુભાઈ પરમાર અને ડો.પી.આર.શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.



**(29) નવરાત્રિ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ (** ડૉ. આર. આર.  વણકરસાધુ

તા.9/10/2024 નાં રોજ આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં સાંસ્કૃતિક સમિતિનાં ઉપક્રમે નવરાત્રિ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો તથા કોલેજ પરિવારે માતાજીના ગરબા રમવાનો લાભ લીધો હતો.અને આચાર્યશ્રી ડો.દીપકભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમની નોંધ લીધી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. રાકેશભાઈ અને ડો.પ્રિયકાન્ત દ્વારા કરવામાં આવ્યું હતું.









THURSDAY • 10-10-2024

**આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં નવરાત્રિ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ યોજાયો**

કમલેશ પટેલ : સંખેડા

તા.9/10/2024 નાં રોજ આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં સાંસ્કૃતિક સમિતિનાં ઉપક્રમે નવરાત્રિ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો તથા કોલેજ પરિવારે માતાજીના ગરબા રમવાનો લાભ લીધો હતો.અને આચાર્યશ્રી ડો.દીપકભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમની નોંધ લીધી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. રાકેશભાઈ અને ડો. પ્રિયકાન્ત દ્વારા કરવામાં આવ્યું હતું.

**(30) ડ્રગ્સ તથા નશાબંધી વ્યાખ્યાન કાર્યક્રમ (**એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી**)**

આજ રોજ તા.3/12/2024 શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા એન.એસ.એસ. યુનિટ અને સંખેડા તાલુકા કાનૂની સમિતિના સંયુક્ત ઉપક્રમે સંખેડા કોલેજમાં ડ્રગ્સ તથા નશાબંધી વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસિસ્ટન્ટ એડવોકેટ કુ. ખુશ્બુબેન દ્વારા તેની માહિતી આપવામાં આવી હતી. જેમની સાથે પી.એલ.વી. શ્રીમતી રશ્મિકાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા તથા આચાર્યશ્રી ડૉ. દીપકભાઈ પટેલે કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ પણ હાજરી આપી હતી અને બહુ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રિયકાંત શ્રીમાળી અને પ્રા.કનુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.








**(31)'શ્રી ગોવિંદ ગુરૂ અને માનગઢ હત્યાકાંડ' વિષયક વ્યાખ્યાન** ( ડૉ. પી. આર. શ્રીમાળી )

આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ, સંખેડા ખાતે આજરોજ તા. ૩૦-૧૨-૨૦૨૪ ના રોજ શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ઉપલક્ષમાં 'શ્રી ગોવિંદ ગુરૂ અને માનગઢ હત્યાકાંડ' વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈતિહાસ વિષયના અધ્યાપક ડૉ. પ્રિયકાન્ત આર. શ્રીમાળીએ દૃશ્ય - શ્રાવ્ય માધ્યમ દ્વારા ખૂબ રસપ્રદ અને પ્રભાવક શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. જેમાં વક્તાશ્રીએ શ્રી ગોવિંદ ગુરૂ ના વ્યક્તિત્વનો સુપેરે પરિચય આપ્યો હતો. તેમના ભગત આંદોલન અને સમાજસુધારા પ્રવૃત્તિ અંગે પણ વિદ્યાર્થીઓને વિગતવાર માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓએ રસપૂર્વક માણ્યો હતો. યુનિવર્સિટીનુઃ નામકરણ જેમના નામ ઉપરથી થયું છે તે વિરલ વ્યક્તિત્વનો વિદ્યાર્થીઓને પરિચય મળ્યો હતો.આરંભમાં આચાર્યશ્રીએ ભૂમિકા રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજેશ્રી જોશીએ કર્યું હતું.







સંક્ષિપ્ત સમાચાર

**સંખેડા ખાતે ગોવિંદ ગુરૂ અને માનગઢ હત્યાકાંડ' વિષયક વ્યાખ્યાન યોજાયું**

સંખેડા : આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ઉપલક્ષમાં 'ગોવિંદ ગુરૂ અને માનગઢ હત્યાકાંડ' વિષયક વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું. ઈતિહાસ વિષયના અધ્યાપક ડો. પ્રિયકાન્ત આર. શ્રીમાળીએ દ્રશ્ય - શ્રાવ્ય માધ્યમ દ્વારા ખૂબ રસપ્રદ અને પ્રભાવક શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. વક્તાએ ગોવિંદ ગુરૂના વ્યક્તિત્વનો સુપેરે પરિચય આપ્યો હતો.

**(32)રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી વંદના: ગીતસ્પર્ધા (આયોજક**: ડૉ. સાધના આર. ટાંક )

**તારીખ: 06, જાન્યુઆરી 2025**

હેતુ:

શ્રી ઝવેરચંદ મેઘાણીની સાહિત્યિક યાત્રા થકી યાદ કરીને શ્રદ્ધાંજલિ આપવાના ઉદ્દેશ સાથે વિદ્યાર્થીઓમાં સાહિત્ય પ્રત્યે રસ જગાવવો અને મહાન સાહિત્યકારની રચનાઓને વંદન કરવા માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રવૃત્તિનું વર્ણન:**

આ સ્પર્ધામાં કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ શ્રી મેઘાણી લિખિત, સંપાદિત અને અનુવાદિત ગીતોનું ગાન કર્યું. દરેક વિધાર્થીએ પોતાના પ્રતિભાશાળી પ્રદર્શન દ્વારા મેઘાણીજીના સાહિત્યના મહત્ત્વને ઉજાગર કર્યું.



**વિજેતાઓ:**

**પ્રથમ સ્થાન:**

1. ઘરિયાકૃણાલ

1. રાજપૂત દીપિકા

**દ્વિતીય સ્થાન:**

2. હરિજન તોરલ



**તૃતીય સ્થાન:**

3. તડવી જય

**આયોજક અને માર્ગદર્શન:**

આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણા અને પ્રત્સાહન

પ્રા. રાજશ્રીબેન જોશીનું માર્ગદર્શન

સમગ્ર આયોજન ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવ્યું

**નિર્ણાયક મંડળ:**

ડૉ. દિવ્યાંગ વ્યાસ

ડૉ. કવિતા જોશી

સંચાલન:

ડૉ. કનુભાઈપરમાર

**વિશેષ લક્ષણ:**

આ કાર્યક્રમ કોલેજના અધ્યાપકગણ અને કૉલેજ પરિવારની સંપૂર્ણ સહભાગીતાથી સફળ રીતે સંચાલિત થયો. વિદ્યાર્થીઓના ઉત્સાહભર્યા પ્રદર્શન અને સંગઠનના શ્રેષ્ઠ આયોજનના કારણે આ કાર્યક્રમ ખાસ નોંધપાત્ર બન્યો.

**નિષ્કર્ષ:**

આ ગીત સ્પર્ધાના માધ્યમથી વિદ્યાર્થીઓએ શ્રી ઝવેરચંદ મેઘાણીના સાહિત્યને બિરદાવી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ ઉપરાંત, આ સ્પર્ધાએ વિદ્યાર્થીઓને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે ઉત્તમ મંચ પૂરું પાડ્યું.


UDHYAM REG NO : GJ-28-0003805

મધ્ય ગુજરાતનો અવાજ

સોશિયલ મીડિયા આવૃત્તિ

BREAKING NEWS

સમાચાર આપવા માટે સંપર્ક : હસમુખ આર વરીઆ સંપર્ક : 9974334850

**શ્રી ઝવેરચંદ મેઘાણી વંદના ગીતસ્પર્ધાનું સંખેડામાં આયોજન**

શ્રી કાપડિયા એન. એમ. એમ. એસ આર્ટ્સ એન્ડ ધી એસ. એન. એસ. બી. એસ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે, ગુજરાતી વિભાગ દ્વારા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી વંદના ગીતસ્પર્ધાનું આયોજન થયું. આ સ્પર્ધામાં આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓએ મેઘાણીજીના ગીતો રજૂ કરીને શ્રદ્ધાંજલિ આપી.

**વિજેતા વિદ્યાર્થીઓ**

- પ્રથમ સ્થાને: ઘરિયા કૃણાલ, રાજપૂત દીપિકા
- દ્વિતીય સ્થાને: હરિજન તોરલ
- તૃતીય સ્થાને: તડવી જય


આ કાર્યક્રમનું આયોજન ડૉ. સાધના ટાંક દ્વારા પ્રા. રાજશ્રીબેન જોશીના માર્ગદર્શન હેઠળ થયું, જેમાં કૉલેજ આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણા મહત્વપૂર્ણ રહી. ડૉ. દિવ્યાંગ વ્યાસ અને ડૉ. કવિતા જોશીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી, જ્યારે ડૉ. કનુભાઈ પરમારે સંચાલન કર્યું.

કૉલેજ પરિવારના સક્રિય સહયોગથી આ કાર્યક્રમ સફળ થયો.

Follow us on Facebook, Twitter, Instagram, and YouTube for the fastest breaking news updates.



**(33) ગણતંત્ર દિવસ ક્વિઝ 2025 ( SSIP કન્વીનર -- ડૉ.દિવ્યાંગ કે વ્યાસ)**




તારીખ: 07/01/2025 થી 26/01/2025
સ્થળ: આર્ટસ અને કોમર્સ કોલેજ, સંખેડા
આયોજક: આર્ટસ અને કોમર્સ કોલેજ, સંખેડા
કાર્યક્રમ: ગણતંત્ર દિવસ ક્વિઝ 2025
કાર્યક્રમની વિગતવાર માહિતી:

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટસ કોલેજ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડા દ્વારા ગણતંત્ર દિવસ ક્વિઝ 2025 નું આયોજન

સંખેડા: સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટસ કોલેજ અને ધી સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડા દ્વારા ગણતંત્ર દિવસ ક્વિઝ 2025 નું આયોજન તા. 07/01/2025 થી 26/01/2025 સુધી કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં સમગ્ર ગુજરાત રાજ્યની કોલેજો તેમજ શાળાઓમાંથી કુલ 1248 વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં 738 (59.13%) સ્પર્ધકોએ 40% થી વધુ ગુણ મેળવી માત્ર બે મિનિટની અંદર તેમના ઇ-મેલ આઈડી પર ડિજિટલ સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું હતું.

રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ અને શાળાઓના પ્રાધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં પ્રોત્સાહિત કરી આ સ્પર્ધામાં ભાગ લેવડાવવામાં આવ્યો, જે અત્યંત સરાહનીય કાર્ય હતું. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવા તેમજ જ્ઞાન વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના કોમર્સ એન્ડ એકાઉન્ટન્સી વિભાગના પ્રાધ્યાપક ડો. દિવ્યાંગ કે. વ્યાસ દ્વારા સંસ્થાના આચાર્યશ્રી ડો. દીપકભાઈ વી. પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. સમગ્ર સ્ટાફ દ્વારા પણ આ કાર્યક્રમની સફળતા માટે મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય મહત્વના વિષયોમાં ભાગ લેવા માટે પ્રેરણા મળી અને ભવિષ્યમાં આવા શૈક્ષણિક કાર્યક્રમો વધુ યોજી શકાય તે માટે પ્રોત્સાહન મળ્યું.

**(34) રાષ્ટ્રીય મતદાતા દિવસ કાર્યક્રમ** ( એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી )

આજ રોજ તા.25/01/2025 શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ.વિભાગ દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંખેડા તાલુકા સેવા સદનના નાયબ મામલતદાર શ્રી જીગ્નેશ ભાઈ રોહિત ઉપસ્થિત રહી કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું કોલેજના આચાર્યશ્રી ડૉ.દીપકભાઈ પટેલ દ્વારા કાર્યક્રમને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું.તથા ડૉ.પી.આર.શ્રીમાળી દ્વારા મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમમાં અધ્યાપક મિત્રો પણ હાજર રહ્યા હતા તથા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.કાર્યક્રમનાં અંતે આભાર વિધિ પ્રાધ્યાપક વર્ષાબેન દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.





**(35) SSIP લેવલ ૨– વર્કશોપ ( SSIPકન્વીનર--ડૉ.દિવ્યાંગ કે વ્યાસ )**

**તારીખ:** 03/02/2025 **અને** 04/03/2025

**કાર્યક્રમ: ઇનોવેસન અંતર્ગત બે દિવસની ટ્રેનિંગ**

**કાર્યક્રમની વિગતવાર માહિતી:**

***સર્જનાત્મકતાને શક્તિ આપતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા***

**સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડાએ પોતાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને નવીનતા વિકાસ માટે મહત્વપૂર્ણ પહેલ કરી છે. માનનીય પ્રિન્સિપાલ ડો. દિપકકુમાર વી પટેલના દૂરસંદર્શન હેઠળ, કોલેજના ઇનોવેશન ક્લબ દ્વારા બે દિવસીય તકનીકી તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું.**

**સર્જનાત્મકતાને શક્તિ આપતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા**



**સંખેડા :** સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડાએ તેમના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને નવીનતા વિકાસ માટે એક યાત્રાની શરૂઆત કરી છે. માનનીય પ્રિન્સિપાલના દૂરસંદર્શન હેઠળ, કોલેજના ઇનોવેશન ક્લબ દ્વારા બે દિવસીય તકનીકી તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું.સંસ્થાના મલ્ટીમીડિયા હોલમાં આ તાલીમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

**ઉદ્ઘાટન અને શરુઆત**

**સંસ્થાના મલ્ટીમીડિયા હોલમાં આ તાલીમ સત્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જેમાં પ્રિન્સિપાલ ડો. દિપકકુમાર વી પટેલ અને** IQAC **સંકલક પ્રો. પરેશભાઈ એસ પુરાણીની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી. પ્રિન્સિપાલ ડો. દિપકકુમાર વી પટેલના ઉષ્માભર્યા સ્વાગત પ્રવચન દ્વારા ઉદ્ઘાટન સત્રની શરૂઆત થઈ.**

**વિશિષ્ટ પ્રસ્તુતિ અને તાલીમ**

**ઇનોવેશન ક્લબના સંકલક ડો. દિવ્યાંગ કે વ્યાસે** KCG**ના પ્રતિષ્ઠિત ટ્રેનર શ્રી અંશ સેટ્ટીનો પરિચય આપ્યો. શ્રી અંશ સેટ્ટીને પુસ્તક રૂપિ પુષ્પ આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ડો. દિવ્યાંગ કે વ્યાસે ઇનોવેશન ક્લબની દૃષ્ટિ અને અગાઉની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી, જે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસાવવા માટે આયોજિત કરવામાં આવી હતી.**

**વિદ્યાર્થીઓ માટે નવા અવસર**

**સરકાર દ્વારા સ્થાપિત આ ઇનોવેશન ક્લબ, ગેર-તકનીકી (**Non-Technical**) વિદ્યાર્થીઓને નવીન વિચારો વિકસાવવામાં પ્રોત્સાહિત કરવા અને સ્ટાર્ટઅપ જગતમાં તેમનું માર્ગદર્શન કરવા માટે રચાઈ છે. આ પહેલ વિદ્યાર્થીઓને તેમના વિચારોને હકીકતમાં પરિવર્તિત કરવા માટે જરૂરી કુશળતાઓ પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે.**

**આ તાલીમ બે તબક્કામાં યોજાય છે, જેમાં દરેક તબક્કો બે દિવસનો હોય છે. અત્રે આરંભાયેલા દ્વિતીય તબક્કામાં ૩૭ વિદ્યાર્થીઓની ઉત્સાહભરી ભાગીદારી જોવા મળી, જે સંસ્થાના ઉત્કર્ષ માટે હકારાત્મક સંકેત છે.**

**તાલીમની સમાપ્તિ ઇતિહાસ વિભાગના અને ઇનોવેશન ક્લબના સહ-સંકલક ડો. પ્રિયકાન્ત આર શ્રીમાળીએ આભારવિધી સાથે કરી, જેમાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર દરેકનો આભાર માન્યો. આ બે દિવસીય ઇનોવેશન તાલીમ એક પરિવર્તનશીલ અનુભવ સાબિત થશે, જે વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મકતા વિકસાવવાની અને નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની દિશામાં આગળ વધવાની શક્તિ આપશે.**

**આ સમગ્ર તાલીમને કોલેજના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક સ્ટાફ દ્વારા વધાવી લેવામાં આવી. આ પહેલ સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માટે એક નવી દિશા તરફ આગળ વધવાનો એક મહત્વપૂર્ણ પગથિયું સાબિત થશે.**

## વર્ષ દરમ્યાન અધ્યાપકો ધ્વારા કોલેજ બહાર આપેલ સેવાની વિગતો

| ક્રમ | અધ્યાપકનું નામ | કોલેજ બહાર કરેલ કામગીરી |
|---|---|---|
| ૧ | ડૉ . દીપકકુમાર . વિ. પટેલ | ➢ તા. ૦૯/ ૦૮ / ૨૦૨૪ ના રોજ આર્ટસ,,કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, બોરસદ ખાતે વિદ્યાર્થીઓને માર્કેટિંગ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યુ.<br>➢ કોમર્સ કોલેજ સાવલી તેમજ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ દેવગઢ બારીયા ખાતે હાલમાં જ થયેલ અધ્યાપક સહાયક નિમણૂકના ઇન્ટરવ્યૂમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા તરફથી વિષય નિષ્ણાત તરીકે સેવા આપી.<br>➢ સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર સંલગ્ન સી પી પટેલ એન્ડ એફ કોમર્સ કોલેજ ના બોર્ડ ઓફ સ્ટડીઝમાં કોમર્સ વિષયના નિષ્ણાત તરીકેની સેવા આપી. |
| ૨ | પ્રા. પી. એસ. પુરાણી | ➢ ગોધરા ,ઝાલોદ અને દાહોદ કોલેજોમાં હાલમાં જ થયેલ અધ્યાપક સહાયક નિમણૂકના ઇન્ટરવ્યૂમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા તરફથી વિષય નિષ્ણાત તરીકે સેવા આપી.<br>➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં CAS અંતર્ગત "સ્ક્રિનિંગ કમ ઇવેલ્યુએશન સમિતિમાં" સભ્યપદ પ્રાપ્ત થયું છે.<br>➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝમાં સભ્યશ્રી (vice- chancellor nominated)તરીકે તા ૩૧/૧૨/૨૦૨૪થી સેવા આપી રહ્યા છે. |
| ૩ | પ્રા.એન. કે. સોલંકી | ➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કોમર્સ વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝમાં સભ્યશ્રી (vice- chancellor nominated)તરીકે તા ૩૧/૧૨/૨૦૨૪થી સેવા આપી રહ્યા છે. |
| ૪ | પ્રા. વિજય એન. ગામીત | ➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના આંતર કોલેજ સ્પર્ધા તા.૧૩/ ૦૮/ ૨૦૨૪ શ્રી જાનકી વલ્લભ આટ્ર્સ કોલેજ એન્ડ શ્રી મનુભાઈ સી.પટેલ કોમર્સ કોલેજ મુવાલ ખાતે બાઇઓ-બહેનો ચેસની સ્પર્ધામાં રેફરી તરીકે કામગીરી બજાવેલ છે.<br>➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના આંતર કોલેજ સ્પર્ધા તા.૨૧/ ૦૮/ ૨૦૨૪ સરાકારી વિનયન કોલેજ શહેરા (જિ.પંચમાહાલ)ખાતે ભાઈઓ-બહેનો કોર્સ-કન્ટ્રી ની સ્પર્ધામાં રેફરી તરીકે કામગીરી બજાવેલ છે.<br>➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના આંતર કોલેજ સ્પર્ધા તા.૦૭/ ૧૦/ ૨૦૨૪ શેઠ ટી.સી.કાપડીયા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ બોડેલી ખાતે કબ્બડી બહેનો ની સ્પર્ધામાં રેફરી તરીકે કામગીરી બજાવેલ છે.<br>➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના આંતર કોલેજ સ્પર્ધા તા.૨૧/ ૧૦/ ૨૦૨૪ શેઠ ટી.સી.કાપડીયા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ બોડેલી ખાતે ખોખો ભાઈઓની સ્પર્ધામાં રેફરી તરીકે કામગીરી બજાવેલ છે.<br>➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના આંતર કોલેજ સ્પર્ધા તા.૦૬-૦૭/ ૧૨/ ૨૦૨૪ સ્પોર્ટ કોમ્પલેક્ષ ગોધરા ખાતે ભાઈઓ-બહેનોની |

| | | |
|---|---|---|
| | | એથ્લેટીક-મીટ સ્પર્ધામાં રેફરી તરીકે કામગીરી બજાવેલ છે. |
| ૫ | પ્રા. પ્રણય એન.શ્રીવાસ્તવ | ➢ ૧૮ ઓક્ટોબર ૨૦૨૪ - યુવા મહોત્સવ SGGU, વિન્ઝોલ - ઇવેન્ટ ઇન્ચાર્જ (ઓન ધ સ્પોટ ફોટોગ્રાફી) તરીકે કામગીરી કરી.<br>➢ ૧૯ ઓક્ટોબર ૨૦૨૪ સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ નસવાડી - ઈ-મેલ લેખન અને કાળ પર પ્રવચનો આપ્યા.<br>➢ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના અંગ્રેજી વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝમાં સભ્યશ્રી (vice- chancellor nominated)તરીકે તા ૩૧/૧૨/૨૦૨૪થી સેવા આપી રહ્યા છે. |
| ૬ | પ્રા. રાજેશ્રી એચ. જોષી | ➢ તા. ૧૯-૯-૨૦૨૪, ગુરુવાર ના રોજ ગુજરાતીનો અધ્યાપક સંઘ અને એસ. સી. પટેલ આર્ટ્સ કોલેજ, સાધલીના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિદ્યા વિસ્તાર વ્યાખ્યાન માળામાં સર્જક મધુ રાયની પ્રસિદ્ધ નવલકથા 'ચહેરા' વિષયક વ્યાખ્યાન આપ્યું. |
| ૭ | ડૉ.દિવ્યાંગ કે. વ્યાસ | ➢ સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર સંલગ્ન સી પી પટેલ એન્ડ એફ કોમર્સ કોલેજ ના બોર્ડ ઓફ સ્ટડીઝમાં મેનેજમેન્ટ વિષયના નિષ્ણાત તરીકેની સેવા આપી.<br>➢ તા. ૦૧/ ૦૮/ ૨૦૨૪ ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ના Ph.D. કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ચાલી રહેલ Pre. Ph.D. કોર્સવર્ક સંદર્ભે "સંશોધન પ્રક્રિયા (Research Process)" વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું.<br>➢ તા. ૧૯/ ૧૦/ ૨૦૨૪ ના રોજ ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ નસવાડી ખાતે વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા તેમજ શેરબજારની કામગીરી વિષયો ઉપર વ્યાખ્યાન આપ્યુ. |
| ૮ | ડૉ.રાકેશભાઈ વણકરસાધુ | ➢ સરકારી વિનયન કોલેજ તિલકવાડા ખાતે વિદ્યાર્થીઓને ગુજરાતનું અર્થતંત્ર અને જાહેર અર્થ વિધાન ઉપર વ્યાખ્યાન આપ્યુ. |

એન. એસ. વિભાગ,કાપડિયા એન. એમ. એમ. એસ.  આર્ટ્સ એન્ડ ધી એસ. એન. એસ.  બેંક સાર્વ.  કોમર્સ કોલેજ, સંખેડા એન. એસ. વિભાગ( એન. એસ. એસ.પ્રોગ્રામ ઑફીસર --ડૉ. પી. આર. શ્રીમાળી)

સંખેડા તાલુકાના કાવિઠા ગામ મુકામે એન.એસ.એસ.દ્વારા સાત દિવસીય વાર્ષિક શિબિરનો સમાપન સમારોહ યોજાયો.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ, સંખેડા એન.એસ.એસ. વિભાગ દ્વારા કાવિઠા ગામ મુકામે સાત દિવસીય શિબિરનો સમાપન કાર્યક્રમ યોજાયો તેમાં ગામના સરપંચશ્રી જે.એમ.સોલંકી, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી સુખરામભાઈ રાઠવા, સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ નસવાડીના પ્રોગ્રામ ઓફિસરશ્રી યુ.જે ચૌધરી, કોલેજના પ્રિન્સિપાલ શ્રી દિપકભાઈ પટેલે કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું તથા કોલેજના અધ્યાપકશ્રીઓ અને એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં જુદા જુદા સાંસ્કૃતિક પ્રોગ્રામો અને નાટકો રજૂ કરવામાં આવ્યા હતા તથા સામુહિક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાત દિવસીય શિબિર અંતર્ગત તા.૨૭/૦૧/૨૦૨૫ થી ૦૨/૦૨/૨૦૨૫ કાવિઠા ગામ મુકામે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત પ્રથમ દિવસે શિબિરનો ઉદઘાટન સમારોહ કરવામાં આવ્યો હતો મંગલભારતીના એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર કમલેશભાઈ પરમાર દ્વારા કાર્યક્રમને અનુરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું હતું અને તે પછી ગામમાં વ્યસન મુક્ત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે પ્રાથમિક શાળાની સફાઈ, વૃક્ષારોપણ, સેલ્ફ ડિફેન્સ જેવાં કામ કરવામાં આવ્યા હતા. ત્રીજા દિવસે પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન દ્વારા ગામ સફાઈ, વૃક્ષારોપણ, શાળામાં બાળશિક્ષણ આપવામાં આવ્યું હતું. ચોથા દિવસે શહીદ દિવસ અંતર્ગત દેશભક્તિ ગીત, સુલેખન, સુવાંચન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.તથા સામાજિક આર્થિક પરિસ્થિતિ જાણવા ગામનો સર્વે કરવામાં આવ્યો હતો અને ભીંતસૂત્રો લખવામાં આવ્યા હતા. પાંચમા દિવસે લાયન્સ ક્લબ, સંખેડા દ્વારા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. છઠ્ઠા દિવસે ગામમાં કપડાં વિતરણ અને શાળાના બાળકોને કીટ આપવામાં આવી હતી તથા સાતમા દિવસે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન. એસ. એસ. વિભાગની ટીમ અને સ્વયંસેવકો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.


શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,વિંઝોલ (ગોધરા) સંલગ્ન
સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
કાપડીયા એન.એમ.એમ.એસ.આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ.બી.એસ.
કોમર્સ કોલેજ સંખેડા
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
વાર્ષિક ખાસ શિબિર વર્ષ:૨૦૨૪-૨૫
જન જાગૃતિ અને યુવા વિકાસ
તા:- 27/01/2025 થી 02/02/2025
સ્થળ:કાવિઠા, તા.-સંખેડા, જિ.-છોટાઉદેપુર
राष्ट्रीय सेवा योजना
NATIONAL SERVICE SCHEME

National Service Scheme
OPPO Reno10 Pro+ 5G
2025.01.27 11:42

National Service Scheme



National Service Scheme
Kapadia N.M.M.S. Arts College &
The N.S.Bank S.Commerce College, Sankheda





# રમત ગમતની વિવિધ પ્રવુતિઓ (૨૦૨૪ – ૨૦૨૫)

| ક્રમ | તારીખ | રમતની વિગત | ભાગ લેનાર | વિજેતા સ્પર્ધાની વિગત | સેમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૬/૦૭/-૧૨-૨૪  | એથ્લેટિક્સ મીટ ૨૦૨૪-૨૫<br>(૧૦૦, ૨૦૦, ૪૦૦-પ્રથમ, ૮૦૦, ૧૫૦૦-દ્વિતીય)<br>(૧૦૦, ૨૦૦, ૪૦૦, ૮૦૦, ૧૫૦૦- પ્રથમ) | | બેસ્ટ એથ્લેટસ :<br>(૧) રાણા અંકિત મહેશભાઇ<br>(૨) તડવી સાક્ષી સુનિલભાઈ | B.A. VI<br>B.COM.II |
| ૨ | ૩૦-૧૨-2024  | ચેસ<br>(ભાઈઓ-બહ્નો) | ૨૬ | ભાઈઓ<br>પ્રથમ : રાણા અંકિત મહેશભાઇ<br>દ્વિતીય : રાણા દેવાંશુ ભીખાભાઇ | B.A.VI<br>B.A.VI |
| | | | ૧૭ | બહેનો<br>પ્રથમ :હરીજન તોરલ રાજુભાઇ<br>દ્વિતીય : બારીયા નિરાલી રમેશભાઈ | B.A.II<br>B.A.II |
| 3 | ૩૧-૧૨-2024  | કેરમ<br>( ભાઈઓ -બહેનો | ૨૨ | ભાઈઓ<br>પ્રથમ : રાણા જિગ્નેશ મુકેશભાઇ<br>દ્વિતીય : ચૌધરી રોશન રમેશભાઇ | B.A.VI<br>B.A.VI |
| | | | ૧૪ | બહેનો<br>પ્રથમ : મોરે વિભૂતિ ભરતભાઈ<br>દ્વિતીય : હરિજન તોરલબેન રાજુભાઇ | B.A.II<br>B.A.II |
| ૪ | ૦૧-૦૧-2025  | બેડમિસ્ટન<br>( ભાઈઓ -બહેનો ) | ૩૬ | ભાઈઓ<br>પ્રથમ : રાણા જિગ્નેશ મુકેશભાઇ<br>દ્વિતીય : ચૌધરી રોશન રમેશભાઈ | B.A.VI<br>B.A.VI |
| | | | ૨૫ | બહેનો<br>પ્રથમ : સુથાર રિયા કલ્પેશભાઈ<br>દ્વિતીય : મોરે વિભૂતિ ભારતભાઈ | B.COM.IV<br>B.A.II |
| ૫ | ૦૨-૦૧-2025  | ટેબલ ટેનિસ<br>(ભાઈઓ -બહેનો) | ૧૬ | ભાઈઓ<br>પ્રથમ : તડવી કુંજ પ્રકાશભાઇ<br>દ્વિતીય : રાણા જિગ્નેશ મુકેશભાઇ | B.COM VI<br>B.A.VI |
| | | | ૦૬ | બહેનો<br>પ્રથમ : સુથાર રીયા કલ્પેશભાઈ<br>દ્વિતીય : હીર અતુલભાઈ કાછિયા | B.COM VI<br>B,CO II |

| ક્રમ | તારીખ | રમતની વિગત | ભાગ લેનાર | વિજેતા સ્પર્ધાની વિગત | સેમ |
|---|---|---|---|---|---|
| ૬ | ૦૭/૦૧/૨૦૨૫<br> | રસ્સા ખેચ (ભાઈઓ-બહેનો)<br>રનર્સઅપ :<br>B.A.VI- ધ રાયસિંગ સ્ટાર<br>રનર્સઅપ :<br>બારીયા નેહા ઈલેવન ટીમ | ૨૬ | ભાઈઓ<br>શિવાજી ટીમ -B.A Sem.VI | |
| | | | ૨૦ | બહેનો<br>સામિયા ઇલેવન ટીમ-B.A Sem.VI | |
| ૭ | ૦૪/૦૧/2025<br> | વૉલી બોલ<br>(ભાઈઓ) | ૨૪ | ભાઈઓ<br>શિવાજી ટીમ – B.A Sem.VI<br>રનર્સઅપ:<br>ધ રાયસિંગ સ્ટાર -B.A Sem.VI | |
| ૮ | ૦૭-૦૧-૨૦૨૫<br> | સંગીત ખુરશી | ૨૧ | બહેનો<br>પ્રથમ: સુથાર પૂજા કિરણભાઈ<br>દ્વિતીય: રાણા કિંજલ સનુંભાઈ | B.A.VI<br>B.COM. IV |
| ૯ | ૦૭/૦૧/૨૦૨૫<br> | લીંબુ ચમચી | ૧૯ | બહેનો<br>પ્રથમ: કુશવાહા પૂજા રામશીષસિંહ<br>દ્વિતીય : ખરાદી રીયા કલ્પેશભાઇ | B.COM IV<br>B.COM IV |
| ૧૦ | ૧૬/૦૧/૨૦૨૫થી<br>૨૦/૦૧/2025<br> | ઇન્ટર ક્લાસીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ટીમોએ ભાગ લીધો. | ૬ ટીમ | વિજેતા ટીમ<br>ધ ફોરેવેર લેજેન્સડ – B.Com. VI<br>ધ રાયસિંગ સ્ટાર લેજેન્ડસ-B.A.VI | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | ૨૨-૦૧-૨૦૨૫<br>૨૩-૦૧-૨૦૨૫<br><br><br><br> | ❖ એથ્લેટિક્સ મીટમા ડી.બી.પારેખના મેદાનમાં યોજવામાં આવી જેમાં ભાઈઓ-બહેનો થઈને ૪૫ વિધાર્થીઓએ ભાગ લીધો.<br>(૧)૧૦૦ મીટર – ભાઈઓ<br>(૨)૧૦૦ મીટર – બહેનો<br>(૩)૨૦૦ મીટર – ભાઈઓ<br>(૪)૨૦૦ મીટર - બહેનો<br>(૫)૪૦૦ મીટર - ભાઈઓ<br>(૬) ૪૦૦ મીટર – બહેનો<br>(૭)૮૦૦ મીટર – ભાઈઓ<br>(૮)૮૦૦ મીટર – બહેનો<br>(૯)૧૫૦૦ મીટર – ભાઈઓ<br>(૧૦) ૧૫૦૦ મીટર- બહેનો | ૪૫ | પ્રથમ :રાણા અંકિત મહેશભાઇ<br>દ્વિતીય : મોરે સહદેવ ભરતભાઈ<br>પ્રથમ : તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીય : મોરે વિભૂતિ ભરતભાઈ<br>પ્રથમ : રાણા અંકિત મહેશભાઇ<br>દ્વિતીય : મોરે સહદેવ ભરતભાઈ<br>પ્રથમ : તડવી સાક્ષીબેન સુનિલભાઈ<br>દ્વિતીય : મોરે વિભૂતિ ભરતભાઈ<br>પ્રથમ: રાણા અંકિત મહેશભાઇ<br>દ્વિતીય : તડવી જય હસમુખભાઈ<br>પ્રથમ: તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીય: સિંધી સામિયાબાનુ સાજીદ<br>પ્રથમ: તડવી જય હસમુખભાઈ<br>દ્વિતીય: રાણા અંકિત મહેશભાઈ<br>પ્રથમ: તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીય: સૉલકી દેવાંશી કિરીટસિંહ<br>પ્રથમઃ તડવી જય હસમુખભાઈ<br>દ્વિતીય : રાણા અંકિત મહેશભાઈ<br>પ્રથમઃ તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીય: સૉલકી દેવાંશી કિરીટસિંહ | B.A VI<br>B.COM<br>B.COM II<br>B.A II<br>B.A VI<br>B.COM II<br>B.COM.II<br>B.A.II<br>BA.AVI<br>B.A.IV<br>B.COM II<br>B.A VI<br>B.A.IV<br>B.A. VI<br>B.COM.II<br>B.A.VI<br>B.A .IV<br>B.A. VI<br>B.COM II<br>B.A.VI |

| ક્રમ | તારીખ | રમતની વિગત | ભાગ લેનાર | વિજેતા સ્પર્ધાની વિગત | સેમ |
|---|---|---|---|---|---|
| ૧૨ | ૨૩-૦૧-૨૦૨૫<br>૨૪-૦૧-૨૦૨૫<br><br><br><br> | (૧) ગોળાફેંક (ભાઈઓ)<br>(૨) ગોળાફેંક (બહેનો)<br>(૩) ચક્ર ફેંક (ભાઈઓ)<br>(૪) ચક્ર ફેંક (બહેનો)<br>(૫) બરછી ફેંક (ભાઈઓ)<br>(૬) બરછી ફેંક (બહેનો)<br>(૭) લાંબી કૂદ (ભાઈઓ)<br>(૮) લાંબી કૂદ (બહેનો)<br>(૯) લગડી ફાળ કૂદ (ભાઈઓ)<br>(૧૦) લગડી ફાળ કૂદ (બહેનો) | 12<br>૦૮<br>૧૧<br>૦૯<br>૧૨<br>૦૯<br>૧૧<br>૦૮ | પ્રથમ: બેલિમ ઝીયાન સાહીરભાઈ<br>દ્વિતીય : બારીયા રાકેશ વિનોદભાઈ<br>પ્રથમ: તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીય : સુથાર મિતાલી કિરણભાઈ<br>પ્રથમ: મોરે સહદેવ ભરતભાઈ<br>દ્વિતીય : બારીયા રાકેશ વિનોદભાઈ<br>પ્રથમ: મોરે વિભૂતિ ભરતભાઈ<br>દ્વિતીયઃ તડવી સાક્ષી સુનિલભાઈ<br>પ્રથમ: તડવી પ્રશાંત શૈલેષભાઈ<br>દ્વિતીયઃ બારીયા રાકેશ વિનોદભાઈ<br>પ્રથમઃ તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીય : તડવી ઉર્વશી કમલેશભાઈ<br>પ્રથમ: બારીયા રાકેશ વિનોદભાઈ<br>દ્વિતીયઃ તડવી જય હસમુખભાઈ<br>પ્રથમ: તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીયઃ સિંધી સામિયાબાનુ સાજીદ<br>પ્રથમ: રાણા મિતેષ રમેશભાઈ<br>દ્વિતીય તડવી જય હસમુખભાઈ<br>પ્રથમઃ તડવી સાક્ષી સુનિલભાઈ<br>દ્વિતીયઃ ત્રિવેદી આયુષી રોહિતકુમાર | **B.COM IV**<br>**B.A. IV**<br>**B.COM II**<br>**B.A.VI**<br>**B.COM II**<br>**B.A.IV**<br>**B.A.II**<br>**B.COM.II**<br>**B.A.VI**<br>**B.A.IV**<br>**B.COMII**<br>**B.A.VI**<br>**B.A.IV**<br>**B.A.IV**<br>**B.COM II**<br>**B.A.VI**<br>**B.A. VI**<br>**B.A IV**<br>**B.COM II**<br>**B.A VI** |

| ક્રમ | તારીખ | વિજેતા સ્પર્ધાની વિગત | ભાગ લેનાર | વિજેતા સ્પર્ધાની વિગત | સેમ |
|---|---|---|---|---|---|
| 1 | ૧૧-૦૮-૨૦૨૪<br> | આંતર કોલેજ વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર વિધાર્થીઓની યાદી<br>શ્રી ગોવિંદ ગુરુ યુનિ. દક્ષિણ વિભાગ આંતર કોલેજમાં ટેબલ ટેનિસ સ્પર્ધામાં વડોદરા ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ટ્રસ્ટ, કોટંબી ખાતે બે વિધાર્થીઓએ ભાગ લીધેલ છે.<br>૧) તડવી કુંજ પ્રકાશભાઈ<br>૨) પંડયા સહર ભરતભાઈ | ૨ | | B.COM VI<br>B.A IV |
| | ૧૩-૦૮-૨૦૨૪<br> | શ્રી ગોવિંદ ગુરુ યુનિ. દક્ષિણ વિભાગ આંતર કોલેજમાં ચેસ સ્પર્ધામાં બે વિધાર્થીઓએ ભાગ લીધેલ છે.<br>૧) સુથાર વિનીત હર્ષદભાઈ<br>૨) ચૌધરી રોશન રમેશભાઈ | ૨ | | B.COM IV<br>B.A VI |
| | ૨૧/૦૮/૨૦૨૫<br> | શ્રી ગોવિંદ ગુરુ યુનિ. દક્ષિણ વિભાગ આંતર કોલેજમાં ક્રોસકન્ટ્રી સ્પર્ધામાં સરકારી કોલેજ શહેરા ખાતે પાંચ વિધાર્થીઓએ ભાગ લીધેલ છે.<br>૧) ચૌહાણ નરેન્દ્ર રણજીતભાઈ<br>૨) રાણા અંકિત મહેશભાઇ<br>3) બારીયા સંદીપ સુરેશભાઇ<br>૪) તડવી કુંજ પ્રકાશભાઈ<br>૫) રાણા મીતેશ રમેશભાઈ | ૫ | | B.COM IV<br>B.A VI<br>B.A IV<br>B.COM IV<br>B.A VI |
| | ૨૨-૦૮-૨૦૨૫<br> | શ્રી ગોવિંદ ગુરુ યુનિ. દક્ષિણ વિભાગ આંતર કોલેજમાં બેડમિન્ટન સ્પર્ધામાં.વિ. એમ.એસ.એસ. સ્પોર્ટસ કોમ્પલેક્ષ પરિવાર ચોકડી, વડોદરા ખાતે બે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે.<br>૧) તડવી કુંજ પ્રકાશભાઈ<br>૨) રાણા જીગ્નેશ મુકેશભાઇ | ૨ | | B.COM IV<br>B.A VI |

| ક્રમ | તારીખ | વિજેતા સ્પર્ધાની વિગત | ભાગ લેનાર | વિજેતા સ્પર્ધાની વિગત | સેમ |
|---|---|---|---|---|---|
| ૨ | ૧૨-૦૯-૨૦૨૪<br> | શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. દક્ષિણ વિભાગ આંતર કોલેજમાં વેઈટ લીફટીંગ અને પાવર લીફટીંગ સ્પર્ધામાં શ્રી પી.એન.પંડયા સાયન્સ અને કોમર્સ કોલેજ, લુણાવાડા ખાતે એક વિધાર્થીએ ભાગ લીધેલ છે.<br>(૧) પાદરિયા યશ ગોપાલભાઈ | ૧ | | **B.A VI** |
| | ૦૬-૭-૧૨-૨૪<br> | શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. દક્ષિણ વિભાગ આંતર કોલેજમાં એથ્લેટીક્સ મીટ સ્પર્ધામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિ., ગોધરા ખાતે ચાર વિધાર્થીઓએ ભાગ લીધેલ છે.<br>(૧) બારીયા સંદીપભાઈ સુરેશભાઈ<br>(૨) બારીયા રાકેશકુમાર વિનોદભાઈ<br>(૩) ચૌહાણ નરેન્દ્ર રણજીતભાઈ<br>(૪) પરમાર વનરાજસિંહ જયપાલસિંહ | ૪ | | **B.A IV**<br>**B.A.IV**<br>**B.COM. IV**<br>**B.A IV** |

ISBN: 978-93-342-1979-1

# અધ્યાપકોના લેખો

## શિક્ષક દિવસની ઉજવણી

-ડૉ. દીપકકુમાર વિ. પટેલ
(આચાર્ય)

દરવર્ષે ૫મી સપ્ટેમ્બરે  દેશભરમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે. સ્કુલ અને કોલેજમાં ભણતા  વિદ્યાર્થીઓ આજના દિવસે શિક્ષકની ભૂમિકા ભજવે છે. શિક્ષકોના કામને સમજવા માટે સ્કૂલ-કૉલેજમાં સિનિયર વિદ્યાર્થીઓ પોતાના જૂનિયર્સને ભણાવવાની તક નો લાભ લે છે.

આપણા દેશની વિશેષતા એટલે ગુરુ-શિષ્ય પરંપરા. ગુરુ આપણને અજ્ઞાનતામાંથી બહાર કાઢે છે. સૌ પહેલા આપણને વિવિધ સંસ્કાર આપી સમાજમાં એકરૂપ થવાનું શીખવનારા માં-બાપ આપણા પ્રથમ ગુરુ છે. બાળપણમાં માંત-પિતા આપણને દરેક વાત શીખવે છે. સાચા-ખોટાનું, યોગ્ય-અયોગ્યનું ભાન કરાવે છે. સાથે આપણને યોગ્ય આચરણ શીખવે છે. ઉદા. તરીકે સવારે વહેલા ઉઠાવું, ધરતી માતાને વંદન કરવા, વડીલોને નમસ્કાર કેમ અને કેવી રીતે કરવા, સાંજે 'શુભમકારોતી' કહીને ભગવાન સમક્ષ દીવો પ્રગટાવવો, કારણકે દીપક અંધકાર દુર કરે છે. મિત્રોને મળતી વખતે નમસ્કાર કરવા, કારણ કે પ્રત્યેક વ્યક્તિમાં ઈશ્વર હોય છે. ઘરમાં કોઈ મહેમાન આવે તો એમનું સ્વાગત કરવું. આવી બધી અનેક વાતો  માંત-પિતા શીખવે છે, એટલે આપણા પ્રથમ ગુરૂ માં-બાપ છે તેથી આપણે એમનું સમ્માન કરવું જોઈએ અને રોજ સવારે ઉઠી એમને પ્રણામ કરવા જોઈએ. ત્યારબાદ આપણને અનેક વાતો શીખવી તમામ રીતે પરિપૂર્ણ કરનારા શિક્ષક આપણા બીજા ગુરૂ છે. ગુરૂપૂનમના દિવસે એમને ભાવપૂર્ણ નમસ્કાર કરી એમના આશીર્વાદ લેવા જોઈએ. ગુરૂ એટલે આપણા શિક્ષક. પ્રત્યેક વ્યક્તિના જીવનમાં ગુરૂ આવે છે. જેમકે શ્રીકૃષ્ણ-અર્જુન, શ્રી રામકૃષ્ણ પરમહંસ-સ્વામી વિવેકાનંદ, સમર્થ રામદાસસ્વામી-શિવાજી મહારાજ આવી ગુરુ-શિષ્ય પરંપરા એજ આપણા દેશની વિશેષતા છે.

દેશ અને દુનિયામાં જે લોકો શિક્ષણ પ્રાપ્ત કરે છે તે લોકો જુદા જુદા ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવે છે, જેમ કે પોલીસ, ડોક્ટર, વકીલ, શિક્ષક તેમજ અન્ય અને લોકો એક યા બીજા કામથી આ લોકો પાસે જાય છે. પણ ફરક માત્ર એટલો છે કે કોઈપણ વ્યક્તિ જયારે શિક્ષકને મળવા કે વારંવાર મળવામાં ગર્વ અનુભવે છે. અન્ય લોકોને મળે છે કે તેમની પાસે જાય છે પણ મજબુરીમાં જાય છે અને ત્યાં જવામાં ગર્વ અનુભવતો નથી. જયારે કોઈપણ વ્યક્તિના મગજમાં ગુરુ શબ્દનો ખ્યાલ આવે ત્યારે એ જુદાજુદા ગુરુ વિશે વિચારે છે જેમકે સંત જે તેના અનુયાયીઓને આશીર્વાદ


ISBN: 978-93-342-1979-1

આપે છે, માતા જે જન્મ આપે છે, પિતા જે આંગળી પકડે છે, પૃથ્વી જેના ઉપર માણસનો વિકાસ થાય છે પણ સૌથી ઉતમ શિક્ષક છે જે માણસને જ્ઞાન આપે છે. ચાણકયએ એટલે જ શિક્ષકનો મહિમા કેટલો અપાર છે એને સમજાવતા જણાવેલું છે કે, 'શિક્ષક કદી સાધારણ વ્યક્તિ નથી નિર્માણ અને પ્રલય એની ગોદમાં આકાર લે છે.' સંત કબીરે પણ એમના દોહાઓમાં શિક્ષકના મહત્વ વિષે લખ્યું છે કે 'ગુરૂ ગોવિંદ દોનો  ખડે કાકે લાગૂ પાય બલિહારી ગુરૂ આપને ગોવિંદ દિયો બતાય.'

'ગુ' શબ્દનો અર્થ છે અંધકાર(અજ્ઞાન) અને 'રુ' શબ્દનો અર્થ છે પ્રકાશ જ્ઞાન. અજ્ઞાનનો નષ્ટ કરનારા જે બ્રહ્મરૂપ પ્રકાશ છે, એ ગુરૂ છે. આપણાં પુરાણોમાં ગુરુનો મહિમા દ્રષ્ટીગોચર થાય છે. સમગ્ર બ્રહ્માંડના પાલનહાર ભગવાન વિષ્ણુએ જયારે સતયુગમાં અને દ્વાપરયુગમાં માનવ તરીકે જન્મ લીધેલો ત્યારે ગુરુ વિશ્વામિત્ર અને સાંદિપની પાસેથી જ બાળપણમાં જ્ઞાન લીધેલું અને ભગવાન કૃષ્ણએ ગુરુદક્ષિણા રૂપે ગુરુ સાંદિપનીને તેમનો મૃત્યુ પામેલ દીકરાને જીવિત કરી આપેલો. આમ તો આપણા જીવનમાં ઘણા જાણ્યા-અજાણ્યા ગુરૂ હોય છે, જેમાં આપણાં માતા-પિતાનુ સ્થાન સર્વોપરી છે, પછી શિક્ષક અને બીજા.

આપણે જાણવું જોઈએ કે શા માટે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે, અને આ દિવસ શા માટે ખાસ હોય છે. શિક્ષક, વિદ્વાન અને ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની  જન્મજયંતિ, સમગ્ર દેશ દર વર્ષે શિક્ષક દિવસ તરીકે ઉત્સાહથી ઉજવે છે. ૧૯૬૨માં, જ્યારે તેમણે ભારતના રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યું, ત્યારે તેમના કેટલાક વિદ્યાર્થીઓ અને મિત્રો તેમની પાસે પહોંચ્યા અને તેમને તેમના જન્મદિવસની ઉજવણી કરવાની મંજૂરી આપવા વિનંતી કરી. ત્યારે  તેમણે જવાબ આપ્યો કે મારો જન્મદિવસ અલગથી ઉજવવાને બદલે, જો આ ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે તો તે મારા માટે ગૌરવપૂર્ણ લહાવો હશે. ત્યારથી, શિક્ષક દિવસ તેમની જન્મજયંતિ એટલે કે ૫ સપ્ટેમ્બરે ઉજવવાનો શરૂ થયો. શિક્ષક દિનની ઉજવણી કરવામાં ચીનથી લઈને અમેરિકા, ઓસ્ટ્રેલિયા, અલ્બેનિયા, ઇન્ડોનેશિયા, ઈરાન, મલેશિયા, બ્રાઝીલ અને પાકિસ્તાન જેવા દેશોનો સમાવેશ થાય છે. જો કે આ દિવસની ઉજવણીની તારીખ દરેક દેશમાં અલગ અલગ છે. યુનેસ્કોએ ઇ.સ.૧૯૯૪માં ૫ મી ઓક્ટોબરને શિક્ષક દિવસ તરીકે માન્યતા આપી હતી. ભારત સિવાય દુનિયાના બીજા ૧૦૦ દેશોમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ISBN: 978-93-342-1979-1




યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક અને કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO) દર વર્ષે 5મી ઓક્ટોબરે શિક્ષકોના મહત્વ અને શિક્ષણમાં તેમની ભૂમિકાને ઓળખવા માટે વિશ્વ શિક્ષક દિવસની ઉજવણી કરે છે. આ દિવસ ૧૯૬૬માં ILO અને UNESCO દ્વારા શિક્ષકોની સ્થિતિને લગતી ભલામણને અપનાવવાની યાદમાં મનાવવામાં આવે છે, જેણે શિક્ષકોના અધિકારો, જવાબદારીઓ અને કામ કરવાની પરિસ્થિતિઓ માટેના ધોરણો સ્થાપિત કર્યા હતા.

**શિક્ષક દિવસની ઉજવણી કેવી રીતે થાય :**

(૧) કૃતજ્ઞતા વ્યક્ત કરીને : વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભેટ, કાર્ડ અને સંદેશાઓ દ્વારા તેમના શિક્ષકો માટે તેમની પ્રશંસા દર્શાવીને શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે. .

(૨) કાર્યક્રમો કરીને: શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષક દિવસની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરીને તેમના શિક્ષણ કર્મચારીઓનું સન્માન કરે છે.

(૩) જાગૃતિ ફેલાવીને: સંદેશાવ્યવહારના વિવિધ માધ્યમોમાં શિક્ષક દિવસની ઉજવણીની પોસ્ટ્સ અને લેખો ઑનલાઇન મોકલીને શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે.

યુનેસ્કો પાસે શિક્ષકોની સ્થિતિ સુધારવા માટે કેટલાંક સૂચનો છે, જેમાં નીચેનાંનો સમાવેશ થાય છે:

૧) પ્રારંભિક શિક્ષક-શિક્ષણમાં રોકાણ અને વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમો ચાલુ રાખીને

૨) માર્ગદર્શક કાર્યક્રમોની શરૂ કરીને

૩) શિક્ષકોને સ્પર્ધાત્મક પગાર અને લાભો મળે તેની ખાતરી કરાવીને

૪) વહીવટી કાર્યોને સુવ્યવસ્થિત બનાવીને

૫) તંદુરસ્ત કાર્યજીવન સંતુલનને પ્રોત્સાહન આપીને

૬) માનસિક સ્વાસ્થ્ય અને કાઉન્સેલિંગ સેવાઓ પૂરી પાડીને

૭) મજબૂત શાળા નેતૃત્વ પ્રોત્સાહન પૂરું પાડીને

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો ટૂંકો પરિચય : દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ૫ સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ તામિલનાડુના તિરુમાણી ગામમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમને બાળપણથી જ પુસ્તકો વાંચવાનો શોખ હતો અને તેઓ સ્વામી વિવેકાનંદથી ખૂબ પ્રભાવિત હતા. ડૉ. રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ બનતા પહેલાં એમની કારકિર્દીમાં સૌપ્રથમ ચેન્નઈની મદ્રાસ પ્રેસિડેન્સી કોલેજમાં તત્ત્વજ્ઞાન વિષયના શિક્ષક તરીકે નિમણૂક પામ્યા હતાં. ૧૯૩૧માં અંગ્રેજો દ્વારા રાધાકૃષ્ણનને 'સર'ની પદવી આપવામાં આવી હતી, જો કે આઝાદી પછી ઔપચારિક રીતે આ પદવીની માન્યતા રદ્દ થઇ હતી. જ્યારે તેમને ઉપરાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા ત્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેમના મહાન, દાર્શનિક અને શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કામ બદલ ભારતરત્ન આપી તેમનું સન્માન કર્યું હતું. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું ૧૭ એપ્રિલ ૧૯૭૫ના રોજ ચેન્નઈમાં અવસાન થયું હતું.

*શિક્ષકનું સમાજમાં મહત્વ અને તેમનો સમાજના વિકાસમાં ફાળો:* એક બાજુ શિક્ષક આપણા સમાજનુ નિર્માણ કરે છે તો બીજી બાજુ તે આપણા માર્ગદર્શક હોય છે. શિક્ષકનુ સ્થાન માતા પિતાથી પણ ઊંચુ હોય છે. માતા પિતા બાળકોને જન્મ જરૂર આપે છે પણ શિક્ષક તેમના ચરિત્રને આકાર આપીને ઉજ્જવલ ભવિષ્યનો પાયો તૈયાર કરે છે. તેથી આપણે ભલે કેટલા પણ મોટા કેમ ન થઈ જઈએ આપણે આપણા શિક્ષકોને ક્યારેય ભૂલવા ન જોઈએ.

ભારતમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ઉપરાંત રામકૃષ્ણ પરમહંસ, શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદે પણ શિક્ષણ જગતના વિકાસમાં ઘણું મોટું યોગદાન આપ્યું છે. આધુનિક ભારતની વાત કરીએ તો પૂર્વ રાષ્ટ્રપતિ અને ‘મિસાઈલમેન’ તરીકે જાણીતા ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ, બિહારમાં ગરીબ બાળકોને IITની તૈયારી કરાવતા સુપર-30ના આનંદકુમારનું નામ અગ્રણી છે. શિક્ષકોને આદર આપવા માટે દર વર્ષે ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની (Teacher's Day) ઉજવણી કરવામાં આવે છે. દેશના શિક્ષકો માટે આદર અને સન્માનનો દિવસ છે. આપણા દેશની પહેલી મહિલા શિક્ષિકા, સમાજ સુધારક અને મરાઠી કવયિત્રી સાવિત્રીબાઈ ફુલેનો ઉલ્લેખ ન થાય ત્યાં સુધી શિક્ષક દિવસની વાત અધૂરી રહે છે, સાવિત્રીબાઈના ઉલ્લેખ વિના મહિલાઓનું ગુણગાન ન થઈ શકે. સાવિત્રીબાઈ ફુલે માત્ર શિક્ષિકા જ નહીં બલકે એક માર્ગદર્શક અને લોકો માટે મિસાલ

ISBN: 978-93-342-1979-1

હતાં, જેમણે પોતાના દમ પર દુનિયા જીતી અને મહિલાઓને સ્વાભિમાન સાથે જીવવા માટે પ્રેરિત કરી.

સાવિત્રીબાઈ ફુલે ભારતની ગર્લ્સ સ્કૂલના પહેલા પ્રિન્સિપાલ હતાં અને પહેલી કિસાન સ્કૂલના સંસ્થાપક પણ હતાં. ૧૮૪૮માં એમણે પૂણેમાં પહેલી મહિલા સ્કૂલ ખોલી હતી, લોકોને પ્રેમની ભાષા શીખવનાર સાવિત્રીબાઈને સામાજિક સુધાર આંદોલનમાં સૌથી મહત્વપૂર્ણ મહિલાના રૂપમાં જોવામાં આવે છે.

સાવિત્રીબાઈના જીવનનો ઉદ્દેશ્ય મહિલાઓના હક માટે કામ કરવાનો હતો, તેઓ સતત વિધવા વિવાહ, છૂતઅછૂત વિરુદ્ધ લડાઈ લડતા રહ્યાં, એમણે મરાઠીના આદિ કવિયિત્રીના રૂપમાં ઓળખવામાં આવે છે. તેઓ સમગ્ર દેશ માટે મહાનાયિકા હતાં.

**પુરાણોમાં ગુરુનું મહત્વ :**

(૧) ગુરુ દ્રોણાચાર્ય : દ્રોણાચાર્યને કોણ નથી જાણતુ? કૌરવો અને પાંડવોને શાસ્ત્રોનું શિક્ષણ આપનાર દ્રોણાચાર્યનું સ્થાન શિક્ષકોમાં ઘણુ ઉપર માનવામાં આવે છે. તે દ્રોણાચાર્યની જ શિક્ષા હતી જેણે અર્જૂનને એક મહાન યોદ્ધા બનાવ્યો. અર્જૂને પણ કઠોર પરિશ્રમથી પોતાના ગુરુનું માન રાખ્યુ. જેનાથી પ્રસન્ન થઈને દ્રોણાચાર્યએ અર્જૂનને બ્રહ્માનું શક્તિશાળી દિવ્ય સશ્ત્ર બ્રહ્માસ્ત્રને આહ્વાન કરવા માટે મંત્ર શીખવ્યા હતા.

(૨) આદિ શંકરાચાર્ય : આદિ શંકરાચાર્યએ ભારતના સંતોને એક કરીને દસનામી સંપ્રદાયની રચના કરી. તેમણે ચાર ધામોને પુનઃજીવિત કર્યા અને દેશના ચારે ખૂણામાં મઠોની સ્થાપના કરી. જેણે અદ્વૈત વેદાંતના ઐતિહાસિક વિકાસ અને પ્રસારમાં મદદ કરી. તેમણે દેશભરમાં પોતાના વિચાર અને હિંદુ ધર્મનો પ્રચાર કર્યો.

(૩) મહર્ષિ સાંદીપનિ : મહર્ષિ સાંદીપનિ વિષ્ણુના આઠમાં અવતાર કૃષ્ણના ગુરુ હતા. તેમનો આશ્રમ મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં હતો જ્યાં શ્રીકૃષ્ણએ પોતાના ભાઈ બલરામ અને મિત્ર સુદામા સાથે શિક્ષણ ગ્રહણ કર્યુ હતું. શિક્ષણ પૂરું થયા બાદ કૃષ્ણ અને બલરામે સાંદીપનિને ગુરુદક્ષિણા આપવા માટે કહ્યુ હતુ. ગુરુ સાંદીપનિએ તેમને પોતાનો ખોવાયેલો પુત્ર શોધવા માટે કહ્યુ હતું. શ્રીકૃષ્ણ અને બલરામે મળીને તેમના મૃત પુત્રને જીવિત કરી આપ્યો હતો.

(૪) ચાણક્ય : ચંદ્રગુપ્ત મૌર્યને સત્તાના સિંહાસન પર બેસાડવા પાછળ ચાણક્યનો ફાળો માનવામાં આવે છે. રાજકારણ અને અર્થશાસ્ત્ર અંગે તેની સૂક્ષ્મ સમજના કારણે તેમને ભારતીય ઈતિહાસના સૌથી મહાન રાજનીતિજ્ઞ અને અર્થશાસ્ત્રી કહેવામાં આવે છે. તેમણે પોતાની કૂટનીતિ અને રાજકીય સમજથી ચંદ્રગુપ્ત જેવા એક સાધારણ વ્યક્તિને સિંહાસન પર બિરાજમાન કર્યા હતા.

ISBN: 978-93-342-1979-1

*(૫) <u>વિશ્વામિત્ર</u>* : વિશ્વામિત્ર પ્રાચીન ભારતના સૌથી સમ્માનિત ઋષિઓમાંના એક છે. તેમણે ગાયત્રીમંત્ર સહિત ઋગ્વેદના મંડળ ૩ના મહત્વના લેખકના રૂપમાં પણ શ્રેય આપવામાં આવે છે. વશિષ્ઠ સામે યુદ્ધ હારી ગયા બાદ વિશ્વામિત્રએ પોતાનું રાજકાજ છોડીને તપસ્યા કરી. ઘોર તપસ્યા બાદ વશિષ્ઠ પાસેથી જ તેમણે બ્રહ્મર્ષિનું પદ લીધું હતું.

(૬) <u>સ્વામી સમર્થ રામદાસ</u>: સ્વામી સમર્થ રામદાસ મહારાષ્ટ્રના આધ્યાત્મિક કવિ હતા. તેમને તેમના અદ્વૈત વેદાંતવાદી પાઠ, દાસબોધ માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે. રામદાસ હનુમાન અને રામના ભક્ત હતા. તેઓ છત્રપતિ શિવાજી મહારાજના આધ્યાત્મિક ગુરુ પણ હતા.

(૭) <u>પરશુરામ :</u> વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામ પોતાના ક્રોધ માટે પણ જાણીતા હતા. પરશુરામે પોતાના પિતાના કહેવાથી માતાનો વધ કર્યો હતો. તેઓ એક બ્રાહ્મણ રૂપે જરૂર જન્મ્યા હતા પરંતુ કર્મથી એક ક્ષત્રિય હતા. તેમને ભાર્ગવના નામથી પણ ઓળખવામાં આવે છે.

(૮) <u>રામકૃષ્ણ પરમહંસ:</u> રામકૃષ્ણ પરમહંસ સ્વામી વિવેકાનંદના ગુરૂ હતા. એક યોગી અને આધ્યાત્મિક ગુરુ રામકૃષ્ણ પરમહંસનો ઝૂકાવ કાલી અને વૈષ્ણવ તરફ માનવામાં આવે છે. તેમના મુખ્ય શિષ્ય સ્વામી વિવેકાનંદે જ તેમના સમ્માનમાં 'રામકૃષ્ણ પરમહંસ મિશન' ની સ્થાપના કરી હતી. જેનો હેતુ ધર્મોની સદભાવના અને માનવતા માટે શાંતિ અને સમાનતા સ્થાપિત કરવાનો છે.

(૯) <u>ગુરૂ વશિષ્ઠ:</u> સપ્તર્ષિઓમાંના એક ગુરૂ વશિષ્ઠે રાજા દશરથના ચારે પુત્રોને શિક્ષણ આપ્યું હતું. ઋષિ વિશ્વામિત્ર સાથેના તેમના મહાન સંઘર્ષો માટે તેઓ હિંદૂ પૌરાણિક કથાઓમાં પ્રસિદ્ધ છે. સમુદ્રમંથનથી ઉત્પન્ન ગાય કામધેનુના ફૂળનું જત પણ તેમણે જ કર્યું હતું. તે કારણે તેમનું ઘણા રાજાઓ સાથે યુદ્ધ પણ થયું અને તેમના 100 પુત્રો માર્યા ગયા પરંતુ તેમણે કામધેનુ ગાયને કોઈને લઈ જવા દીધી નહિ.

(૧૦) <u>શૌનક:</u> ભૃગુવંશી ઋષિના પુત્ર શૌનકે રાજા જનમેજય પાસે અશ્વમેઘ યજ્ઞ કરાવ્યો હતો. તેમના આદર્શ અને શિક્ષણ એવુ હતુ કે તેમને દસ હજાર શિષ્યોવાળા ગુરુકુળના કુલપતિ બનવાનું ગૌરવ મળ્યું. વશિષ્ઠ, વિશ્વામિત્ર, ભારદ્વાજ, વામદેવ અત્રિ, કણ્વ અને શૌનક એમ સપ્તઋષિમાંના તેઓ એક છે.

**ટીચર્સ-સ્ટુડન્ટ આધારિત ઉત્તમ ૧૦ ફિલ્મો :**

(૧) <u>3 ઈડિયટ્સ :</u> ૨૦૦૯માં આવેલી આ ફિલ્મમાં, જેમના માટે પુસ્તકિયું જ્ઞાન તથા ઉચ્ચ પરિણામ જ સૌથી વધુ મહત્વનાં છે એવા એક સખત કૉલેજ પ્રોફેસર વીરૂ સહસ્ત્રબુદ્ધે દર્શાવાયા છે. પરંતુ એક વિદ્યાર્થી તરીકે આમિર ખાન સાબિત કરે છે કે જીવન પાઠ્યપુસ્તકોથી પણ ઉપર છે.

(૨) આરક્ષણ : ૨૦૧૧માં આવેલી આ ફિલ્મ શિક્ષક તથા વિદ્યાર્થી વચ્ચે સંબંધોને દર્શાવતી તથા અનામતના મુદ્દા પર આધારિત છે. અમિતાભે કૉલેજ પ્રોફેસર પ્રભાકર આનંદની ભૂમિકા ભજવી છે કે જે પછીથી સામાજિક કાર્યકર બની જાય છે.

(૩) બ્લૅક : ૨૦૦૫માં આવેલી આ ફિલ્મ એક લાગણીશીલ શિક્ષકની વાર્તા છે કે જે આંધળી-મૂંગી-બહેરી છોકરીની મદદ કરે છે. શિક્ષકની ભૂમિકા અમિતાભ અને વિદ્યાર્થીનીની ભૂમિકા રાની મુખર્જીએ ભજવી છે. શિક્ષક-વિદ્યાર્થીની કથા આ ફિલ્મમાં લાગણીશીલ રીતે દર્શાવાયું છે.

(૪) મૈં હૂં ના: ૨૦૦૪માં આવેલી આ ફિલ્મમાં શિક્ષિકા માત્ર ભણાવતી જ નથી, પણ ફૅશનના નુસ્ખા પણ આપે છે. શિફોનની સાડી તેમજ ડિઝાઇનર ચોળી પહેરી સુષ્મિતા સેનના પાત્રે દર્શાવ્યું છે કે લોકો શિક્ષિકાઓને કઈ રીતે જુએ છે તેમજ શિક્ષિકાને પોતાના વિદ્યાર્થી શાહરુખ સાથે પ્રેમ થઈ જાય છે. બોમન ઈરાની તથા બિંદૂએ તેમાં મજાક કરતાં શિક્ષકોની ભૂમિકા ભજવી છે.

(૫) મોહબ્બતેં: ૨૦૦૦માં આવેલી મોહબ્બતેં ફિલ્મમાં મહાનાયક અમિતાભ બચ્ચને સખત પ્રિંસિપાલ નારાયણ શંકરની ભૂમિકા ભજવી છે. શાહરુખ ખાને એક યુવા સંગીત શિક્ષકની ભૂમિકા ભજવી છે કે જે પોતાની નવી વિચારસરણી દ્વારા પરિવર્તનનો પવન લઈને આવે છે.

(૬) પાઠશાલા: ૨૦૦૯માં આવેલી આ ફિલ્મ ભલે બૉક્સ ઑફિસે ન ચાલી હોય, પણ તેમાં શિક્ષાનું વ્યવસાયીકરણ થતું દર્શાવાયું છે. સંગીત શિક્ષક રાહુલની ભૂમિકા શાહિદ કપૂરે કરી છે. તેમાં દર્શાવાયું છે કે કઈ રીતે શિક્ષક અને વિદ્યાર્થીઓ મળી સ્કૂલ વહીવટ વિરુદ્ધ ઊભા થઈ શકે છે.

(૭) રૉકફોર્ડ: ૧૯૯૯માં આવેલી દિગ્દર્શક નાગેશ કુકનુરની રૉકફોર્ડ ફિલ્મ એક કિશોરની વાર્તા છે કે જે એક નિવાસી શાળામાં સેકડો વિદ્યાર્થીઓ વચ્ચે પોતાને હારેલો અનુભવે છે. તેની મૈત્રી એક શિક્ષક સાથે થાય છે. ફિલ્મમાં દર્શાવાયું છે કે શિક્ષક અને શિષ્યના સંબંધોથી શિષ્યને કેટલું પ્રોત્સાહન મળે છે.

(૮) સર: ૧૯૯૩માં આવેલી સર ફિલ્મમાં નસીરુદ્દીન શાહે જિંદાદિલ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. તેમાં તેઓ પોતાના વિદ્યાર્થીઓ પૂજા ભટ્ટ તથા અતુલ અગ્નિહોત્રીની ખરાબ સમયમાં એક દોસ્તની જેમ મદદ કરે છે.

(૯) સ્ટુડન્ટ ઑફ ધ યર: ૨૦૧૨માં આવેલી આ ફિલ્મમાં દર્શાવાયું છે કે વિદ્યાર્થીઓ પણ શિક્ષકને શીખવી શકે છે. તેમાં કૉલેજની વાર્ષિક સ્પર્ધાના કારણે વિદ્યાર્થીઓની મૈત્રી તૂટી જાય છે. અંતે એક વિદ્યાર્થી પ્રોફેસર ઋષિ કપૂરને બતાવે છે કે સ્પર્ધાનો વિષય જ ઘાતક હતો. ત્યારે પ્રોફેસરનો પોતાની ભૂલનો અહેસાસ થાય છે.

(૧૦) તારે ઝમીં પર: ૨૦૦૭માં આવેલી આ ફિલ્મ ડિસલેક્સિયાગ્રસ્ત એક બાળકની વાર્તા છે. શિક્ષક બનેલા આમિરખાને દર્શાવ્યું છે કે આવા બાળકો સાથે કેવો વ્યવહાર કરવો જોઇએ.

**આ દિગ્ગજોએ આપી ભારતને નવી દિશા:**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન શિક્ષક દિવસ વાત થઇ રહી છે અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની વાત ન કરવામાં આવે તો આ દિવસ સાથે અન્યાય ગણાશે. ભારતના ધાર્મિક અને દાર્શનિક સાહિત્યને પોતાના લેખનના માધ્યમથી વિશ્વ સુધી પહોંચાડનારા ભારતના રત્ન રાધાકૃષ્ણનને જણાવ્યું કે ઇશ્વર દરેક માણસને પ્રેમ કરે છે.

ફાઇનાન્સ ગુરૂ ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ દેશના સારા અર્થશાસ્ત્રી છે. અર્થશાસ્ત્રમાં તેમનાથી સારા શિક્ષક મળવા મુશ્કેલ છે. મનમોહન સિંહે ભારતીય અર્થવ્યવસ્થાનું ઉદારીકરણ કરવામાં મોટી ભૂમિકા ભજવી છે. મનમોહન સિંહના સ્ટ્રક્ચર રિફોર્મ્સના કારણે ભારતીય અર્થવ્યવસ્થાને ૧૯૯૧માં મંદીમાંથી બહાર નિકાળી હતી એની સાથે જ તેઓ વિશ્વભરમાં અગ્રણી રિફોર્મ-માઇંડેડ અર્થશાસ્ત્રી તરીકેની છબી બનાવવામાં સફળ રહ્યા.

ક્રિકેટ કોચ દક્ષિણ આફ્રિકાના પૂર્વ ક્રિકેટર અને ભારતીય ક્રિકેટમાં ગુરૂ ગેરીના નામથી જાણીતા ગેરી કર્સટન અત્યાર સુધીના સૌથી વધુ સફળ કોચમાં ગણના પામે છે. ભારતીય ક્રિકેટ ટીમને ૨૦૦૮થી ૨૦૧૧ સુધી પોતાની છત્રછાયામાં દોરનાર ગુરૂ ગેરીએ ફક્ત ટીમ ઇન્ડિયાને નંબર વન ટેસ્ટટીમ જ ન બનાવી પરંતુ આ ઉપરાંત ૨૮ વર્ષ બાદ દેશને બીજો વર્લ્ડકપ પણ જીતાડ્યો. ટીમ ઇન્ડિયાએ કેપ્ટન મહેન્દ્ર ધોનીએ કહ્યું હતું કે ગુરૂ ગેરીનું ટીમ ઇન્ડિયાને કોચ કરવું ભારતીય ક્રિકેટ માટે સૌથી મોટી અને સારી વાત છે.

બેડમિન્ટન કોચ સાઇના નેહવાલ, પરૂપલ્લી કશ્યપ, પીવી સિંધુ અને ગુરૂસાઇ દત્તને બેડમિન્ટન જગતમાં મોટું નામ બનાવનાર ફૂલેલા ગોપીચંદ બેડમિન્ટનના સારા કોચ છે. વર્ષ ૨૦૦૧માં ઑલ ઇગ્લેંડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપ જીતનાર બીજા ભારતીય બન્યા. ગોપીચંદે રમતમાંથી સંન્યાસ લીધા પછી બેડમિન્ટન એકેડમી શરૂ કરી જેના કારણે દેશને આજે આ જાણીતા સ્ટાર મળ્યા છે.

કુસ્તી કોચ ૧૯૮૨ એશિયન ગેમ્સમાં સુવર્ણ પદક જીતનાર પૂર્વ રેસલર સતપાલસિંહથી મોટો કુશ્તી કોચ હોય ન શકે. મહાબલી સતપાલ બે વાર ઓલમ્પિક મેડલ વિજેતા સુશીલકુમારના કોચ છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૯માં તેમને દ્રોણાચાર્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. ભારતના વિજ્ઞાનને ફરીથી અસરકારક બનાવનાર પ્રોફેસર યશપાલે કોસ્મિક રેની સ્ટડીમાં યોગદાન કર્યું. સ્પેસ સાયન્સના જ્ઞાતા યશપાલ ૧૯૭૩માં અમદાવાદમાં સ્થાપિત થયેલા સ્પેસ એપ્લિકેશન સેન્ટરના પ્રથમ નિર્દેશક બન્યા. તેઓ લાંબા સમય સુધી દૂરદર્શન પર 'ટર્નિંગ પોઇન્ટ" નામના શોના માધ્યમથી દેશવાસીઓને વિજ્ઞાનના સિદ્ધાંતો સરળ ભાષામાં સમજાવ્યા.

રાજનૈતિક ગુરૂ સ્પષ્ટ છબી ધરાવતા અને પોતાના દમ પર નિર્ણય લેવામાં સક્ષમ નેતા સરદાર પટેલ બાદ ભારતમાં ફક્ત અટલ બિહારી વાજપાઇ રહ્યા છે. તેમણે ચોક્કસપણે ભારતીય જનતા પાર્ટીનું પ્રતિનિધિત્વ કર્યું, પરંતુ તેમનું સન્માન દરેક રાજકીય પાર્ટીએ કર્યું છે. ત્રણવાર દેશના વડાપ્રધાન રહી ચૂકેલા અટલ વાજપાઇની ખરાબ તબિયતના કારણે એક્ટિવ પોલિટિક્સને અલવિદા કહ્યું પરંતુ તેમની સલાહ પાર્ટીમાં ખૂબ મહત્વ ધરાવતી હતી.

પોલિટિકલ સાયન્સમાં આમ તો ભારતમાં ગુરૂ દ્રોણાચાર્યથી માંડીને સ્વામી વિવેકાનંદ સુધી કેટલાક મહાન શિક્ષકો થયા છે, પરંતુ ચાણક્યની વાત નિરાળી છે. જીવનને ચતુરાઇપૂર્વક જીવવા અને રાજકારણને ઝીણવટપૂર્વક સમજાવનાર ચાણક્યનો અર્થશાસ્ત્ર અને પોલિટિકલ સાયન્સમાં કોઇ સામનો કરી ન શકે.

મનોરંજન ક્ષેત્રે બિગ બી કહો કે પછી એંગ્રી યન્ગમેન-અમિતાભ બચ્ચનને નાનામાં નાનું બાળક ઓળખે છે. ભારતીય સિનેમાજગતમાં અમિતાભ બચ્ચનનું નામ મોટું છે. બોલીવુડમાં શરૂઆતમાં ચાર વર્ષ સંઘર્ષ કર્યા બાદ ૧૯૭૩માં રીલિઝ થયેલી ફિલ્મ જંજીરથી બિગ બીને ઓળખ મળી અને જોતજોતામાં અમિતાભ બચ્ચન મનોરંજનની દુનિયાનું મોટું નામ બની ગયું.

સંગીતસ્વરકોકિલા લતા મંગેશકર સંગીતની દુનિયામાં ચમકતો સિતારો છે જેની આસપાસ આજ સુધી કોઇ પહોંચી શક્યું નથી. ભારતરત્ન લતા મંગેશકરના નામે ૧૯૭૪ થી ૧૯૯૧ દરમિયાન સૌથી વધુ ગીતો રેકોર્ડિંગ કરવાનો વર્લ્ડ રેકોર્ડ છે.

ISBN: 978-93-342-1979-1

# શા માટે સ્વદેશી?

પ્રા. પરેશ એસ. પુરાણી
(અર્થશાસ્ત્ર વિભાગ)

આપણા દેશને ઓગસ્ટ 1947 માં સ્વતંત્રતા મળી ત્યારે એવી આશા હતી કે દેશ સુદ્રઢ વિકાસ સાથે એક સુખી સંપન્ન અને સ્વાવલંબી દેશ તરીકે ઉભો રહી શકશે. પરંતુ આવું બની ન શક્યું. પરંતુ અવનવા આર્થિક સંકટો ઉભા થતા રહ્યા હતા. તો હવે પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે આપણે વિકાસ માટે કયો માર્ગ પકડવો જોઈએ?

આ બાબતે મુખ્ય બે મત પ્રવર્તે છે એક તો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, વિદેશી મૂડીપતિઓ અને બહુરાષ્ટ્રીય કંપનીઓના સહારે પશ્ચિમના સંપન્ન દેશોના વિકાસનું મોડેલ અપનાવીએ, વિકાસની તાંત્રિક પદ્ધતિઓ અપનાવીએ. બીજા મત અનુસાર ભારત સ્વદેશી તંત્ર અને સ્વદેશી વિકાસનું મોડેલ બનાવીને પોતાના જ બળે દેશનો વિકાસ કરવાનું સામર્થ સાધી શકે. વિકાસ માટેના આ બે માર્ગોની દિશા અને દ્રષ્ટિમાં વિશાળ અને આધારભૂત અંતર રહેલું છે.

વિશ્વના વિવિધ દેશોએ મુડીવાદી અથવા તો સમાજવાદી પ્રણાલીકાઓને અપનાવી છે. હવે આપણી પાસે આ બધાનો અનુભવ છે આથી આ અનુભવોના આધારે યોગ્ય વૈકલ્પિક વિકાસ માર્ગ નક્કી કરી શકાય.

**વિકાસના અન્ય દ્રષ્ટિકોણ ની ખામીઓ**

બજાર કે નિયંત્રિત મૂડીવાદી પ્રણાલીમાં એવું માનવામાં આવે છે કે બજારમાં સ્વતંત્ર અને પૂર્ણ હરીફાઈ ના માધ્યમથી મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત થઈ શકે છે. આ વિચારધારાના સમર્થકો એવો દાવો કરે છે કે આ પ્રકારની સ્વતંત્ર હરીફાઈથી ગ્રાહકોને ન્યૂનતમ કિંમતે વસ્તુ, શ્રમિકોને યોગ્ય મહેનતાણું અને નિયોજકોને યોગ્ય નફો  મળી શકશે. પરંતુ વાસ્તવમાં જે દેશોએ આવી નીતિ અપનાવી છે તેમના અનુભવ આનાથી વિપરીત છે. આ નીતિ મહત્તમ કલ્યાણ ના બદલે શોષણના દર્શન અને તંત્રના રૂપમાં જ વધુ ઉપસી છે. 1929 ના દાયકામાં આવેલી મહામંદીએ આ પ્રણાલીની અધૂરપ અને અસહાયતા ઉપર વિશેષ પ્રકાશ ફેક્યો છે. જ્યારે આનાથી વિપરીત કાર્લ માર્ક્સના વિચારો પર આધારિત સામ્યવાદી પ્રણાલીએ બજારની શક્તિઓ અને અર્થવ્યવસ્થા પર કેન્દ્રીય સત્તાના પૂર્ણ નિયંત્રણ ને પ્રસ્તુત કર્યું હતું. આ નવી પ્રણાલી એ નિયોજકતા અને પ્રેરણા ના સંબંધમાં એવી ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન કરી હતી કે જેના પરિણામે સમગ્ર ઉત્પાદન તંત્ર જ હચમચીને તૂટી પડવાના આરે આવ્યું. સામ્યવાદી જગત અને તેમાં પણ વિશેષ રશિયા અને પૂર્વ યુરોપિય દેશોના ભાગલા અને આર્થિક દુર્દશા તેની સાક્ષી છે. આમ આજે

અનુભવોએ એ સાબિત કરી આપ્યું છે કે આ બંને પ્રણાલીઓ અપર્યાપ્ત અધૂરી અને અવ્યવારો રહી છે. જે આપણા દેશ માટે યોગ્ય નથી.

વિકાસના આ ઢાંચાને અપનાવીને વિશ્વના કેટલાક દેશોએ જે વિકાસ પ્રાપ્ત કર્યો છે તે જોઈને આપણને સહેજ પ્રશ્ન થાય કે શું આ વાસ્તવમાં મનુષ્યને સુખી કરનાર વિકાસ છે એવું કહી શકાય? શું વિશ્વના બધા દેશો અને મનુષ્યને આ પ્રકારનો વિકાસ પ્રાપ્ત થવો સંભવ છે? અથવા તો વ્યવહારુ છે?

જો આપણે તથ્યો તપાસીએ તો આપણને જણાય કે બંને પ્રશ્નોના ઉત્તર નકારાત્મક છે. વિકાસની લાલચમાં પશ્ચિમના ઢાંચા દ્વારા બનાવવામાં આવેલા માર્ગે ચાલનારા દેશોએ માત્ર પોતાના માટે જ નહીં પરંતુ પ્રાણી માત્ર માટે અસ્તિત્વનું સંકટ ઊભું કર્યું છે. પર્યાવરણ પ્રદૂષિત કર્યું છે. પશ્ચિમના બુદ્ધિજીવીઓ પણ વિકાસના આ સ્વરૂપ અને ટેકનોલોજીના વિનાશકારી અસરોનો સ્વીકાર કરવા લાગ્યા છે. આવો વિકાસ કોઈપણ માપદંડથી જોતા માનવને સુખ શાંતિ આપનાર વિકાસ કહી શકાય જ નહીં.

વિશ્વના સંપન્ન દેશો વિશ્વની વસ્તીના 20% વસ્તી ધરાવે છે આ દેશો પોતાના ઉપભોગ, ઉત્પાદન તંત્ર અને જીવનશૈલી માટે વિશ્વના કુલ સંશોધનો પૈકીના 80% નો ખર્ચ કરે છે. તેમની પાસે વિશ્વની 50 ટકા જમીન છે, તેઓ વિશ્વની ઉર્જા પૈકીની 60 ટકા ઉર્જા વાપરે છે અને વિશ્વની કુલ આવકમાંથી 85 ટકા હિસ્સો પ્રાપ્ત કરે છે. આ તથ્યો પરથી સ્પષ્ટ થાય છે કે જો વિશ્વના બધા દેશો આવા સમૃદ્ધ વિકસિત દેશો ની રહેણીકરણીના સ્તરની પ્રાપ્તિને વિકાસનું લક્ષ માની લેતો વિશ્વના વર્તમાન સંશોધનો વડે આ લક્ષ્ય સુધી પહોંચવું સંભવ જ નથી. જો દુનિયાના બધા દેશો આવા વિકાસની ટેકનોલોજી અપનાવી લેશે તો ભારે માત્રામાં પ્રદૂષણને લીધે પર્યાવરણ ઝેરી બની જશે જીવન અસંભવ બની જશે.

**નવી આર્થિક વ્યવસ્થાના પડકારો:**

1990 પછી ભારત સરકારે જુલાઈ 1991થી નવી આર્થિક નિધિ અપનાવી જેમાં ઉદારીકરણ અને વૈશ્વિકરણની નીતિ અપનાવીને વિદેશી મૂડીપતિઓ બહુરાષ્ટ્રિય કંપનીઓ અને આંતરરાષ્ટ્રીય નાણા સંસ્થાઓને દેશની અર્થવ્યવસ્થામાં મુક્તપણે માથું મારવા માટે નિમંત્રીત કરવામાં આપવામાં આવી.

બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસેથી એવી આશા રાખવામાં આવી હતી કે તેઓ વિપુલ માત્રામાં વિદેશી મૂડી ભારતમાં લાવશે. જેનાથી ભારતમાંથી મૂડીની તંગી દૂર થશે. પરંતુ ભારતમાં બહુરાષ્ટ્રીય કંપનીઓની કાર્યપ્રણાલીએ સાબિત કરી આપ્યું હતું કે તેઓ બહુ થોડી મૂડી સાથે દેશમાં પ્રવેશ કરે છે અને પછી અહીં લાભ મેળવીને બોનસ શેરના માધ્યમથી પોતાની મૂડીમાં વૃદ્ધિ

કરી લે છે. દાખલા તરીકે ઇંગ્લેન્ડની યુની લીવર્સ નામની કંપનીએ ભારતમાં હિન્દુસ્તાન લીવર નામથી કામ શરૂ કર્યું અને તેણે બોનસ શેર દ્વારા પોતાની મૂડીમાં અનેક ગણી વૃદ્ધિ કરી લીધી હતી. તેવી જ રીતે અમેરિકાની કોલગેટ પામોલીવે પણ બોનો શેર દ્વારા પોતાની મૂડીમાં અને ઘણી વૃધ્ધિ કરી લીધી હતી. આવા તો ઘણા ઉદાહરણો લઈ શકાય. આવી કંપનીઓએ પોતાની ખૂબ થોડી મૂડી દ્વારા આપણા દેશમાં એકાધિકાર મેળવીને લુચ્ચય ભરી રીતે બજાર કબ્જે કરી લીધું અને મૂડી પણ ભેગી કરી લીધી. આ એમ બતાવે છે કે આપણા દેશમાં મૂડી વૃધ્ધિ થતી નથી પરંતુ વિદેશી કંપનીઓ આપણા દેશમાંથી મુડી ખેંચી જાય છે.

આ ઉપરાંત નિકાસ વૃદ્ધિ કરી ચુકવણી માટેની નાણાની તંગી તથા વિદેશી મુદ્રા વિનિમયની તંગી દૂર કરી શકાશે એવો પણ એક તર્ક બહુરાષ્ટ્રીય કંપનીઓની બાબતમાં રાખવામાં આવેલો પરંતુ તે પણ શક્ય બની શક્યું નથી.

વિશ્વના વિવિધ દેશોના અનુભવો પરથી એવું જણાયું છે કે વિદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓ ચાલાકીથી દેશને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અને વિશ્વ બેંકના દેવાની જાળમાં ફસાવી દેશની અર્થવ્યવસ્થા તેમની શરતો અનુસાર ચલાવવા માટે સરકારને ફરજ પડે છે. જે ગંભીર ચિંતાનો પ્રશ્ન છે. આ ઉપરાંત દુનિયાના અનેક દેશોમાં નવા પેટન્ટ બિલ લાવવામાં આવ્યા. જે મુજબ વિદેશી કંપનીઓ જે તે દેશની જૈવિક સંપત્તિ અને તેના સંબંધી પરંપરાગત તથા શાસ્ત્રીય જ્ઞાનના ઉપયોગને ચાલાકી થી ધીરે ધીરે પોતાના નામે પેટન્ટ કરાવી રહી હતી. આ આપણને આપણા પૂર્વજો પાસેથી વારસાના રૂપમાં મળેલ જ્ઞાન વિજ્ઞાન અને કૌશલ્યનું અપહરણ છે. આ મુજબ બહુરાષ્ટ્રી કંપનીઓ લીમડો, હળદર, બાસમતી, આમળા, બોર વગેરે જેવી જાણતી વસ્તુઓના ગુણો પર પોતાની બૌદ્ધિક સંપદાની છાપ મારી રહી હતી.

આ ઉપરાંત ભૂતકાળની સરકારોએ દેશના ભોગે વિદેશી હિતોની સુરક્ષા માટે બહુરાષ્ટી કંપનીની પકડ મજબૂત બને તે રીતે આયોજનના નામે કે ભારતમાં માળખાગત યોજનાના નામે વિદેશી કંપનીઓ માટે દ્વાર ખોલી દીધા છે. પ્રતિબંધિત ઉદ્યોગોમાં એકાવન ટકા વિદેશી રોકાણની પરવાનગી આપવામાં આવી હતી અને સાથે સાથે ઉદ્યોગોમાં વિદેશી રોકાણને ઝડપી મંજૂરી આપી શકાય તે ઉદ્દેશથી ઘણા બધા અધિકારોથી સજ્જ એવું 'વિદેશી રોકાણ સંવર્ધન બોર્ડ' બનાવવામાં આવેલ. આ ઉપરાંત અનેક છૂટછાટો આપીને બહુરાષ્ટ્રીય કંપનીઓને આપણી બહુમૂલ્ય સંપત્તિઓ બહુ ઓછી કિંમતે આપી દેવાઈ છે.

આ બહુરાષ્ટ્રીય કંપનીઓ આપણા દેશમાં એક જ પ્રકારના અનેક ઉત્પાદનો કરતી હોવાથી દેશની બહુમૂલ્ય સંપત્તિ નષ્ટ થઈ રહી છે અને બીજી તરફ ભારતીય ગ્રાહકોને યોગ્ય વસ્તુ

ખરીદવાની સ્વતંત્રતા ચાલી ગઈ છે. દેશના નાના ઉત્પાદકો શક્તિશાળી બહુરાષ્ટ્રીય કંપનીઓ સામે સ્પર્ધામાં ટકી ન રહેવાને કારણે બહાર ફેકાઈ ગયા છે.

આ પ્રકારની પરિસ્થિતિને લઈને હવે આપણે સ્વદેશી તરફ પાછા વળવાનો સમય આવી ગયો છે. જોકે છેલ્લા એક દસકાથી આ બધી બાબતોમાં અંકુશ, નિયંત્રણ, પરિવર્તન આવ્યું છે. છતાં એ સ્વદેશી વગર પૂરતું નથી. તો હવે સ્વદેશી વિશે જાણકારી મેળવીએ.

ઉપરની ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે પશ્ચિમના ભ્રાંતિયુક્ત અને આત્મઘાતી વિકાસ દર્શન દ્વારા ભારતનો જરૂરી વિકાસ શક્ય નથી. હવે આવશ્યકતા એ વાતની છે કે ભારતે સ્વદેશી દર્શન પર આધારિત પોતાનું આગવો વિકાસ માર્ગ શોધવો જોઈએ.

**સ્વદેશી દર્શન-**

સ્વદેશી દર્શનની અવધારણા સ્વના સાક્ષાત્કાર તથા સ્વત્વના જાગરણની અવધારણા છે. સ્વદેશી દર્શનનો અર્થ એ છે કે પોતાના શાશ્વત જીવન મૂલ્યોના આધારે પોતાના દેશ તથા સમાજની પ્રકૃતિ પ્રવૃત્તિ તથા સામાજિક આર્થિક પરિસ્થિતિઓના સંદર્ભમાં મુખ્યત્વે પોતાના જ શક્તિ, સામર્થ્ય, સાધન સંપત્તિ અને કૌશલ્ય તથા પ્રતિભાના દ્વારા દેશની કાર્યશક્તિ તથા ઉર્જાના માધ્યમથી ધારણાક્ષમ, પોષણક્ષમ સંસ્કારી સર્વસુખકારી સંતુલિત અને સર્વને સ્પર્શતો વિકાસ.

સ્વદેશી દર્શન એક બહુ આયામી અવધારણા છે. તેના ક્ષેત્રમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક રાજકીય વગેરે અનેક આયામો સમાવિષ્ટ છે. તે અનુસાર રહેણીકરણી, ખાનપાન, રીતરિવાજ સામાજિક સંબંધો શિક્ષા-દીક્ષા, રમતગમત ઉત્પાદન, ઉપભોગ તથા વિતરણ વ્યવસ્થા સંબંધિત અર્થતંત્ર,રાજકારણ તથા શાસનતંત્ર વગેરે બધા જ ક્ષેત્રોમાં દેશના પોતાના સ્વત્વનું પ્રગટીકરણ થાય છે. તેના પરિણામ સ્વરૂપે સ્વાવલંબન અને રાષ્ટ્રીય અભિમાનનો ઉદય થાય છે. પ્રતીક દેશ અને સમાજ પોતાની સહજ સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર પોતપોતાના વિકાસ માર્ગ પર આગળ વધી વિકાસની મહત્તમ ઊંચાઈઓ પ્રાપ્ત કરી શકે છે. દરેક દેશોએ પોતાની વિકાસયાત્રામાં એકબીજાના અનુભવોનો લાભ ઉઠાવવો જોઈએ પરંતુ સાથે સાથે પોતાના સાર્વભૌમિક તથા શાશ્વત જીવન મૂલ્યોનો ખ્યાલ રાખવો જોઈએ. તેમાંથી જ સ્વદેશી દર્શન વિશ્વકલ્યાણ પ્રાપ્ત કરી શકે છે.

**સ્વદેશીતંત્ર :**

સ્વદેશી તંત્રનો હાર્દ દેશ તથા સમાજના હિતવર્ધનમાં રહેલું છે. એટલે કે પોતાના દેશના લોકો દ્વારા નિર્મિત સંચાલિત તથા નિયંત્રિત ઉત્પાદન ઉપભોગ અને વિતરણ સંબંધી અર્થતંત્રનું નિર્માણ કરવું. આપણા સ્વદેશી તંત્રના મુખ્ય ચાર પાસાઓ વર્ણવી શકાય.

ISBN: 978-93-342-1979-1

(૧) સ્વદેશી દષ્ટિકોણ અનુસાર વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા મહત્વ ધરાવે છે. વિકાસના સ્વદેશી તંત્રના સૌથી મહત્વપૂર્ણ એકમ તરીકે ગામ તથા ગ્રામ સમૂહને સ્વીકારવા પડશે. આ એકમને સ્વાયત્ત બનાવવાના પ્રયત્નો માંથી જ વિકાસનું એક નવું માળખું ઉદ્ભવશે.

(૨) સ્વદેશીતંત્રમાં કૃષિ, ઉદ્યોગ અને હસ્તશિલ્પ વચ્ચે સુંદર તાલમેલ હશે તેમાં કૃષિ મુખ્ય અને કેન્દ્રીય સ્થાને હશે અને તેની આસપાસ કૃષિ આધારિત અને આવશ્યકતા આધારિત કુટિર ઉદ્યોગોની રચના થશે. મોટા તથા મૂડીકત ઉદ્યોગો કૃષિ તથા કુટીર ઉદ્યોગોને સહાયક ઉદ્યોગોના સ્વરૂપમાં વિકસિત થશે.

(3) સ્વદેશીતંત્રમાં પ્રત્યેક સ્તરે પરિવાર ભાવનાને જાગૃત કરવાનો પ્રયત્ન થવો જોઈએ. પરિવાર સ્વદેશીતંત્રમાં સામાજિક અને આર્થિક બંને દ્રષ્ટિએ એક આધારભૂત એકમના સ્વરૂપમાં વિકસિત થવો જોઈએ.

(૪) આ તંત્રમાં સરકારી ભૂમિકા આદેશ આપનાર અથવા નિયંત્રક તરીકે નહીં પરંતુ જનતા દ્વારા આરંભ થયેલા કાર્યોમાં સહયોગીની  હશે અને તેને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરશે.

**સ્વદેશી વ્યવહાર (આર્થિક પાસું):**

સ્વદેશી દર્શન પર આધારિત સ્વદેશી અર્થ રચના નિર્માણ કરીને તેને ગતિમાન બનાવવા માટે સ્વદેશી વ્યવહાર આવશ્યક છે આ દ્રષ્ટિએ ચતુ:સુત્રી પ્રયાસોની આવશ્યકતા છે.

(૧) વટાસ્કર તરીકે આપણે બની શકે ત્યાં સુધી સ્વદેશી ઉત્પાદકો દ્વારા બનાવેલ વસ્તુઓનો જ ઉપયોગ કરીએ. શરૂઆતમાં કદાચ હલકી ગુણવત્તાવાળી વસ્તુ ઊંચી કિંમતે ખરીદી પડે પરંતુ દેશની આર્થિક તથા રાજકીય સ્વાધીનતાના રક્ષણ માટે આ જરૂરી છે.

(૨) દેશના ઉત્પાદકોએ પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી ઓછી કિંમતે શુદ્ધ તેમજ ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુઓ બનાવે તથા ભારતીય ટ્રેડમાર્ક સ્વયં એ ગુણોત્તરની ઓળખ બને તેવા પ્રયાસ કરવ પડશે. બની શકે ત્યાં સુધી ભારતીય ઉત્પાદક વિદેશી ટ્રેડમાર્ક વિદેશી ટેકનોલોજી તથા વિદેશી ભાગીદારી પાછળ ન દોડે.

(3) દેશના વૈજ્ઞાનિકો,તંત્રવૈજ્ઞાનિકો,સંશોધકો અને શોધસંસ્થાનો સમયના પડકારોનો સ્વીકાર કરીને દેશની પ્રતિભા અને કૌશલ્યનો ઉપયોગ કરી આપણી પોતાની પરિસ્થિતિઓને અનુરૂપ યોગ્ય સ્વદેશી યાંત્રિક કૌશલ્યનો વિકાસ કરે.

(૪) દેશની સરકારે દેશની આર્થિક પરિસ્થિતિને જોતા પોતાની આર્થિક નીતિઓ ઉપર પુનઃ વિચાર કરવો પડશે અને સ્વદેશી દર્શન ને અનુરૂપ નવી આર્થિક નીતિઓ ઘડવી પડશે.

**સ્વદેશી વ્યવહાર (સામાજિક પાસું):**

ISBN: 978-93-342-1979-1

(૧) સ્વભાષા, સ્વભૂષા, સ્વભોજનનું સ્વાભિમાન સ્વદેશીનું અનિવાર્ય અંગ છે શક્ય હોય તો ગ્રામીણ કરો દ્વારા બનાવાયેલા અને કારીગરો દ્વારા સજાવવામાં આવેલા વસ્ત્રો લઈએ

(૨) ઘરની આંતરિક સજાવટ સ્વદેશી હોય તથા ફિલ્મી અને વિદેશી ભાવ દર્શાવનારા ચિત્રો કે અન્ય સજાવટનો બહિષ્કાર કરવો જોઈએ.

(૩) આપણા બગીચામાં અને શક્ય હોય ત્યાં પરંપરાગત ફળાઉ અને ફૂલોના વૃક્ષ-છોડ ઉગાડીએ.

(૪) દેશી કારીગરો દ્વારા બનાવેલા બુટ ચંપલનો ઉપયોગ કરીએ.

(૫) ગોધન સ્વદેશીનું પ્રતીક છે. ગાયનું દૂધ પીવાની ટેવ પાડીએ. ઘરગથ્થુ ઉપચાર અને પરંપરાગત ઔષધીઓ અને મસાલાઓનો સહજ ઉપયોગ કરીએ.

આ રીતે સ્વદેશી દર્શનના આધાર પર બનેલ સ્વદેશીતંત્રને આપણે પોતાના સ્વદેશી વ્યવહારથી પુષ્ટ કરી ભારતના વિકાસનો એક નમૂનો પ્રસ્તુત કરી સમગ્ર સંસાર માટે પ્રેરણા રૂપ બની શકીએ.

**સંદર્ભ** : ૧. સ્વદેશી જાગરણ મંચ.

ISBN: 978-93-342-1979-1

# ડૉ. બાબાસાહેબ આંબેડકર અને નારી જાગૃતિ

**પ્રા. નીલાબેન કે. સોલંકી**

(કોમર્સ વિભાગ)

સૈનિક આચાર્ય રામજી શકપાલ અને ભીમા બાઈનું 14મું સંતાન ભીમરાવ. મધ્યપ્રદેશની મહુની લશ્કરી છાવણીમાં ભીમરાવનો જન્મ 14 એપ્રિલ 1892ના દિવસે થયો હતો. કબીરપંથી, સૈનિક અને આચાર્ય એવા ત્રિગુણી પિતા અને શીલવંતી માતાએ ભીમરાવને શિસ્ત, આડંબરરહિત ધર્મના પાઠ ભણાવ્યા. પરિણામે ભારતને પ્રાપ્ત થયા ભારત રત્ન ડોક્ટર બાબા સાહેબ આંબેડકર.

સ્વદેશમાં તેઓ ભલે સામાન્ય વિદ્યાર્થી રહ્યા પણ અમેરિકા ઇંગ્લેન્ડ અને જર્મની જેવા દેશોની પરદેશની ધરતી પર સમાનતાના વાતાવરણમાં તેમણે એમ. એ, એમ. એસસી, પીએચ.ડી, ડી. એસ.સી, એલએલ. ડી. બાર-એટ-લો જેવી ઉચ્ચ ઉપાધિઓએ તેમને અજોડ વિદ્વત્તાના અધિકારી બનાવ્યા હતા.

19મી સદીની ભારતીય નારી સતી પ્રથા, બાળલગ્ન, બાળહત્યાઓ, બહુપત્નીત્વ, વિધવાપુનઃલગ્નની મનાઈ, દહેજપ્રથા, ઘૂંઘટપ્રથા, જ્ઞાતિબંધનો, ઊંચનીચ જાતિગત ભેદભાવો, અસ્પૃશ્યતા, નિરક્ષરતા, કન્યા કેળવણીનો અભાવ જેવી કુરૂઢિઓ અને દૂષણોથી પીડિત હતી. સમાજમાં ખાસ કરીને સ્ત્રીઓ અને અસ્પૃશ્યોની સ્થિતિ અત્યંત દયાજનક હતી.

હિન્દુ સમાજમાં અસ્પૃશ્યો પર અત્યાચારો એટલા માટે થતા હતા કે તેઓને સૌથી નિમ્ન વર્ણમાં ધકેલી દેવાયા હતા, પરંતુ ભારતીય નારીની હાલત આ બાબતે તો દરેક વર્ણ અને વર્ગમાં નિમ્ન કોટીની હતી તથા અસ્પૃશ્ય શૂદ્ર નારી તો હલકામાંય હલકી અતિ નિમ્ન કોટીની હતી. ડૉ. આંબેડકરનું મિશન માત્ર દલિત નારી પૂરતું મર્યાદિત નહોતું. પરંતુ સમસ્ત ભારતીય નારીજગતને સ્વતંત્રતા અને સમાનતા અપાવવા માટે તેઓ કટિબદ્ધ હતા. હા, તેમની કામગીરીની શરૂઆત દલિત નારીથી થઈ હતી.

મહિલા મુક્તિના હિમાયતી ડૉ. આંબેડકર કહેતા કે સ્ત્રી એ સમાજનું આભૂષણ છે અને કોઈપણ સમાજના ઉત્થાન અને પતનની પારાશીશી તે સમાજમાં નારીના સ્થાન ઉપરથી નક્કી કરી શકાય છે. ડૉ. આંબેડકર માનતા હતા કે કોઈપણ સભ્ય સમાજને માપવાના બે માપદંડો છે સ્ત્રીઓ અને એના નબળા વર્ગો. સ્ત્રીઓને કૌટુંબિક વ્યવહારમાં મળતું સન્માન અને સામાજિક સ્તરે મળેલી સ્વતંત્રતા સભ્ય સમાજની પારાશીશી છે એવી જ રીતે સમાજમાં પ્રગતિની આગેકૂચમાં પાછા પડી ગયેલા વર્ગો પ્રત્યે સમાજનો દૃષ્ટિકોણ કેવા પ્રકારનો છે એના ઉપરથી એની સભ્યતાને માપી શકાય છે.

પુરુષપ્રધાન સમાજવ્યવસ્થામાં સદીઓથી અત્યાચાર સહન કરતી સ્ત્રીઓની મુક્તિ માટેનું પ્રચંડ કાર્ય મહારાષ્ટ્રમાં મહાત્મા જ્યોતિબા ફૂલે અને એમની પત્ની સાવિત્રીબાઈ ફૂલેએ શરૂ કર્યું. રાજા રામમોહનરાય, મહાત્મા ગાંધી, આગનરકર, લોકહિતવાદી ગોખલે, રાનડે, કર્વે વગેરે મહાજનોએ

સ્ત્રીમુક્તિની ચળવળને યથાયોગ્ય મદદ કરી. પણ હિન્દુ ધર્મના માળખામાં રહીને જ સમાજસુધારો કરવાનો પ્રયત્ન આ મહાપુરુષોએ કર્યો એટલે એમનો દ્રષ્ટિકોણ વિધવા વિવાહ, કન્યા કેળવણી, બાળ લગ્ન, પુનઃ વિવાહ, સતીપ્રથા વગેરે પ્રશ્નો પૂરતો જ મર્યાદિત રહ્યો.

1920માં ડૉ.બાબાસાહેબ આંબેડકર જેવું ખમતીધર નેતૃત્વ પ્રાપ્ત થવાને કારણે અસ્પૃશ્યો, શુદ્રો, અને પદદલિત જાતિઓને સીધો અથવા આડકતરો લાભ થયો. જનઆંદોલન અને સ્ત્રીમુક્તિની ચળવળને સાચા અર્થમાં તીવ્રતા પ્રાપ્ત થઈ. સ્ત્રીઓ અને શુદ્રોની ઉન્નતિ માટે હિન્દુ ધર્મની દાસતા, રૂઢિ પરંપરા, અંધશ્રદ્ધા, વ્રત તહેવારો, એ સર્વને માનવતાવાદ અને બુદ્ધિવાદના નવા મૂલ્યોના આધારે પડકાર કરવામાં આવ્યા. ડૉ બાબાસાહેબ આંબેડકરે આ બંને મૂલ્યોને નજર સમક્ષ રાખીને સમાજોદ્ધાર અને સમાજ પરિવર્તન ચળવળ ચલાવી અને નિર્ણાયક પગલા ભર્યા.

તેમણે માત્ર શબ્દોમાં જ નહીં, પણ દલિતો અને સ્ત્રીઓમાં પણ પ્રાણ પૂર્યા હતા અને ચવદાર તળાવ પ્રદેશ, નાસિક કાલારામમંદિરપ્રવેશ, અંબાજીમંદિરપ્રવેશ અને ગણેશોત્સવમાં ભાગીદારીના કાર્યક્રમો આપીને શબ્દોની સાર્થકતાને મૂર્તિમંત સ્વરૂપ આપ્યું. આ કાર્યક્રમમાં માત્ર શુદ્રો કે દલિતો જ નહીં પણ મોટી સંખ્યામાં સ્ત્રીઓ પણ ભાગ લેતી થઈ. ભારતીય નારી સમાજ ના સ્વતંત્રતા અને સમાનતાનો સંગ્રામ ડૉ. આંબેડકરના નેતૃત્વમાં નીચલા વર્ગોની મહિલાઓથી મહાડમાંથી શરૂ થયો હતો. ચવદાર તળાવમાંથી પાણીપ્રાપ્તિનો મહાડ સત્યાગ્રહ ડૉ. આંબેડકર માટે ધર્મયુદ્ધ હતું. આ સંગ્રામમાં ડૉ.આંબેડકરના એલાનથી મહિલાઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી અને વિજય અપાવ્યો હતો.

ડૉ. આંબેડકર જાણતા હતા કે માત્ર પુરુષોની ચળવળ લાંબી અસર કરનારી હોતી નથી. ચળવળમાં જો સ્ત્રીઓ ભાગ લેતી થાય તો જ સમાનતા અને સ્વતંત્રતાના મૂલ્યોની સમાજમાં સ્થાપના થઈ શકે એટલે પોતાના પ્રવચનોમાં સ્ત્રીઓને આહ્વાન કરવાનું તે કદાપી ચૂકતા નહોતા. સભા, સંમેલન કે અધિવેશનના પ્રસંગે સ્ત્રીઓનું અધિવેશન પણ સમયાંતરે તે યોજતા રહેતા હતા. નાસિકનો કાળારામમંદિરપ્રવેશ સત્યાગ્રહ તો બીજી માર્ચ 1930થી શરૂ થયેલો તે પાંચ વર્ષ સુધી ચાલતો રહેલો અને એમાં સ્ત્રીઓએ જ મહત્વનો ભાગ ભજવ્યો હતો. અનેક મહિલાઓએ તો એક એક માસની સજા પણ ભોગવી હતી ગીતાબાઈ ગાયકવાડ, રમાબાઈ ગાયકવાડ, રમાબાઈ જાધવ જેવી અનેક સ્ત્રીઓએ તો પુરુષોની લડતમાં આગેવાની લઈને જેલવાસ ભોગવ્યો હતો.

ડૉ. આંબેડકરના પ્રયત્નોને કારણે માત્ર દલિતો કે શુદ્રોમાંજ ચેતના નહોતી આવી પણ મહિલાઓમાં પણ નોંધપાત્ર ચેતના જાગી હતી. ડૉ.આંબેડકરે વિદેશોમાં લાંબો ગાળો અભ્યાસમાં ગાળ્યો હતો. વિદેશોમાં એમણે જોયેલી સ્ત્રી પુરુષ સમાનતા, સ્ત્રી શોષણથી મુક્તિ અને સ્ત્રી જાગૃતિ ભારતીય સમાજમાં પણ પ્રસરે એવી એમની હૃદયની લાગણી હતી એટલે તો એમણે સ્ત્રી જાગૃતિ ઉપર વિશેષ ભાર

ISBN: 978-93-342-1979-1

મૂક્યો હતો. ડૉ.આંબેડકરના પ્રથમ પત્ની આઈસાહેબ રમાબાઈ તો તદ્દન નિરક્ષર હતાં પણ તેમણે તેમને લખતાં અને વાંચતાં શીખવ્યું હતું. પોતાના પ્રવચનોમાં અને લેખનમાં બાબાસાહેબ સતત એ વાત ઉપર ધ્યાન દોરતા અને કહેતા કે મા બાપની ફરજ બાળકને માત્ર જન્મ આપવાથી જ પૂરી થઈ જતી નથી. બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની અને તેમના ચારિત્ર્યનું ઘડતર કરવાની જવાબદારી પણ એમણે ઉઠાવવી જ જોઈએ. માત્ર પુત્રો જ નહીં પુત્રીઓને પણ શિક્ષણ આપો. પુરુષો હંમેશા પત્ની કેવી હોવી જોઈએ એનો માપદંડ નક્કી કરીને પસંદગી કરે છે. હકીકતમાં તો સ્ત્રીઓને પણ પતિ પસંદ કરવાની સ્વતંત્રતા અવશ્ય મળવી જોઈએ. સ્ત્રીને પણ વ્યક્તિ સ્વાતંત્ર્ય મળવું જોઈએ.

10મી ઓક્ટોબર, 1932ના દિવસે સાવંતવાડીમાં મહિલાઓની સભામાં તેમણે કહ્યું હતું કે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ તમારા બાળકને શાળામાં અવશ્ય મોકલો. કપડાં ભલે સદાં હોય પણ એને ધોઈને પહેરો. ફાટેલાં કપડાંની શરમ નથી પણ એને સારી રીતે સાંધીને પહેરવામાં ગૌરવ છે. મહારાષ્ટ્રમાં દલિત સ્ત્રીઓનો પહેરવેશ થોડો કઢંગો હતો ડૉ. આંબેડકરે પોતાના બ્રાહ્મણ મિત્રોની પત્નીઓને બોલાવી એક સંમેલનમાં સારી રીતે કપડા કેવી રીતે પહેરવા તેની તાલીમ અપાવી હતી.

1942માં નાગપુરમાં શેડ્યુલ્ડ કાસ્ટ મહિલા સંમેલનમાં પચીસ હજાર જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો એ હકીકત જ દર્શાવી આપે છે કે આંબેડકરના પ્રયત્નોથી મહારાષ્ટ્રમાં કેવી અભૂતપૂર્વ જાગૃતિ આવી હતી. આ પરિષદનું સંપૂર્ણ સંચાલન મહિલાઓએ કર્યું હતું. માત્ર ઘરગૃહસ્થી ધરાવતી કે શિક્ષણ મેળવતી સ્ત્રીઓને માટે જ નહીં પણ દેવદાસી કે વેશ્યા વ્યવસાયમાં સંકળાયેલી મહિલાઓની મુક્તિ માટે પણ ઘણો મોટો પ્રયત્ન કર્યો હતો. 16મી જૂન, 1936ના દિવસે મુંબઈના દામોદર હોલમાં દેવદાસી અને અનૈતિક ધંધાઓમાં જોડાયેલી અને જોડાવાની ફરજ પડાયેલી સ્ત્રીઓએ એક સંમેલન બોલાવ્યું. બાબાસાહેબની દોરવણી હેઠળ શિ. ગા. કાંબલેએ આ સ્ત્રીઓને અનૈતિક વ્યવસાયોમાંથી મુક્તિ અપાવવાના પ્રયાસો કર્યા હતા. આ સભામાં પ્રવચન કરતા બાબાસાહેબે કઠોર ભાષામાં જણાવ્યું કે તમે ઈચ્છાથી કે મજબૂરીથી જે વ્યવસાય કરો છો તે તો આખા સમાજ માટે કલંક સમાન છે. સ્ત્રીજાતિ તો સમાજનું આભૂષણ છે. પ્રત્યેક સમાજ સ્ત્રીના નિષ્કલંક ચારિત્ર્યનું ગૌરવ કરે છે. એટલા માટે તમે સૌ આ ગંદા વ્યવસાયનો ત્યાગ કરી દો. સમાજની પ્રતિષ્ઠામાં વધારો થાય એવો વ્યવસાય પસંદ કરો.

ઔરંગાબાદમાં બાબાસાહેબ આંબેડકરે મિલિંદ મહાવિદ્યાલય અને તેની સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનિઓને વધારે પ્રમાણમાં પ્રવેશ આપવાનો આદેશ આપ્યો હતો. કન્યાઓ સરળતાથી કોલેજમાં આવી શકે એટલા માટે એક બસની વ્યવસ્થા પણ એમણે કરાવી હતી. 1932-'33ના વર્ષોમાં જનતા સામયિકના મેનેજિંગ બોર્ડમાં શ્રીમતી સાવિત્રીબાઈ બોરાડે અને અંબુતાઈ ગાયકવાડ નામની દલિત મહિલાઓની એમણે અધિકારપૂર્વક નિમણુંક કરી હતી

ડૉ. આંબેડકર સામાજિક ન્યાય, સમાનતા અને સ્વતંત્રતાના પક્ષધર હતા એટલે જ ભારતના કાયદા મંત્રી તરીકે અને ભારતીય સંવિધાનના ઘડવૈયા તરીકે નારી સમાજને અસ્પૃશ્યોની જેમ જ ન્યાય અપાવવા ભરચક પ્રયાસો કર્યા હતા. તેથી તો આઝાદ ભારતમાં બંધારણીય રીતે દેશની નારી દેશની નાગરિક છે, ગુલામ નથી. ધર્મ, જાતિ, લિંગ, પ્રદેશના ભેદભાવોમાં સમાન તક પ્રાપ્ત છે હવે તે સ્વતંત્ર છે. વાણીની અભિવ્યક્તિ માટે સભા સરઘસ, સંગઠન રચવા માટે દેશમાં ગમે ત્યાં ભ્રમણ કરવા કે નિવાસ કરવા માટે, સંપત્તિની માલિકણ બનવા માટે કે કોઈપણ ધંધો કરવા માટે શાસકીય સેવા નોકરીઓમાં અને સરકારી પદોમાં તેનો સમાન અધિકાર છે. શિક્ષણપ્રાપ્તિને, ભણવા અને ભણાવવાનો તેને અબાધિત હક અધિકાર છે. તે સ્વતંત્ર મતાધિકાર ધરાવે છે, તે લોક પ્રતિનિધિ તરીકે ચૂંટાવાને લાયક છે. આ અને આવા અનેક બંધારણીય હકો જે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ભારતીય નારીને મળ્યા છે. તે માટેનો સંગ્રામ જે છેડાયો છે, તેમાં ડૉ.આંબેડકર નું યોગદાન અતિ મહત્વનું અને અમૂલ્ય રહ્યું છે.

નારીના બંધારણીય અધિકારો માત્રથી ડૉ.આંબેડકરને સંતોષ ન હતો. મહિલાકામદારો માટે પણ તેમણે સતત ઝુંબેશ ચલાવી હતી. તા મહિલા કામદારોને પ્રસૂતિકાળ માટે રજાઓ મળે અને સાથે વેતનસહ આર્થિકસહાય પણ મળી શકે તે માટે તેમણે સરકાર અને ઉદ્યોગપતિઓને ફરજ પાડી હતી. છતાં આ બધું તેમને પર્યાપ્ત ન જણાતા ભારતીય નારીના સવિશેષ અધિકારો માટે લોકસભામાં તેઓ હિન્દુ કોડબિલ લાવ્યા હતા. ડૉ. આંબેડકરના આ વિધેયકમાં લગ્નની વિવિધતા પર અંકુશ, મહિલાઓને છૂટાછેડા લેવાનો અધિકાર, મિલકત પ્રાપ્તિનો ખાસ અધિકાર, દત્તક સંતાન લેતા પહેલા પત્નીની ફરજિયાત મંજૂરીની આવશ્યકતા જેવા અનેક નવતર સુધારાઓ બાબાસાહેબ લાવ્યા હતા. ભારતીય મહિલાઓની સ્થિતિમાં આવશ્યક સુધારા લાવવાનો બાબાસાહેબનો આદર્શ ગૌતમ બુદ્ધ હતા. ભારતીય નારીને પુરુષ સમકક્ષ, શ્રેષ્ઠતા, સ્વતંત્રતા, સમાનતા અને પ્રતિષ્ઠા આપવાનો તેની પાછળનો ઉદેશ હતો. ભારતીય નારી માટેના હિન્દુસમાજમાં પ્રવર્તતા છૂટાછવાયા કાયદાઓને એકત્રિત કરી સાંપ્રતકાળ પ્રમાણે સુધારી ભારતીય સંવિધાનને અનુરૂપ આ કાયદા બનાવવાનું ભગીરથ કાર્ય ડૉ. બાબાસાહેબ આંબેડકરે કર્યું હતું.

આજે દેશમાં અનેક મહિલાઓ અધ્યાપક, ડોક્ટર, એન્જિનિયર, સમાજસેવિકા, સરકારી અધિકારી તરીકે પોતાનું યોગદાન આપી રહે છે અને ભારતીય મહિલાઓને આજે જે સામાજિક પ્રતિષ્ઠા મળેલી દેખાય છે તે જરૂરથી ડૉ. આંબેડકરના સુકાર્યોને આભારી છે.

સંદર્ભ: (1) ડૉ. આંબેડકર, વિચાર અને વ્યવહાર ગોવિંદભાઈ ચૌહાણ.

(2) સમાજ સુધારક આંબેડકર: રમેશચંદ્ર પરમાર.

(3) ડૉ.બાબાસાહેબ આંબેડકર જીવન ચરિત્ર પ્રા. ડૉ. પી. જી. જ્યોતિ કર.

ISBN: 978-93-342-1979-1

# વિસરાઈ ગયેલી બાળરમતો:

પ્રા. વિજય એન. ગામીત
(ડાયરેક્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન)

જગત સતત પરિવર્તનશીલ રહ્યું છે. સમયના ધસમસતા પ્રવાહે જીવનના દરેક ક્ષેત્રે પરિવર્તન આણ્યું તેમ બાળમનોરંજનની પ્રવૃત્તિઓમાં પણ પરિવર્તનકારી વલણ જોવા મળે છે. પહેલાના સમયમાં બાળકોને ભરપૂર મનોરંજન સાથે અંગકસરત પણ મળી રહે એવી ઘરઆંગણે રમતો રમાતી હતી જે આજના સમયમાં સાવ ભૂલાઈ ગઈ છે. જ્યારે ટેક્નોલોજી ન હતી ત્યારે બાળકો મિત્રોનું એક ઝૂંડ બનાવી અવનવી રમતોની મઝા માણતાં હતાં અને સાથે સાથે બાળકોને શારીરિક કસરત પણ મળી રહેતી હતી. આજના સમયમાં ઈન્ટરનેટ દ્વારા ભાત-ભાતની રમતોને રવાડે ચડેલું બાળક પોતાની શારીરિક શક્તિ અને માનસિક શક્તિ ગુમાવી રહ્યું છે. આપણે પણ ઘરઆંગણે રમાતી આવી વિવિધ રમતો વિશે ઘણુંખરું વિસરતા આવ્યાં છે તે યાદ કરી ભાવિ પેઢીને ભેટ કરવાનો પ્રસ્તુત લેખનો હેતુ છે.

## *બાળરમતો

### (૧) ગિલ્લીદંડો:

આ રમત માટે મેદાનમાં લગભગ ૪ સેમી.ઊંડો, ૧૦ સેમી. લાંબો તથા સાંકડો ખાડો ખોદવામાં આવે છે;તેને ગબી કહે છે. લાકડાનો ૨.૫ સેમી. જાડો અને ૪૦ સેમી. લાંબો દંડો તેમજ વચ્ચે જાડી અને બંને છેડે પાતળી એવી ૮ સેમી. લાંબી લાકડાની ગિલ્લી વડે આ રમત રમાય છે.

દાલ લેનાર સૌપ્રથમ ગબી ઉપર આડી ગિલ્લી મૂકી લાંબા દંડા વડે ઉલાળશે અને એ દંડો ગબી ઉપર આડો મૂકશે. બીજા ખેલાડીઓમાંથી કોઈ એક ખેલાડી ગિલ્લી ઉછળીને જ્યાં પડી હશે ત્યાંથ ગબી ઉપર રાખેલા દંડાને તાકવાની કોશિષ કરશે. જો તે દંડો તાકે છે તો દાવ લેનાર આઉટ થયો ગણાય.

### (૨) સતોડિયું:

આ રમતમાં  દાવ આપનાર દ્વારા મેદાનમાં સાત ઠીકરીયો અથવા નાનામોટા સપાટ પથ્થરો ઉપરાઉપરી ગોઠવવામાં આવે છે.  સામે આઠ-દસ ખેલાડીઓની ટૂંકડી ગોઠવેલા પથ્થરો દડા વડે વિખેરી નાખે છે. દાવ આપનાર એને ફરીથી ગોઠવવાનો પ્રયાસ કરે છે પણ પેલી આઠ દસની ટૂંકડી તેને પથ્થર ગોઠવવામાં સફળ થવા દેતી નથી. જો તે ફરીથી પથ્થરો ગોઠવવામાં સફળ થઈ જાય તો તે દાવ જીતી ગયો એમ મનાય છે.

ISBN: 978-93-342-1979-1

**(3) પકડદાવ:**

આ રમતમાં પહેલા દાવ આપનાર ખેલાડી નક્કી કરવામાં આવે છે. એમાં બધા ખેલાડીઓ હાથના પંજા એકબીજાના પંજા નર ગોઠવી ઉછાળે છે. જેની હથેળી આકાશ તરફ ખૂલ્લી હોય એ દાવ આપવાથી બચી જાય. આમ કરતા છેલ્લે બે ખેલાડી વધે તેમાંથી એકની હથેળી જમીન તરફ હોય એને દાવ આપવાનો થાય. દાવ આપનાર બાકીના ખેલાડીઓને સ્પર્શી તેમને આઉટ કરે છે. આઉટ થયેલા ખેલાડીને બીજા ખેલાડીઓ સ્પર્શી ફરી રમતમાં સક્રિય કરી શકે.

**(૪) સંતાકૂકડી:**

દાવ આપનાર ખેલાડી દિવાલ કે વૃક્ષ સામે મોઢું રાખી આંખો બંધ કરી એકથી સો સુધીની ગણતરી કરે છે. આ સમય દરમ્યાન બાકીના ખેલાડીઓ જુદી જુદી જગ્યાએ સંતાઈ જાય છે. સંતાયેલા ખેલાડીઓને દાવ આપનારે શોધીને આઉટ કરવાના હોય છે. આ સમય દરમ્યાન સંતાયેલામાંથી કોઈ ખલાડી આવી નિયત જગ્યાએ થપ્પો મારે તો દાવ આપનારે ફરીથી દાવ આપવો પડતો હોય છે. પણ દાવ આપના બધાં સંતાયેલાઓને શોધવામાં સફળતા મેળવે તો જે છેલ્લે રહી જાય તને દાવ આપવાનો હોય.

**(૫) લંગડી:**

આ રમત ખાસ કરીને છોકરીઓ વધુ રમતી હોય છે. એક પગ ટેકવીને દાવ આપનાર અન્યને પકડવાની કોશિષ કરે છે. જો ઉપર ઉઠાવેલો પગ જમીન પર અડી જાય તો ફરીથી દાવ આપનારે ફરીથી દાવ આપવો પડે છે.

**(૬) દોરડાકૂદ:**

આ રમત પણ મોટા ભાગે છોકરીઓમાં જોવા મળે છે. બે કે તેથી વધારે ખેલાડીઓ હોય છે. દોરડા બંને હાથ વડે પકડી કૂદકો મારી પગ નીચેથી ગોળાકાર દોરડી સરકાવવાની હોય છે આમ કરતા દોરડી પગમાં અટવાઈ જાય તો તે ખેલાડી આઉટ થઈ જાય છે.

**(૭) થપ્પો:**

આ રમત સંતાકૂકડી રમતને મળતી આવે છે. આમાં કશીક ચીજવસ્તુ દૂર ફેકવામાં આવે છે એ વસ્તુ દાવ આપનાર લઈ આવી મેદાનમાં દોરેલા સર્કલમાં ગોઠવવાની હોય છે. વસ્તુ દૂર ફેકાતા જ બીજા ખેલાડીઓ સંતાઈ જાય છે. દાવ આપનારે એ બધાને શોધી થપ્પો કરવાનો હોય છે.

**(૮) ભમરડો:**

ભમરડાની રમતમાં ભમરડો અને દોરી બે મુખ્ય વસ્તુઓ છે. લાકડાના ભમરડામાં નીચે અણીવાળો ભાગ હોય છે. ભમરડા પર યોગ્ય રીતે દોરી વીંટાળી ચોક્કસ રીતે પકડીને ફેકવાથી

ભમરડો જમીન પર પડી ગોળગોળ ફરવા માંડે છે. દોરી ભમરડો ફેકનારના હાથમાં જ રહે છે. કેન્દ્રત્યાગી બળના આધારે સંતુલન જાળવતો ભમરડો બળ ઓછું થાય ત્યાં સુધી ફરતો રહે છે.

**(૯) ચલ્લક ચલાણું:**

આ રમત ભાઈઓ-બહેનો બંને રમી શકે છે. એક ચોરસ મેદાનમાં ચાર ખૂણે ચાર જણ ઊભા રહે છે અને પાંચમો ખેલાડી દાવ આપનાર હોય છે. આ રમત પાંચ ખેલાડીઓની વચ્ચે રમાય છે. દાવ આપનાર ખેલાડી વારાફરતે પેલા ચારેય ખેલાડીઓ પાસે જાય છે અને કહે છે'ચલ્લક ચલાણું, કયા ઘેર ભાણું' એ પછી ખૂણે ઉભો રહેલો ખેલાડી જવાબ આપે છે 'પેલે ઘેર-પેલે ઘેર' આ સમય દરમ્યાન ચારેય ખેલાડીઓ દાવ આપનાર ખેલાડીથી સાવધ રહી પોતાના સ્થાન ફેરબદલ કરે છે, આમ કરવા જતા દાવ આપનાર ખેલાડી કુનેહપૂર્વક પેલા ચારના સ્થાનમાંથી કોઈ એક સ્થાન પર કબજો જમાવે છે. આમ કરવામાં જો એ સફળ થાય તો જેનું સ્થાન છૂટી ગયું છે તે ખેલાડીએ દાવ આપવાનો હોય છે.

આ ઉપરાંત વરસાદ જેવી ઋતુમાં વરસાદ પડતો હોય ત્યારે ઘરમાં એક જગ્યાએ બેસીને પણ રમતો રમાતી હોય છે.

**(૧૦) ચોર-પોલીસ:**

આ રમતમાં પાંચ ખેલાડીઓ હોય છે. ચાર ખેલાડી રમતમાં જોડાય છે ને પાંચમો રમતના સ્કોર નોંધે છે. ચાર ચિઠ્ઠી બનાવવાની હોય છે. જેમાં ક્રમશ: રાજા-૧૦૦, વજીર-૫૦, પોલીસ-૨૫, ચોર-0 આ રીતે ચિઠ્ઠીમાં લખવાનું હોય છે. ચારેય ચિઠ્ઠી હવામાં ઉછાળવાની હોય છે ચારેય ખેલાડી એક એક ચિઠ્ઠી ઉંચકી લે છે ને પેલા પાંચમા ખેલાડી પાસે પોતપોતાની ચિઠ્ઠીના સ્કોર નોંધાવે છે. રાજા હોય એ 'વજીર વજીર' કહી વજીર ને સંબોધે છે, વજીરની ચિઠ્ઠીવાળો ખેલાડી 'જી સરકાર' એમ બોલે છે પછી રાજા ચોર અને પોલીસમાંથી ચોરને શોધવાનું કહે છે, વજીર ચોરને શોધી લે તો તેનો સ્કોર જળવાઈ રહે, નહીં તો ચોરનો સ્કોર વજીરને મળે છે ને વજીરનો સ્કોર ચોરને મળે છે. આ રમતમાં ઓછામાં ઓછા દસ રાઉન્ડ હોય છે.

**(૧૧) કૂકા:**

આ રમત લગભગ છોકરીઓ જ રમતી હોય છે. જેમાં ચાર નદીની રેતીમાંથી મળી આવતાં કાળા પથ્થરો જમીન પર સર્કલમાં નાખી એમાંથી એક પથ્થર અધ્ધર ઉછાળીને જમીન પરથી એક હાથ વડે બીજો કૂકો ઉપાડી અધ્ધર ઉછાળેલો કૂકો ઝીલવાનો હોય છે. જો ઉછાળેલો પથ્થર જમીન પર પડે તો ખેલાડી આઉટ ગણાય છે.

ISBN: 978-93-342-1979-1

**(૧૨) કોડી અથવા પાસા:**

આ રમતમાં પાંચ ઊભા અને પાંચ આડા ખાનાનું ચોરસ બનાવવાનું હોય છે. ચાર ખેલાડીઓ હોય છે. દરેક ખેલાડીઓ પોતાની ઓળખ માટે ખાનામાં કોઈ પ્રતીક મૂકે છે. ચાર કોડી અથવા પાસા ઉછાળે છે. ચારેય પાસા કે કોડી છતાં પડે તો ચાર અને ઊંધા પડે તો આઠ સ્કોર ગણીને ખાનામાં પોતાના પ્રતીકને આગળ ખસેડવાનું હોય છે. આમ કરતાં કરતાં બધાં જ પ્રતીકોને મધ્યના ખાના સુધી લઈ જવાના હોય છે. જો કોઈ ખેલાડી સફળ થાય તો તે વિજેતા ગણાય છે.

**(૧૩) પંખી ઉડે:**

આ રમતમાં પણ ગમ્મત સાથે બાળકોની સજાગતા વિકસિત થાય છે. ૨-૪ વર્ષના નાના બાળકોને આમાં મજા આવે.

થોડા બાળકોની સામે એક બાળક ઉભું રહે. આ બાળક એમ બોલે: "પંખી ઉડે..". અહીં તે કોઈ પણ પંખીનું નામ બોલે - જેમકે કાગડો, પોપટ, મોર, ચકલી વિ. - એટલે કે, "મોર ઉડે...", "કાગળો ઉડે..." વિ.

સામે ઉભેલા બાળકો હાથથી પંખી ઉડતું હોય એવી sign કરે - હાથ ઉપર નીચે હલાવે.

જો આ બાળક કોઈ પ્રાણીનું નામ બોલે - જેમકે "ગાય ઉડે...", "કુતરું ઉડે...", "ઘોડો ઉડે..." વિ. તો સામે ઉભેલા બાળકોએ ઉડવાની sign નહિ કરવાની.

જો કોઈ બાળક આવી sign કરે તો એ આઉટ ગણાય. આમ બાળકની સજાગતા ઉપરાંત પંખી/ પ્રાણીઓ વિશેની એની સમજ વિકસે.

**(૧૪) મામાનું ઘર કેટલે?:**

આ રમતમાં બે ખેલાડીઓ હોય છે. એકદાવ લેનાર અને બીજો દાવ આપનાર. દાવ લેનાર ખેલાડી દાવ આપનારની હથેળીના ખોબામાં ધૂળની એક ઢગલી કરે છે અને એની આંખો બંધ કરી એક જગ્યાએથી બીજી જગ્યાએ'મામાનું ઘર કેટલે?-દીવો બળે એટલે.'આમ બોલતા  લઈ જઈ ધૂળની ઢગલી મૂકાવી દે છે. ત્યાર જ્યાંથી શરૂઆત કરી હતી તે જ જગ્યાએ આંખો બંધ હાલતમાં લાવી દાવ આપનારને છોડે છે હવે દાવ આપનારે પેલી ધૂળની ઢગલી શોધી કાઢવાની હોય છે. જો તે શોધી લે તો તે વિજેતા બને છે નહીં તો આઉટ ગણાય. ધૂળની ઢગલી શોધવા ચોક્કસ સમય નક્કી કરવાનો હોય છે.

આમ,  આ સિવાય પણ લખોટી, આમલી-પીપલી, ગક્ષ, કબડ્ડી, ખોખો, ફ્રીઝ-ચોકલેટ, ગોળ ગોળ ટામેટું, નદી કે પર્વત, સ્ટેચ્યુ, મારદડી, ઢબૂડી, બોલબેટ ઈત્યાદિ ઘણી બધી રમતો છે જે બાળકોને ભરપૂર મનોરંજનની સાથે સાથે શારીરિક કસરત પણ પૂરી પાડે છે. આજના ટેક્નોલોજીના યુગમાં

ISBN: 978-93-342-1979-1

આજનું બાળક આવી ઘર આંગણે રમાતી રમતોથી અજાણ હશે અથવા તો ટેક્નોલોજીના મોહપાશમાં જકડાયેલું હશે.આવી દેશી રમતોથી બાળકોને અવગત કરી પ્રકૃતિની ગોદમાં મુક્ત મને વિહરવાની સમજ કેળવાય તે હિતાવહ છે

સંદર્ભ:

**(૧) ગુજરાતી વિશ્વકોશhttps://gujarativishwakosh.org. January-2010**

**(૨)'વિસરાઈ ગયેલી બાળરમતો' તરંગ બી. હાથી, ગુજરાતી સાહિત્ય સાગર.**

ISBN: 978-93-342-1979-1

# દશકુમારચરિતમાં નિરુપિત નારી આધુનિક પરિપ્રેક્ષ્યમાં

પ્રા.વર્ષાબેન યુ. પટેલ
(સંસ્કૃત વિભાગ)

રામાયણ અને મહાભારત એ ભારતીય સંસ્કૃતિના બે મહાકાવ્યો છે. આ મહાકાવ્યોમાં જીવનમૂલ્યોનું આલેખન જોવા મળે છે. આ બન્ને કાવ્યોને ઉપજીવ્યગ્રંથ તરીકે પસંદ કરી ત્યારપછીના સર્જકોએ અનેક કૃતિઓની રચના કરી કાવ્યો, મહાકાવ્યો, નાટકો, ખંડકાવ્યો રચ્યા જેના પરિણામ સ્વરૂપે નૈતિક મૂલ્યોનું પ્રતિબિંબ આ સાહિત્ય સર્જનમાં ઝીલાયું. ભારતીય સંસ્કૃતિના અનેક આદર્શો એમાં વણાયા. તો સાથે સાથે તત્કાલીન સમયના સામાજીક, રાજનૈતિક પાસાઓ પણ જાણે અજાણે એમના સર્જનમાં ઉતરી આવ્યા. વૈયિક્તક અને નાગરીક તો ક્યાંક અનૈતિક અને અનાગરીક વિચારો પણ આલેખાયા. સમાજના સારા-નરસા બન્ને પાસાઓનું આલેખન થયું. આમ પણ સાહિત્યકાર સમાજમાં બનતી ઘટનાઓને જુએ છે. એનું નિરીક્ષણ કરે છે, ઘાત-પ્રત્યાઘાતોને ઝીલે છે અને એ પોતાની કૃતિમાં કંડારે છે. આમ સમાજનાં મૂલ્યોનું એમાં પ્રતિબિંબ ઝીલાય છે.

ગદ્ય સાહિત્યમાં આગવું સ્થાન ધરાવનાર કવિ દંડીના દશકુમારચરિતનાં છઠ્ઠા ઉચ્છવાસમાં આપણને આવું જ કંઇ જોવા મળે છે. તેમણે નૈતિક મૂલ્યોનું કયાંક સંરક્ષણ થયુ છે. તો સમાજના કોઇ એક વર્ગમાં એનું ધોવાણ થયેલુ જોઇ શકાય છે. આમ સમાજના સારા-નરસા બન્ને પાસાનું આલેખન જોવા મળે છે. અહીં નાયક તરીકે આવતું ચિત્રગુપ્તનું પાત્ર એ સાહસિક, નીડર, નવયુવાન, તીક્ષ્ણબુદ્ધિ ધરાવનાર છે. તો એની સાથે છળકપટ કરનાર ભીમધન્વાનુ પાત્ર સ્વાર્થ ખાતર મિત્ર દ્રોહ કરે છે. સૌ પ્રથમ વિશ્વાસમાં લીધા પછી એને બંદી બનાવી સમુદ્રમાં ફેંકી દઇ મારી નાખવાનો પ્રયાસ કરે છે. આમ ભીમધન્વા જેવા પાત્રો ત્યારે પણ તે સમાજમાં હતા.

બીજી તરફ તત્કાલીન સમયની નારીની વાત કરીએ તો કન્દુકાવતીનું નૃત્ય સૌ કોઇ માટે ખુલ્લુ મૂક્યું છે. એ બતાવે છે કે એ સમયનો સમાજ ઉદાર મતવાદી હશે. સંસ્કૃતમાં કહેવાયું છે કે દર્શના કન્યકા: જે સમયની નારીની સ્થિતિને દર્શાવે છે. કન્દુકાવતી કન્દુક નૃત્યમાં પ્રવિણ છે. તો સાથે સાથે તેનામાં સ્ત્રી સહજ ચપળતા અને લજ્જા પણ છે. ચિત્રગુપ્ત પ્રત્યે અનુરાગવાળી તે ચિત્રગુપ્ત પાસે જાય છે ત્યાં લજ્જાથી ઝૂકી જાય છે. આમ સ્ત્રી સહજ લજ્જા ધરાવનારી છે. દંડીનો દરેક નાયક સાહસિક, ખમીરવાળો, ચતુર અને નવયુવાન છે. દરેક કુમારને રાજ્ય અને કન્યાની પ્રાપ્તિ થાય છે. તેમના સાહસમાં પ્રેમ છે. પ્રેમમાં સાહસો છે. બ્રહ્મરાક્ષસની ચુંગાલમાંથી છૂટનારો ચિત્રગુપ્ત એના પ્રશ્નના જવાબમાં ચાર વાર્તા કહી સંભળાવે છે. જેમાં તત્કાલીન નારીની સ્થિતિનો ખ્યાલ આવે છે તે સમયે ધૂમિની જેવી સ્ત્રીઓ હતી તો ધન્યક જેવા પુરુષો પણ હતા. વળી આ સમયે સંયુક્ત કુટુંબપ્રથા

અસ્તિત્વમાં હતી. જે ધનક, ધાન્યક અને ધન્યક ત્રણે ભાઇઓના સપત્ની નિવાસથી સૂચિત થાય છે. દુષ્કાળની પરિસ્થિતિમાં માનવી માનવતાને ભૂલી જાય છે. આથી જ તો ગુજરાતી સર્જકે કહ્યું છે "ભૂખ કરતા ભૂંડી ભીખ છે." બધુ જ ધાન્ય પૂર્ણ થતા પશુઓ ઘેટા બકરાઓને ખાધા પછી કુટુંબના સભ્યોનો વારો આવે છે. અહીં આ અનાગરીક વિચાર આપણને ખટકે છે. પણ વાસ્તવિક્તાને કવિએ રજુ કરી છે. બન્ને ભાઇઓની પત્નીનું ભક્ષણ કર્યા પછી ધન્યકની પત્નીનો વારો આવે છે. પત્ની પ્રત્યેના અપાર પ્રેમને કારણે ધન્યક પોતાની પત્નીને લઇને રાતે નાસી જાય છે. આ પ્રેમાળ પતિ પોતાના લોહી માંસ ખવડાવીને પત્નીને પોષે છે. રસ્તામાં હાથ-પગ કપાય ગયેલ છે. એવા તરફડિયાં મારતો કોઇ પુરુષ મળે છે જેને પણ ખભે ઉપાડી ધન્યક ગાઢ જંગલમાં લઇ જાય છે. ધન્યક પોતાની પત્ની અને તે માણસને જંગલમાંથી મળતા કંદમૂળ અને પ્રાણીઓથી તેમની ભૂખ સંતોષે છે. એક વાર ધન્યકની ગેરહાજરીમાં ધૂમિની આ માણસ પાસે રતિક્રિડા માટે જાય છે અને એ પુરુષની અનિચ્છાએ એની સાથે સંભોગ માણે છે. એટલું જ નહીં પોતાનો પતિ આવીને પાણી માંગે છે ત્યારે તેને કૂવા પર મોકલે છે અને પાછળથી જઇ તેને ધક્કો મારી કૂવામાં ફેંકી દઇ આ માણસને સાથે લઇ જતી રહે છે અને પોતાનો પતિ અપંગ છે અને સેવા કરનારી સન્નારી તરીકે લોકો સમક્ષ આવે છે. બીજી તરફ વેપારીઓનું એક ટોળું કુવામાંથી ધન્યકને બહાર કાઢે છે. ધુમિની પતિવ્રતા હોવાનું માની લોકો એને સન્માને છે. બીજી તરફ ધન્યક ત્યાં જઇ ચડે છે. આટલુ ઓછુ હોય તેમ ધુમિની એવું જાહેર કરે છે કે આ દુષ્ટ ધન્યકે જ પોતાના પતિને અપંગ બનાવ્યો છે. આથી રાજા સજા ફટકારે છે પણ ધન્યક એ પુરુષ જો પોતાનો અપરાધ કબૂલ કરે તો સજા મંજુર હોવાનું જણાવે છે. આ લાચાર અપંગ માણસ ધુમિનીના કરતૂતોનો પર્દાફાસ કરે છે.

આમ સમાજના કોઇ એક વર્ગમાં આવી બેવફા અને કુલટા નારી પણ છે જે પોતાના કાળા કરતુતોને છુપાવીને પોતાની જાતને સન્નારી કહેવડાવે છે. પણ સત્યનો પર્દાફાશ થતાં એની બેવફાઇ અને હલકટતા સામે આવે છે. આમ નીચ અને અધમ કૃત્ય કરનારી નારી પણ તે સમાજમાં છે તો ગૌમિની જેવી આદર્શ ગૃહિણીઓ પણ આ સમાજમાં જ છે. અહીં ધુમિનીનો વ્યવહાર અનાગરિક છે.

બ્રહ્મરાક્ષસના બીજા પ્રશ્ન ગૃહસ્થને ઉપયોગી શું છે? એના જવાબ આપતા જણાવે છે કે "પત્નીનાં ગુણો" જેના સમર્થનમાં ગૌમિનીની કથા સંભળાવે છે. શક્તિકુમાર ગુણવાન પત્નીની શોધમાં એક પ્રસ્થ ડાંગર લઇને જ્યોતિષનો વેશ ધારણ કરી નીકળી પડે છે. જોષી છે આથી કન્યાવાળા કન્યાઓ બતાવવા લાગ્યા જયારે એને કોઇ ગુણવાન કન્યા દેખાય ત્યારે તે પ્રશ્ન કરતો કે, 'હે કલ્યાણી આ એક પ્રસ્થ ડાંગરમાંથી મને સ્વાદિષ્ટ ભોજન જમાડવાની તારામાં આવડત છે. આમ કરતાં કાવેરી નદીના કિનારે આવેલ નગરમાં એક માતા-પિતાની છત્રછાયા વગરની ગરીબ કન્યાને જુએ છે અને તેને આ પરીક્ષા માટે પૂછે છે. આ કન્યા એનો સ્વીકાર કરે છે. તેણે તે પવાલું

લઇને ખૂબ આવડતનું પ્રદર્શન કરીને ડાંગરના ફોતરા, બળેલા લાકડાંના કોલસા, ભાતનું ઓસામણ વગેરેનો ઉપયોગ કરી અત્યંત સ્વાદિષ્ટ રસોઇ કરીને શક્તિકુમારનું દિલ જીતી લીધું.

ગૌમિનીમાં કરકસરથી ઘર ચલાવવાની કુનેહ, રાંધવાની કુશળતા, રસોઇ પીરસવાની નિપુણતા ઓછા સાધનોથી સુંદર ભોજન બનાવવાની તેની પ્રવિણતા તેની સુંદરતા વગેરેને કારણે શક્તિકુમાર તેને પરણે છે અને સુખી થાય છે. એક આદર્શ ગૃહિણીના દર્શન ગૌમિનીમાં થાય છે. આકૃતિઃ ગુણન કથયતિ એ અનુસાર ગૌમિનીનું સંપૂર્ણપણે દંડીએ સામુદ્રિકશાસ્ત્ર મુજબ વર્ણન કર્યું છે.

નિતમ્બની કથામાં ગુણવાન સન્નારી હોવા છતાં નાનકડા કારણોસર પતિનો તિરસ્કાર પામેલ સ્ત્રીની વાત કરી છે. પોતે કરેલો સંકલ્પ પાર પાડનારી આ નારી છે. પોતાનાં કુનેહ-કુશળતાથી એ ધાર્યું કામ પાર પાડી શકે છે. જેમાં સ્ત્રી સહજ વાકપાટવ, ચતુરાઇ વગેરેનાં દર્શન થાય છે. નાના અમથા કારણસર પતિથી તરછોડાયેલી કેટલીય નારીઓને સમાજથી તિરસ્કૃત થયેલ છે. પોતે સુશીલ હોવા છતાં પણ એનો ભોગ બનનારી નારી છે. પતિને પરમેશ્વર માનનારી એ સ્ત્રીને પોતાના જીવનમાં અનુભવાતો ખાલીપો સમાજનો તિરસ્કાર વગેરેનું આલેખન છે.

નિતમ્બની જેવી ભલી ભોળી સ્ત્રીઓ કલહકંટક જેવા પુરુષોની માયાજાળમાં ફસાઇ જાય છે. જેના પરિણામે તે પતિનો તિરસ્કાર ભોગવે છે. વળી સ્ત્રીસહજ માતૃત્વની ઝંખના એને ન કરવાનું કરાવડાવે છે. એ નબળાઇને સારી રીતે જાણનારા કલહકટક જેવા દુષ્ટી એવી ભલીભોળી નારીને ફસાવે છે અને પોતાને વશ થવા મજબુર બનાવે છે. પુરુષપ્રધાન સમાજમાં પુરુષને તાબે થનારી ઘણી સ્ત્રીઓ છે. પોતાની લાજ જવાના બીકે તેમજ છળકપટમાં ફસાથેલ કેટલીય નારી કલહકંટક જેવાની તાબે થનારી છે.

આ સમગ્ર ચર્ચા કર્યા પછી આજની નારીની વાત કરીએ તો આધુનિકતાના રંગે રંગાયેલી તેમજ પશ્ચિમી સંસ્કૃતિને વરનારી ઘણી સ્ત્રીઓ સ્વતંત્રતા ભોગવે છે, તો કોઇ એક વર્ગ સ્વતંત્રતાનો ગેરલાભ ઉઠાવે છે. એક તરફ ગુણવાન સન્નારી છે તો અધમ ગણાતી ધુમિનીઓ પણ છે. પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરનારી કુનેહ ધરાવતી નારી પણ આ સમાજમાં છે. પ્રવર્તમાન સમયમાં નારી પુરુષ પર નિર્ભર રહેવાને બદલે પોતે પગભર થવા લાગી છે. છતાં પણ એક એવો વર્ગ છે કે જયાં સ્ત્રી પુરુષના આધિપત્ય નીચે દબાઈને જીવન જીવનારી છે. તો ક્યાંક સામાજીક માળખાને કારણે વિભકતકુટુંબ વ્યવસ્થાને પ્રાધાન્ય આપનારી બની છે. ગ્રામ્ય સંસ્કૃતિ કરતાં શહેરી સંસ્કૃતિ તરફ ઝૂકેલી જોવા મળે છે. પુરુષના તાબામાં રહેવાને બદલે સ્ત્રી સ્વતંત્ર જીવન જીવવા લાગી છે. પોતાના કુનેહ, કુશળતા અને બુદ્ધિચાતુર્યથી એ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. અર્થાત ઉત્તર

પૂર્વની કન્યાઓ ગૌરાન્વિત બનશે જેને સાચુ પાડી રહી છે. સમાજના વિવિધ સ્તર પર વિવિધ પ્રકારની નારીઓના ચરિત્રો જોવા મળે છે.

એક આદર્શ ગૃહિણી ગૌમિની જેવી કેટલીયે સ્ત્રીઓ સમાજમાં છે જે કરકસર દ્વારા પોતાના પતિની ઓછી કમાણીમાં પોતાની કુનેહ કુશળતાથી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરનારી નારી છે. રસોઇમાં પ્રાવિણ્ય ધરાવનારી નારી છે. તો પ્રવર્તમાન સમયમાં બાજારૂ ખાણી-પીણીના રંગે રંગાયેલી પ્રમદાઓ પણ છે.

સંદર્ભ સૂચિ:

(૧) સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ – ભરત ચૌધરી

(૨) દંડીનું દશકુમાર ચરિત- છઠ્ઠો ઉચ્છવાસ

ISBN: 978-93-342-1979-1

# Communication Barriers in Educational Institutions: Challenges and Solutions

Prof. Pranay N Shrivastava
(Department of English)

Effective communication is the backbone of any successful educational institution. However, various barriers can hinder the flow of information, leading to misunderstandings, miscommunications, and ultimately, affecting academic performance. This article explores the common communication barriers in educational institutions, their consequences, and potential solutions.

**Types of Communication Barriers:**

1. Language Barriers: Students from diverse linguistic backgrounds may struggle to comprehend instructions or express themselves effectively.
2. Cultural Barriers: Cultural differences can lead to misinterpretation of nonverbal cues, values, and norms.
3. Technological Barriers: Insufficient access to technology or inadequate digital literacy can limit communication.
4. Physical Barriers: Disabilities, hearing impairments, or visual impairments can restrict communication.
5. Interpersonal Barriers: Teacher-student relationships, authority figures, or social anxiety can hinder open communication.
6. Institutional Barriers: Bureaucratic structures, rigid policies, or inadequate resources can obstruct communication.

**Consequences of Communication Barriers:**

1. Academic Underachievement: Misunderstandings lead to poor grades and decreased motivation.
2. Student Disengagement: Feeling unheard or misunderstood can result in disinterest and withdrawal.
3. Teacher Burnout: Unsuccessful communication can lead to frustration and decreased job satisfaction.
4. Decreased Parental Involvement: Limited communication can disconnect parents from their child's education.

**Solutions:**

1. Language Support Services: Provide language assistance programs, bilingual staff, or translation tools.
2. Cultural Sensitivity Training: Educate staff on cultural diversity and inclusive communication practices.
3. Technology Integration: Implement accessible digital platforms, online resources, and multimedia tools.
4. Inclusive Infrastructure: Ensure physical accessibility and provide accommodations for students with disabilities.
5. Open-Door Policies: Foster a supportive environment where students feel comfortable approaching teachers.
6. Regular Feedback Mechanisms: Establish channels for students, teachers, and parents to provide feedback.

ISBN: 978-93-342-1979-1

7. Teacher Training: Develop effective communication skills through workshops and professional development.
8. Parent-Teacher Associations: Encourage collaboration and regular communication.

**Conclusion:**

Communication barriers in educational institutions can have far-reaching consequences. By acknowledging and addressing these challenges, institutions can create an inclusive, supportive environment that fosters academic success, student engagement, and teacher satisfaction. Implementing solutions that promote effective communication will ultimately enhance the quality of education and benefit all stakeholders.

**Recommendations:**

- Conduct regular communication audits to identify barriers.
- Develop institution-wide communication strategies.
- Provide ongoing training for staff and students.
- Encourage student feedback and participation.
- Foster partnerships with local communities to address cultural and linguistic diversity.
- By breaking down communication barriers, educational institutions can unlock the full potential of their students, teachers, and communities.

ISBN: 978-93-342-1979-1

# **मानवीय संवेदना के कवि रहीम**

प्रा. राजेश्री एच. जोशी
(गुजराती विभाग)

कवि आर्षद्रष्टा होता है। वर्तमानमें रहते हुए भी भूत और भविष्य का संसार उसके सामने उजागर रहता है। समर्थ साहित्यकार समष्टि का चिंतक होता है। इसोलिये वह जनजीवन को प्रभावित करता हुआ भविष्य दर्शन कराता है। साहित्यकार यूं तो 'स्वान्तः सुखाय' रचना करता है पर साथ साथ सामाजिक और राजकीय मूल्यों को भी गति प्रदान करता है। निज की बात करते हुझे वह सर्व की बात करता है। निज की बातमें सर्व की बात को समेट लेता है। सर्जक का निजित्व समाज से एकाकार हो जाता है। इसोलिये कवि सर्वकालीन होता है। अपने युग में रहते हुऐ भी भविष्य के संदर्भों में जिवित रहता है। अब्दुररहीम खानखान एसे ही कवि है। कवि रहीम विराट व्यकितत्व के धनी थे। वे जीवन, साहित्य, संस्कृति, कला एवं भाषा को प्रेरणा देने के साथ साथ कुशल राजनीतिज्ञ भी थे। वीर, रणकुशल एवं विजता सामंत थे। साथ ही वे कला और साहित्य के उपासको के आश्रयदाता एवं फारसी, संस्कृत और हिन्दी के उत्कृष्ठ कवि थे। मुगलकाल के वह रणकुशल राजनीतिज्ञ थे। तो दूसरी और उनकी कलम मानव कल्याण भावना और सर्वधर्म समभाव से प्रभावित करती है।

आज का समय विकट और चुनौतीपूर्ण है, सांप्रदायिक ताकतें समुदायो में धृणा और अविश्वास फैला रही है। मुस्लिम आतंकवाद से दुनिया त्रस्त है। हर रोज दुनिया में मानवीय संवेदना तडपती नजर आती है। रहीम के समय में भी ऐसी समस्याएं थी जो आज अधिक विकराल रुप ले कर हमारे सामने खडी है। सभ्य और शिक्षित समाज भी सांप्रदायिकता की आंधी में बह जाता है। एसे समय में कवि रहीम बहु तही प्रस्तुत है, वे कुरान के आदर्शोका पालन करनेवाले पकके मुसलमान तो थे ही साथ में पूरे भारतीय भी थे। इस्लाम के साथ उनकी श्रद्धा कृष्ण में भी थी। रहीम का मानना था की धर्म कट्टरता नही उदारता सिखाता है। उन्होंने आंतरिक संस्कारो और जीवन मूल्यों पर ज्यादा भार दिया है। उनकी हिन्दी रचनाओमें भारतीय प्रेम, भक्ति, दान, मान, अनुभव प्रगट होते है, वे मानवीय संवेदनाओं की प्रतिमूर्ति थे। उनकी रचनाओमें हमें सर्वधर्म समभाव, सांमजस्य और समन्वय का अमर संदेश मिलता है।

यह माना जाता है कि रहीमने सातसौ दोहे लिखे किन्तु कुल चारसौ बारह दोहे ही प्राप्त हुए है। जिसमें से दोसौ सत्तर दोहावली में और बाकी के नगरशोभा में है। वे दोहामें कथा नहीं कहते, कथा का संकेत देते है। यह संकेत पूरे अर्थ को प्रकाशित करता है। छोटे से छोटे छंद में अधिक से अधिक भाव भरने की मंशा से उन्होंने दोहो की रचना की उन्होंने स्वयं कहा है-

**दीरध दोहा अरथ के आखर थोडे आहि**
**ज्यों रहीम नट कुंडली सिमिट कुदि चढी चाहि ।।**

रहीम के दोहे उनकी नीतिपरकता के लिये ज्यादा प्रसिद्ध है। इन नीतियों को स्पष्ट करने के लिये उन्होने लोक के द्रष्टांत लिये है। अपने दोहोमें उन्होंने जीवन की बहुविधता को समाविष्ट किया है। मानवीय स्वार्थ, संतान-कुसंतान, प्रम, मान-सम्मान, ऊचनीच, सहिष्णुता, संगति, मनुष्य की सामुहित विवशता आदि उनके दोहोमें ध्वनित होते है अब हम रहीमजी के कुछ दोहे लेकर उसमें प्रबोध गये मूल्य को समजने का प्रयास करते है-

मित्रता या संगति से शुरु करते है। संगति के गुण को या मित्रता की सच्चाई को वे इस तरह बताते है-

**कदली सीप भुजंग मुख, स्वाति एक गुण हीन जसी संगति बैठिए, तै सोइ फल दीन ।।**

अर्थात् स्वाति नक्षत्र में वर्षा की बूंदे समान होती है। किंतु केले के पत्ते पर गिरने वाली बूंद कपूर बन जाती है, सीप में गिरती है तो मोती बन जती है, साँप के मुख में गिरने वाली बूंद विष बन जाती है। यहि स्थिति हमारे संसार की है। मनुष्य की अच्छी और सच्ची परख उसके स्वभाव से होती है। अच्छे स्वभाव को कुसंगति भी नहीं बिगाड सकती-

**जो रहीम उत्तम प्रकृति का करि संग कुसंग**
**चंदन विष व्यापत नहीं लिपटे रहत भुजंग ॥**

इसी के साथ मनुष्य की स्वार्थ वृत्ति की और भी संकत करते है-

**काज परे कछु और है, काज सरे कछु और**
**रहिमन भँवरी के भऐ, नदो सिरावत मोर** ।। या फिर

**कह रहीम संपत्ति सजे, बनत बहुत बहुरीत**
**विपित्ति कसोटी जे कसे तेइ साँच मीत ।।**

अच्छे पडोसी की आवश्यकता को बताते हुए-

**बसि कुसंग चाहत कुशल यह रहीम जिय सोच**
**महिमा घटी समुद्र की रावण वस्यो पडोस ।।**

- कहने के साथ ही रिश्तेदारों की नजदीकी के कुफल भी मार्मिक ढंग से व्यकत करते है-

**नात नेह. दुरी भली, जे रहीम जिये जानि निकट निरादर होते है, जयों गठइ को पानी ।।**

हमें अपने व्यवहार में बडा सजग रहना चाहिए। क्युंकि एक बार यदि बात बिगड जाती है तो फिर नहीं बनती।

**बिगरी बात बने नहीं, लाख करो किनकोय**
**रहिमन बिगरे दध को मथें न माखन होय ।।**

कभी हमारे व्यवहार से कोइ सज्जन बुरा मानते है या असंतुष्ट होते है तो उन्हें विनय कर बार बार मनाना चाहिए-

**टूटे सुजन मनाइए, जो तूट सौ बार**

**रहिमन फिर फिर पोइए, टूटे मुक्ताहार ।।**

आज की पूंजीवादी व्यवस्था में संपत्ति का मूल्य बढता जा रहा है और माननीय संबधो का अवमूल्यन हो रहा है। एसे समय में रहीम के दोहे और भी प्रासंगिक हो जाते है क्योंकि उन्होंने लघु मानव को प्रतिष्ठा प्रदान की है-

**रहिमन देखि बडेन को, लघु न दीजीये डारि**

**जहां काम आवे सुइ, कहा करे तरवारि ।।**

यहाँ सूई और तलवार के द्रष्टांत में लाकबोध होना आवश्यक है। तलवार का उपयोग सामयिक होता है किन्तु सूई जोवन की एक सामान्य आवश्यकता है। तभी रत्नाकर से पंक जल की महिमा भी विशेष है- **धनि रहीम जल पंक को, लघु जिय पियत अघाय**

**उदधि बडाई कौन है, जगत प्यासो जाय ।।**

चाहे परम मित्र या पिता ही क्यों न हो, किसी के आगे हाथ फैलाना बडा ही दुःखदायी माना गया है। परिस्थिति इंसान को मजबूर करती है तो विवशता वश मांगना पडता है। रहीम माँगने और मरने में अंतर नहीं मानते- **रहिमन वे नर मर चूके, जे कहुँ माँगन जाहिं**

**उन ने पहिले वे मुझे, जिम मुख निकसत नाहि ।।**

महान आर प्रतिष्ठिति व्यक्ति भी मांगने से छोटा और तेजहीन हो जाता है। जैसा कि मांगने के लिये नारायण को भी बावन अंगुल जितना वामन बनना पडा-

**रहिमन जाचकता गहै, बडे छोटे होइ जात नारायन हु को भये, बावन आंगुर गात ।।**

विपरीत परिस्थिति में मनुष्य को धैर्य रखना चाहिए। समय परिवर्तनशील है। हमें आशावादी रहना चाहिए। क्यूं कि अनुकूल स्थिति अवश्य ही आती है और तब हमारे उद्देश्य पूर होते है-

**रहिमन चूप हो बैठिये, देखि दिनन के फेर जब नी कै दिन आइ है, बनत न लगि है दर ।।**

व्यक्ति को हमेशा अपना आत्म सम्मान बनाए रखना चाहिए। सम्मान से प्राप्त विष भी अमृत तुल्य होता है- **मान सहित विष खाय के, संभु भये जगदीश**

**बिना मान अमृत पिए, राहु कटायो सीस ।।**

कवि ने अपने जीवन कालमें बहुत विपत्तियाँ भी झेली पर फिर भी आत्म सम्मान बनाए रखा-

**रहिमन मोहि न सुहाय, अमि पियायै मान बिन बरु विष देइ बुलाय, मान सहित मरियो भलो ।।**

दुष्ट प्रकृति का व्यकित मित्र हो या शत्रु-दोनों ही स्थितियों में हानिहारक है-

**रहिमन ओछे नरन सो, बैर भलो न प्रीति काटे, चाट स्वान के, दोउ भाँति विपरोत ।।**

रहीम उपदेश नही देते है, वे अपने अनुभव हमारे साथ बांटते है इसोलिये अपने लगते है। उनको अपने जीवन संघर्षों से भी बहुत कुछ सीखने को मिला था। यही कारण है उनके काव्य में भी विषय की व्यापकता और विविधता के दर्शन होते है। साथ साथ उनके कथन में व्यावहारिकता भी होती है। जीवन के अच्छे-बुरे पहलू पर उन्होंने हमें मार्गदर्शित किया है, ज्ञान व प्रेरणा दो है।

पंच तत्त्वो से बना हुआ शरीर नाशवंत है, आखिर में पंच तत्त्वो में ही मिल जाता है यह बात वे इतने सहज भाव से बताते है- **रहिमन ढहरि धरि की, रही पवन ते पूरि**

**गांठ युक्ति की खुल गई, अंत धूरि कि धूरि ।।**

रहीम के नीति काव्यो पर पुराणों और सामान्य जीवन का प्रभाव पडा है। पम और भक्ति के लिये अपना अहं त्यागने की बात इस तरह बताते है-

**रहिमन गली है साँकरी, दूजो ना ठहराहिं**

**आपु अहै तो हरि नहीं, हरि तो आपुन नाहि ।।**

हर एक मनुष्य को जीवनपर्यंत कोई न कोई चिंता घेरी रहती है। यह चिंता एक व्याधि की तरह हमें खोखला बनाती है, रहीम चिंता से चेतने हेतु कहते है-

**रहिमन कठिन चितान ते, चिंता को चित चेत**

**चिता दहति निर्जीवको, चिंता जीव समत ।।**

हमारी सभी चिंताओ और तृषाओं की दवा है संतोष । हम अगर इसे सिद्ध कर लेते है तो सभी मानसिक यंत्रणाओं से मुक्त होकर परमशांति का अनुभव कर सकते है-

**चाह गइ, चिंता मिटी, मनुआ बेपरवाह**

**जिनको कछु न चाहिये, वे साहन के साह ।।**

समय के सदुपयोग के लिऐ भी रहीम की उक्ति 'समय लाभ सम लाभ नहि, समय चूक सम चूक' अति महत्त्वपूर्ण है। हमारे युवा और आजकल तो हर कोइ अपना अधिकांश समय गपशप, टी.वी., मोबाईल आदि में बरबाद करते है। मौज मस्ती के नाम पर घंटो घूमते रहना, कंम्प्यूटर देखते रहना प्रायः देखा जाता है। फिर जीवन में कोइ भी प्रश्न खडा होता है तो एसे लोग हताश हो जाते है। वे अपनी जिंदगीमें असफल होते है।

जब तक जीवन है, सुख-दुःख तो लगे रहते है। पर दूसरा के आगे अपनी व्यथा कहने से कोइ लाभ नहीं होता-

**रहिमन निज मन की व्यथा, मन ही राखो गोय सुनि अठि लहे लोग सब बँटी न लैहे कोय ।।**

उपरोक्त दोहोसे स्पष्ट होता है कि रहीमने उत्कृष्ठ कवि के रुपमें प्रेरक माननीय मूल्यों को समाज हित में प्रस्तुत किया है। उनके विचार से तत्कालीन राजा और चिंतक दोनों प्रभावित थे। रहीम अति सहनशील और उदार थे वे सभी धर्मों, परंपराओं और संस्कृतियों का आदर करते थे। वे हिन्दी साहित्य के बेजोड कवि है। उन्होंने अपने साहित्य में न तो अपनी उपर शानो शौकत का जिक्र किया है और न ही अपने उपर किय गये अत्याचारो का। उनका व्यक्त्तित्त्व और साहित्य आधुनिक समयमें भी प्रासंगिक है। आतंकवाद, सांप्रदायिकता, शोषण, पाश्चात्य प्रभाव से वर्तमान समय में भारतोय सांस्कृतिक व समाज विघटित होता जा रहा है। इस संघर्षमय परिस्थिति को रहीम जैसे कवि अपनी काव्य कृतियों में विश्लेषित मानव मूल्यों द्वारा अनुकूल कर सकते है।

ISBN: 978-93-342-1979-1

# દંડીવિરચિત કાવ્યાદર્શમાં માર્ગ નિરૂપણ. (રીતિ વિવેચન)

ડૉ. જિતેન્દ્રકુમાર અંબુભાઈ પટેલ
(સંસ્કૃત વિભાગ)

## ❖ પ્રાસ્તાવિક -

દંડીએ વૈદર્ભ અને ગૌડ એ સ્પષ્ટ રીતે ભિન્ન જણાતા બે કાવ્યમાર્ગોનું નિરૂપણ કર્યું છે. તેમણે પ્રયોજેલ માર્ગ પદ રીતિના પર્યાયરૂપ જણાય છે. જેને પદ્ધતિ કે શૈલીના પણ પર્યાયરૂપ ગણી શકાય. સમગ્ર કાવ્યાદર્શમાં ક્યાંય તેમણે રીતિપદ પ્રયોજ્યું નથી. પરંતુ ભામહે જેનો આછો ઉલ્લેખ કરીને, ગતાનુગતિકન્યાય પર નિર્ભર એવા રીતિતત્ત્વની ઉપેક્ષા કરી છે, તેની અપેક્ષાએ દંડી કંઇક વ્યવસ્થિત રીતે તેનું નિરૂપણ કરે છે.

કાવ્યનું લક્ષણ બાંધતાં દંડી તેને ઇષ્ટાર્થવ્યવચ્છિન્ના પદાવલી કહે છે. તેથી જ તેમણે ઉચિત વિચારોને અનુરૂપ અભિવ્યક્તિ અથવા શાસ્ત્રીય શબ્દ, માર્ગ કે રીતિથી લક્ષિત એવા શબ્દ તથા અર્થના ઉચિત કાવ્યાત્મકવિન્યાસની ચર્ચા કરી છે. તેઓ જણાવે છે કે, આ અભિવ્યક્તિ અનેક પ્રકારની હોય છે. ભાષાનો પ્રયોગ કહેતાં, માર્ગવિચિત્ર અર્થાત્સુંદર છે, કેમ કે, સૂક્ષ્મભેદથી પણ પ્રત્યેક માર્ગ એકબીજાથી પ્રતિકવિ જુદો પડે છે. પરંતુ સ્પષ્ટ રીતે વિભક્ત એવી કાવ્યલેખનની બે પ્રણાલીઓ – માર્ગો – વૈદર્ભ અને ગૌડને દંડી ઉલ્લેખે છે તથા પરસ્પર ભિન્ન અને પ્રચલિત એવા તે બે માર્ગોની સવિસ્તર ચર્ચા કરે છે.

## ❖ વિષય વિવરણ -

કાવ્યાદર્શના પ્રથમ જ પરિચ્છેદમાં તેઓ નોંધે છે કે,

**अस्त्यनेको गिरां मार्गः सूक्ष्मभेदः परस्परम् ।**
**तत्र वैदर्भगौडीयौ वर्ण्येते प्रस्फुटान्तरौ ।।**[1]

વાણીના માર્ગો અનેક છે અને તેમની વચ્ચે સૂક્ષ્મભેદ રહેલો છે. પાછળથી કુન્તકમાં સ્વીકારાયેલ કવિસ્વભાવભેદે માર્ગભેદની વિગત દંડીને પણ અભિપ્રેત હશે એમ જરૂર કહી શકાય. આ રીતે, માર્ગ એ વૈયક્તિક વિગત હોઇ કવિએ તે ભિન્ન ભિન્ન હોઇ શકે. એટલે કે, વૈદર્ભમાર્ગના અનેક કવિઓમાં પણ ભિન્નભિન્ન કાવ્યસ્વરૂપ પ્રગટ થાય છે. જેમ શેરડી, ગોળ, દૂધ, વગેરેની મધુરતામાં પણ સૂક્ષ્મભેદ રહેલો છે, એમ જ, આ બાબત સમજી શકાય. વાણીના પરસ્પર સૂક્ષ્મ ભેદયુક્ત આ અનેક માર્ગોનું વર્ણન તો શક્ય ન હોવાથી દંડી સ્પષ્ટ ભેદરેખાથી અંકિત એવા વૈદર્ભ

[1]કાવ્યાદર્શ પરિચ્છેદ.૧, શ્લોક.૪૯

અને ગૌડ એ બે માર્ગોને જ વર્ણવે છે અને તેમાં પણ કયો માર્ગ વિશેષ ગ્રાહ્ય તે તેમણે સૂક્ષ્મ રીતે સૂચવ્યું છે.

**૧.** ગૌડ માર્ગમાં રીતિના પ્રાણભૂત તત્ત્વો વિશે જુદા પ્રકારની વિચારણા છે. एषां પદને અહી प्राणाः સાથે જોડવામાં આવે છે અને વિપર્યયનો અર્થ અન્યથાત્વ એવો કરવામાં આવે છે.

**૨.** કેટલીકવાર વૈદર્ભ માર્ગમાં જણાતા પ્રસાદ અને સમતાથી વિરોધી એવા ગુણધર્મો, જેવા કે, અપ્રસિદ્ધાર્થનું નિરૂપણ અને સમતાનો અભાવ – ગૌડ માર્ગમાં ક્યારેક જોવા મળે છે અને તે વખતે एषां પદ દ્વારા શ્લેષાદિ ગુણોલેવાના અને એનું વૈપરીત્ય એટલેકે એના વિરોધી ગુણ એવી સમજૂતી અપાય છે.

**૩.** ગૌડોનો કાવ્યબંધ અંગેનો વિચાર વૈદર્ભો કરતાં જુદો પડે છે એ વિગત કદાચ હૃદયંગમા એ વધારે સરસ રીતે વ્યક્ત કરી છે અને એ પ્રમાણે एषांને શ્લેષાદિ ગુણો સાથે જોડીને વિપર્યયનો અર્થ અન્યથાત્વ એવો ઘટાવવામાં આવે છે.

**तदेतद्वाङ्गमयं भूयः संस्कृतं प्राकृतं तथा ।**
**अपभ्रंशश्च मिश्रं चेत्याहुरार्याश्चतुर्विधम् ।।**[2]

તે આ ગદ્ય, પદ્ય, અને મિશ્રસ્વરૂપવાળા સમગ્ર સાહિત્યને આર્યોએ પુનઃ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને મિશ્ર એમ ચાર પ્રકારનું કહ્યું છે.

**संस्कृतं नाम दैवी वागन्वाख्याता महर्षिभिः ।**
**तद्भवस्तत्समो देशीत्यनेकः प्राकृतक्रमः ।।**[3]

સંસ્કૃત એ દૈવી વાણી છે. પાણિનિ વગેરે મહર્ષિઓએ તેનું અન્વાખ્યાન કર્યું છે. અર્થાત તેને સમજાવી છે. તદ્ભવ, તત્સમ અને દેશી એ રીતે પ્રાકૃત અનેકવિધ છે.

**महाराष्ट्राश्रयां भाषां प्रकृष्टं प्राकृतं विदुः ।**
**सागरः सूक्तिरत्नानां सेतुबन्धादि यन्मयम् ।।**[4]

સુક્તિરૂપી રત્નોના સાગરરૂપ સેતુબંધ વગેરે જેમાં રચાયેલ છે. મહારાષ્ટ્રમાં બોલાતી ભાષા સર્વશ્રેષ્ઠ પ્રાકૃત મનાય છે.

**शौरसेनी च गौडी च लाटी चान्या च तादृशी ।**
**याति प्राकृतमित्येवं व्यवहारेषु संनिधिम् ।।**[5]

---

[2]કાવ્યાદર્શ પરિચ્છેદ. ૧, શ્લોક.૩૨

[3]કાવ્યાદર્શ પરિચ્છેદ. ૧, શ્લોક.33

[4]કાવ્યાદર્શ પરિચ્છેદ. ૧, શ્લોક.૩૪

[5]કાવ્યાદર્શ પરિચ્છેદ. ૧, શ્લોક.૩૫

ISBN: 978-93-342-1979-1

શૌરસેની, ગૌડી, લાટી અને તેના જેવી બીજી ભાષાઓ પ્રાકૃત નામે વ્યવહારમાં પ્રયોજાય છે.

**आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः ।**
**शास्त्रेषु संस्कृतादन्यदपभ्रंशतयोदितम् ।।**[6]

કાવ્યમાં આભીર વગેરેની વાણી અપભ્રંશ કહેવાય છે જ્યારે સંસ્કૃતથી જુદી હોય તે, શાસ્ત્રમાં અપભ્રંશ એમ કહેવાય છે.

❖ **ઉપસંહાર -**

**संस्कृतं सर्गबन्धादि प्राकृतं स्कन्धकादि यत् ।**
**ओस रादिरपभ्रंशो नाटकादि तु मिश्रकम् ।।**[7]

સર્ગબન્ધ વગેરે સંસ્કૃત રચના છે. સ્કન્ધક એ નામે છંદથી યુક્ત વગેરે પ્રાકૃત રચના છે. ઓસર વગેરે અપભ્રંશ અને નાટક વગેરે મિશ્ર રચનાઓ મનાય છે.

આમ આ રીતે મહાકવિ દંડી સ્વવિરચિત ગ્રંથ કાવ્યાદર્શના પ્રથમ પરિચ્છેદમાં રીતિભેદને માર્ગભેદ તરીકે ઓળખાવે છે. આચાર્ય હેમચંદ્રએ સ્વવિરચિત ગ્રંથ કાવ્યાનુશાસનમાં રીતિસ્વરૂપની કોઇ ચર્ચા ન કરીને રીતિ સિદ્ધાંતનો અન્તર્ભાવ ગુણ સિદ્ધાંતમાં વર્ણવેલ છે.

[6]કાવ્યાદર્શ પરિચ્છેદ. ૧, શ્લોક.૩૬

[7]કાવ્યાદર્શ પરિચ્છેદ. ૧, શ્લોક.૩૭

ISBN: 978-93-342-1979-1

# સારી પરીક્ષા માટેના કીમિયાઓ

ડૉ. દિવ્યાંગ કે વ્યાસ
(કોમર્સ એન્ડ એકાઉન્ટસી વિભાગ)

આવનારા સમયમાં શ્રેષ્ઠ કોલેજો અને યુનિવર્સીટીઓ મૂલ્યાંકન પામેલી ઉત્તરવહીઓ વેબસાઈટ પર મૂકશે. મૂકશે શ્રેષ્ઠ કક્ષાની કોલેજો કે જયાં ખૂબ સારી રીતે અધ્યયન કરાવવામાં આવે છે, મૂલ્યાંકન કરવામાં આવે છે ત્યાં નિર્ભયતાથી આ સાહસિક પ્રયોગ સફળ થયો છે. જયાં વિદ્યાર્થીઓને પારદર્શિતા અને પરીક્ષાની યથાર્થતાની સરળતાથી સમજણ પ્રાપ્ત થવા લાગી છે. જો કે તેમાં રીઢા અને મીંઢા બૌધ્ધિકો વણમાગી સલાહ અને ભય વ્યકત કરીને અંતે તે સ્વીકારશે જ.

જયારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી હતા ત્યારે તેમણે ઓપનબુક એકઝામની દરખાસ્ત રજું કરેલ. જો તેવું  થાય તો પ્રશ્નપત્રો વેચનારાઓ, ગાઈડ અને શ્યોર સજેશન્સના પુરસ્કૃત પ્રકાશકો, ડમી રાઈટર્સનાં કૌભાંડો, ચિઠ્ઠી, કાપલી અને વર્ગખંડોમાં થતી દુર્ઘટનાઓ સમેટાઈ જાય.



Source: www.dreamstime.com


શિક્ષણની પધ્ધતિઓ અને પ્રયુકિતઓ, અધ્યાપન અને અધ્યયનના સિધ્ધાંતો, કોમ્પ્યુટર શિક્ષણ, પરીક્ષાના પેપર કાઢવાથી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધીનું જ્ઞાન, વિદ્યાર્થીઓનું સતત મુલ્યાંકન, વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક હાજરીની નોંધ સતત જયાં લેવાતી હોય તેવી કોલેજો જ બજારમાં ટકશે, એકવીસમી સદીમાં સ્વહસ્તે લખેલ પ્રશ્નપત્રો જયાં નીકળતાં હોય ત્યાં અનેક ક્ષેત્રે ઈનિશિએટિવ પહેલ-વૃતિ દાખવવાનો સમય આવી ગયો છે.

પરીક્ષામાં ગોલ્ડ મેડલ મેળવતો વિદ્યાર્થી જિંદગીની પરીક્ષામાં નાપાસ થાય અને ડિપ્રેશન આવી જાય કે આત્મહત્યા કરે તે યોગ્ય નથી. કારણ કે તેમાં સ્મૃતિની કસોટી થાય છે પ્રતિભાની કે મૌલિકતાની નહીં તે માટે વિદ્યાર્થીઓની સાથેસાથે તેમના વાલીઓને પણ સમયાંતરે અધ્યાપકોએ વાલી મિટીંગોમાં સમજ કેળવવી પડશે કે આ પરીક્ષાઓ એ તો જીંદગીનો નાનો ભાગ છે, હજી ઘણી પરીક્ષાઓ બાકી છે,

ISBN: 978-93-342-1979-1

જિંદગી મહત્વની છે, પરીક્ષા નહીં. જિંદગી માણસ સામે નિતનવા પ્રશ્નો રજૂ કરે છે તેથી પરીક્ષાને ઉત્સવની જેમ ઉજવવી જોઈએ. તેમને સમજાવવું જોઈએ કે દુનિયાના કેટલાય નામના મેળવનાર વૈજ્ઞાનિક, સંગીતશાસ્ત્રીઓ, ક્રિકેટરો, અભિનેતાઓ, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, આદર્શ બન્યા. કોલેજમાં વિદ્યાર્થીઓની ઓછી હાજરી, જયારે ટ્યુશન કલાસ વિદ્યાર્થીઓથી ઉભરાય છે તેમાં આપણે મનોમંથન કરવાની જરૂર છે. વર્ગખંડોનું સ્થાન કદી ટ્યુશનખંડો લઈ જ ન શકે.

અનિચ્છા, સંજોગો કે પરિસ્થિતિ, ઓળખાણો કે અન્ય યેનકેન રીતે બનેલા અધ્યાપકો કરતાં સ્વ ઈચ્છા અને આપબળે બનેલા અધ્યાપકોની કામગીરી, ભૂતકાળ તેમજ ભવિષ્ય ઉજ્જળ જ હોવાના. તેઓના વિદ્યાર્થીઓ વર્ગખંડમાં છેલ્લી પાંચ મિનિટ માં જો પ્રશ્નો ના પૂછેતો સમજજો કે ભણાવવામાં કંઈક ખામી છે પ્રશ્નો એ તો પ્રગતિની નિશાની છે તેને હાકોટા, પડકારો, ભયસ્થાનો કે અન્ય રીતે ડરાવીને રોકવા ન જોઈએ.



Source: www.lokpatrika.in

ધારો કે તમે કોઈ સંસ્થામાં પાંત્રીસ વર્ષ સુધી નોકરી કરી હોય અને વર્ષે બસો વિદ્યાર્થીઓ બહાર પડતા હોય તો સરેરાશ સાત હજાર નાગરિકોનું તમે ઘડતર કર્યુ કહેવાય. વળી તેનાથી બમણાં લગભગ ચૌદ હજાર વાલીઓ તમારા સંસર્ગમાં આવ્યા હોય. તે સિવાય બીજી ચાર હજાર સમાજની અગ્ર હરોળની વ્યકિતઓ એટલે કે કુલ પચીસ હજારને તમારા વિચારો, સંસ્કારો, માન્યતાઓ પ્રભાવિત કરી શકે. એટલું જ નહીં કુસંસ્કારી અને અનૈતિક માણસો પણ તમારી હાજરી કે નામની નોંધ લઈ શકે. તમે કોઈ સાધુ, સંત કે સંપ્રદાય કરતાં પણ વધુ ઊંચી સમાજસેવા કરી કહેવાય. વડાપ્રધાનો, મંત્રીઓ, અધિકારીઓ પણ પોતાના શ્રેષ્ઠ અધ્યાપકોને લાગણીસભર 'સાહેબ' કહે છે. અધ્યાપકના વ્યવસાયના મહિમા માટે આનાથી ઊંચું બીજું કશું ઈનામ હોઈ જ ના શકે! સાચા અધ્યાપકોની અંતિમ વિધિમાં નોતરેલાં સગાંવહાલાં સિવાય વણનોતરેલાં ડાઘુઓનું વધુ પ્રમાણ તે તેમની કારકિર્દીની કામગીરીનું શ્રેષ્ઠ

સર્ટિફિકેટ હોય છે. કયાંક ખૂણામાં ડુસકાં સારતી અજાણી વ્યકિત ત્યા શ્રદ્ધાંજલિ આપતી હોય તેવું શ્રેષ્ઠ મેઘધનુષ્ય અનાયાસે સર્જાતુ હોય છે.

દુનિયાની બધીજ ક્રાંતિઓ અધ્યાપકો એ જ કરી છે. દરેક વૈચારિક ક્રાંતિ કે સમાજના નવનિર્માણમાં શિક્ષકો જ પ્રણેતા હોય છે. કોલેજો કે મહા વિદ્યાલયોમાં ગોકુળિયું વાતાવરણનું - નિર્માણ પણ અધ્યાપકો જ કરી શકે. ગાંધીજીને એકવાર કોર્ટમાં પૂછવામાં આવેલુ કે “તમારો ધંધો શું છે?” તો એમણે કહ્યું હતું કે “કાંતવાનો અને વણવાનો” મને જો પૂછવામાં આવે કે “તમારો ધંધો શું છે?” હું બેધડક કહું કે મારો ધંધો અધ્યાપકનો એટલે કે “ભણવાનો અને ભણાવવાનો.”

ISBN: 978-93-342-1979-1


# સંખેડાનો ઈતિહાસ

ડૉ. પ્રિયકાન્ત આર. શ્રીમાળી
(ઈતિહાસ વિભાગ)

**સંખેડા તાલુકાની ભૌગોલિક માહિતી:**

**ભૌગોલિક સ્થાન:** ગુજરાત રાજ્યના છોટાઉદેપુર જિલ્લાનો તાલુકો સંખેડા નગર તથા તાલુકો વડોદરા જિલ્લાના ધોરી માર્ગો સાથે પાકા માર્ગોથી જોડાયેલું છે. તે જ નામ ધરાવતું તાલુકા મથક. 22° 10′ ઉ. અ. અને 73° 35′ પૂ. રે. સંખેડા વડોદરાથી આશરે 47 કિમી. અને ડભોઈથી આશરે 20 કિમી. દૂર આવેલું છે. આ તાલુકાની ઉત્તર તરફ પંચમહાલ જિલ્લાની સીમા, પૂર્વ તરફ છોટાઉદેપુર અને નસવાડી, દક્ષિણે તિલકવાડા તથા પશ્ચિમે ડભોઈ અને વાયવ્યમાં વાઘોડિયા તાલુકા આવેલા છે. આ તાલુકો મધ્ય ગુજરાતના વડોદરાના મેદાની પ્રદેશમાં સમુદ્ર-સપાટીથી આશરે 77 મીટરની ઊંચાઈએ ઓરસંગ નદીકાંઠે આવેલો છે. સંખેડા (નગર) જંબુસર-ડભોઈ-છોટાઉદેપુર નૅરોગેજ રેલમાર્ગ પરના સંખેડા-બહાદરપુર રેલમથકથી લગભગ 2 કિમી.ને અંતરે તેમજ છુછાપુરા-તણખલા નૅરોગેજ રેલમાર્ગ પરના ગોજપુર-સંખેડા રેલમથકથી પણ 2 કિમી.ને અંતરે આવેલું છે, ઓરસંગ નદી સંખેડાને બહાદરપુરથી અલગ કરે છે.

**સંખેડાનો નકશો:**




***ભૂપૃષ્ઠ–જમીનો:*** વડોદરા જિલ્લાના કાંપના પ્રદેશોમાં આવેલા આ તાલુકાનું ભૂપૃષ્ઠ સમતળ છે. તાલુકામાં બાંધકામ માટેનો રેતીખડક તથા થોડા પ્રમાણમાં ગ્રૅફાઇટ મળે છે. જમીનો કાળી, ગોરાડુ

ISBN: 978-93-342-1979-1

અને મુરમ પ્રકારની છે. તેમાંથી કપાસ, ઘઉં, જુવાર, બાજરી, ડાંગર, કઠોળ, દિવેલી, મગફળી, શાકભાજી અને કેળાંનો પાક લેવાય છે. તાલુકામાં છૂટાંછવાયાં પાનખર વૃક્ષો સાદડ, હળદરવો, ખેર તેમજ સ્થાનિક વૃક્ષો – જોવા મળે છે.

***આબોહવા:*** અહીં ઉનાળા ગરમ અને શિયાળા માફકસરના ઠંડા રહે છે. સંખેડાનું સરેરાશ દૈનિક મહત્તમ તાપમાન 43.3° સે. અને લઘુતમ તાપમાન 20° સે. જેટલું રહે છે. સરેરાશ વાર્ષિક વરસાદનું પ્રમાણ 1279.5 મિમી. જેટલું રહે છે.

**સંખેડાની તાલુકાની માહિતી:** સંખેડા તાલુકામથક હોવાથી તે તાલુકા કક્ષાની સરકારી કચેરીઓ ધરાવે છે. તાલુકા કક્ષાના સરકારી કર્મચારીઓ-અધિકારીઓ પણ અહીં વસવાટ કરે છે. અહીં દવાખાનાં, બાળ-કલ્યાણકેન્દ્ર, માતૃત્વ-કલ્યાણકેન્દ્ર, પ્રાથમિક-આરોગ્યકેન્દ્ર, કુટુંબ-કલ્યાણકેન્દ્ર, આયુર્વેદિક દવાખાનું અને પશુ-દવાખાનું જેવી સુવિધાઓ છે. લોકમનોરંજન માટે બાગબગીચા અને સિનેમાગૃહની સગવડ છે. ભગવાન લકુલીશ તથા ચામરધારિણીની પ્રાચીન મૂર્તિઓ છે. આ સિવાય ધાર્મિક દૃષ્ટિએ જોઈએ તો સંખેડામાં ભગવાન વિષ્ણુ અને મહિષાસુરમર્દિનીની મૂર્તિઓ ધરાવતું જ્વાળામુખી માતાનું જૂનું મંદિર આવેલું છે. આ ઉપરાંત, અહીં દશાવતાર, ધર્મનાથ મહાદેવ તથા કાળા આરસમાંથી કંડારાયેલી શેષનારાયણની મૂર્તિઓ છે. ભીમનાથ મહાદેવના મંદિરમાં શ્રીગણેશ-પાર્વતી વગેરેની મૂર્તિઓ, બાલાહનુમાનજીના મંદિરમાં નવ ગ્રહો અને ભૈરવની મૂર્તિઓ છે. સંખેડામાં બે મસ્જિદો પણ આવેલી છે.સંખેડામાં પૂર્વપ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક શાળાઓ આવેલી છે. અહીં વિનયન અને વાણિજ્ય કૉલેજ, સ્ત્રી-ઉદ્યોગમંદિર તથા જાહેર પુસ્તકાલય પણ છે. કૉમર્શિયલ તેમજ સહકારી બૅંકોની સુવિધા પણ છે.તાલુકાની કુલ વસ્તી 1,85,779 (2001) તથા સંખેડાની વસ્તી 10,494 (2001) જેટલી છે.

**સંખેડાની ઐતિહાસિક માહિતી:** સંખેડા નામ સંખવ (Sankhav) કે શંખાસુર નામના દૈત્ય પરથી પડેલું હોવાની લોકવાયકા પ્રવર્તે છે, પરંતુ તે અંગેના કોઈ કથાનકનો ઉલ્લેખ ઉપલબ્ધ થયેલો નથી. વાસ્તવમાં અહીં ઉંચ્છા (Unchcha) તથા ઔર અથવા ઓરસંગ નામની બે નદીઓ સંગમ પામે છે, એટલે તેનું પ્રાચીન નામ 'સંગમ-ખેટક' પડેલું અને તેના પરથી તેનું હાલનું 'સંખેડા' નામ ઊતરી આવ્યું હોવાની વધારે શક્યતા જણાય છે.ઓરસંગ નદીકાંઠા પરથી પૂર્વપાષાણયુગ, મધ્યપાષાણયુગ તથા ઉત્તરપાષાણયુગનાં માનવસર્જિત ઓજારોના તેમજ અન્ય પુરાતત્ત્વીય અવશેષો મળી આવેલા છે. આ ઉપરાંત અહીં પ્રાચીન ઇતિહાસ રજૂ કરતાં પાંચ પાંડવોનાં મંદિરો ધર્મનાથનું મંદિર, ભીમનાથનું મંદિર અર્જુનનાથનું મંદિર વગેરે પણ આવેલાં છે. પાંડવોએ આ સ્થળની મુલાકાત લીધેલી હોવા વિશે પણ લોકકથા પ્રવર્તે છે.

સંખેડા એક નાનો પ્રાચીન કિલ્લો ધરાવે છે, તે 1802માં ગાયકવાડના તાબામાં આવ્યો. એક સમયે પિલાજીરાવના વંશજ ગણપતરાવ ગાયકવાડ સંખેડાના જાગીરદાર હતા. કિલ્લાની દીવાલના કેટલાક ભાગોનો જીર્ણોદ્ધાર સૂબેદાર માનાજીરાવ ગાયકવાડે 1856-57ના અરસામાં કરાવ્યો હોવાનો ઉલ્લેખ મળે છે. કિલ્લાની બહારની દીવાલ વડોદરાના બાબી સૂબા દ્વારા બાંધવામાં આવેલી હોવાનું મનાય છે; તેમ છતાં ઐતિહાસિક હકીકત એવું સૂચવે છે કે સંખેડાના આ કિલ્લાનું બાંધકામ સુલતાન અહમદશાહ પહેલાએ 1419માં કરાવ્યું હતું.

જ્યારે સુલતાન, ચાંપાનેર પર જીત મેળવવામાં નિષ્ફળ ગયો, ત્યારે પાવાગઢ પેલે પારના ડુંગરાળ વિસ્તારો તરફ તે આગળ વધ્યો, તેના લશ્કરના સિપાઈઓએ આસપાસનાં ગામોમાં લૂંટફાટ પણ કરી; તે પછીથી તે સંખેડા આવ્યો. આજુબાજુના જંગલ-વિસ્તારો પર ચાંપતી નજર રાખી શકાય, એવા સંખેડાના વ્યૂહાત્મક મહત્ત્વને પારખીને સુલતાને અહીં કિલ્લાનું તથા મસ્જિદનું બાંધકામ કરાવરાવેલું.

બીજી પણ એક કિંવદન્તી ચાલે છે : કોઈ પણ પ્રકારની આગોતરી જાણ કર્યા સિવાય સુલતાન અહમદશાહે સંખેડા પર ચડાઈ કરીને તેને પરાસ્ત કરેલું. આવી જીત મેળવવા માટે તેના લશ્કરના માણસોએ સંખેડાને ભારે નુકસાન પહોંચાડેલું. એમ પણ કહેવાય છે કે મોટાભાગના સંખેડાનિવાસીઓ કોઈ પણ જાતની આનાકાની કર્યા સિવાય લશ્કરને તાબે થઈ ગયેલા. લશ્કરના સિપાઈઓ સંખેડામાંથી હીરા-માણેક તથા અન્ય કીમતી ચીજવસ્તુઓ લૂંટીને કોથળા ભરીને પોતાની સાથે લઈ ગયેલા; કેટલાક લોકોને તથા સુંદર સ્ત્રીઓને પણ તેમણે બંદી બનાવેલાં.

મુઘલ તથા મરાઠાના શાસનકાળમાં સંખેડાના નાગર દેસાઈઓ, વતનદાર (જાગીરદાર) તરીકેની સેવાઓ આપતા હતા અને તેઓ 'મહેતા' તરીકે ઓળખાતા. કવિ રામકૃષ્ણ મહેતા, સંખેડાના વૈષ્ણવ નાગર હતા; તેમની કેટલીક કાવ્યરચનાઓ ખાસ કરીને ગરબા અને પદો ગુજરાતમાં લોકપ્રિય બનેલાં. ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ જીવાભાઈ પટેલ પણ સંખેડાના વતની હતા.

**સંખેડાની કાષ્ઠકલા કારીગરી:**

સંખેડા તેના પુરાતત્ત્વીય અવશેષો તેમજ કાષ્ઠકલા માટે મશહૂર છે. સંખેડામાં તેની પરંપરાગત હસ્તકૌશલ્યની ચીજવસ્તુઓ બનાવવાની કળા વર્ષોથી ચાલતી આવી છે. અહીં તૈયાર કરવામાં આવતી કાષ્ઠકલાની ચીજવસ્તુઓની દેશ-પરદેશમાં ભારે માંગ રહે છે. અહીંના કારીગરો આ કળામાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ ધરાવે છે. તેઓ ઉત્કૃષ્ટ પ્રકારનાં લાખકામ (lacquer work) અને કાષ્ઠકલામાં પારંગત છે. તેઓ કાષ્ઠની નાની-મોટી ચીજવસ્તુઓ જેવી કે ઘોડિયાં, ખુરશીઓ, સોફા-સેટ અને રાચરચીલું બનાવે છે. આ પ્રકારની મોટાભાગની ચીજો પર


ISBN: 978-93-342-1979-1

સુંદર, ટકાઉ અને ચમકીલા રંગોનું આવરણ ચડાવીને તેમના પર ચિત્રકામ તેમજ ડિઝાઇનો આલેખવાનું કાર્ય તેઓ ઘણી કુશળતાથી કરે છે.

**સંખેડાની કાષ્ઠકલા નમૂના:**










**સંદર્ભ સૂચિ:-**

(૧) સંખેડા – Gujarati Vishwakosh – ગુજરાતી વિશ્વકોશ

(૨) સંખેડા તાલુકો - વિકિપીડિયા

(૩) બિજલ શં. પરમાર

ISBN: 978-93-342-1979-1

# અર્થશાસ્ત્રમાં વિકાસના માપો દ્વારા માનવ વિકાસ માપનની પદ્ધતિ: માનવ વિકાસ આંક (HDI)ના ખાસ પરિપ્રેક્ષમાં

**ડૉ. રાકેશભાઈ આર. વણકરસાધુ**
**(અર્થશાસ્ત્ર વિભાગ)**

**પ્રસ્તાવના**

અર્થશાસ્ત્રમાં, માનવ વિકાસની વ્યાખ્યા એ માનવ ક્ષમતાઓને વિસ્તારવા, પસંદગીઓને વધારવા, સ્વતંત્રતાને સુધારવાઅને માનવ અધિકારોને પૂર્ણ કરવાની પ્રક્રિયા તરીકે નક્કી કરાય છે. આ માત્ર આવક વૃદ્ધિ વિશે નથી, પરંતુ તેમાં આરોગ્ય, શિક્ષણ, ભૌતિક પર્યાવરણ, અને સ્વતંત્રતા પણ સમાવિષ્ટ છે.


માનવ વિકાસ એક પ્રક્રિયા છે, જે સમયના વહેણ સાથે તબક્કાવાર વિકસતી ગઈ છે. જેના ઐતિહાસિક પ્રમાણો આપણી પાસે વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ છે. અર્થશાસ્ત્ર માનવ વિકાસને આર્થિક વિકાસનાં પરિપ્રેક્ષમાં દર્શાવવાનો તથા માપવાનો પ્રયત્ન કરે છે. તેથી જુદા-જુદા અર્થશાસ્ત્રીઓએ આર્થિક વિકાસના અભ્યાસ કરતી વખતે ઐતિહાસિક અભિગમ અપનાવ્યો છે. જેઓ જણાવે છે કે, કોઈ પણ દેશ/સભ્યતા સંપૂર્ણ આર્થિક વિકાસનું ધ્યેય પ્રાપ્ત કરે તે અગાઉ તેને વિવિધ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. આર્થિક વિકાસના તબક્કા નીચે પ્રમાણે છે.

**આર્થિક વિકાસના તબક્કા:**

**જર્મન અર્થશાસ્ત્રી ફ્રેડરિક લિસ્ટે ૧૮૪૪મા** આર્થિક વિકાસના પાંચ તબક્કા જણાવ્યા હતા.




**પ્રો. કાર્લ માર્ક્સનાં** માટે વિકાસની પ્રક્રિયા દરમ્યાન અર્થતંત્રે ચાર તબક્કા માંથી પસાર થવું પડે છે. જેમકે,



જ્યારે અર્થશાસ્ત્રમાં વિકાસના તબક્કાની વૈજ્ઞાનિક અને તર્કપૂર્ણ સમજુતી **અમેરિકન અર્થશાસ્ત્રી ડબ્લ્યુ. ડબ્લ્યુ રોસ્ટોવને** ફાળે જાય છે. તેમને ૧૯૬૪મા ઐતિહાસિક અભિગમ અપનાવી આર્થિક વિકાસના પાંચ તબક્કાઓ જણાવ્યા હતા. જેમકે,

પરંપરાગત સમાજનો તબક્કો ((Traditional Society)

1. સંક્રાંતિકાળનો તબક્કો ( The Transitional Phase) અથવા ઉડ્ડયનની પૂર્વશરતનો તબક્કો (The Pre-conditions of take-off)
2. ઉડ્ડયનનો તબક્કો (The Take-off Stage)
3. સ્વયંગામી વિકાસનો તબક્કો (Self-sustaining Stage) પરિપક્વતાનો તબક્કો (The Drive to Maturity)
4. ઉચ્ચ વપરાશ ધોરણનો તબક્કો ( Age of high mass consumption)

**માનવ વિકાસ આંક (HDI):**

આર્થિક વિકાસને માપવા માટેના જુદા-જુદા નિર્દેશકોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે,

1. રાષ્ટ્રીય આવક
2. માથાદીઠ આવક
3. જીવન જરૂરીયાતી ચીજ વસ્તુઓની ઉપલબ્ધતા
4. જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (PQLI)
5. માનવ વિકાસ આંક (HDI)

આર્થિક વિકાસને સામાન્ય રીતે GDP અથવા માથાદીઠ આવકના રૂપમાં માપવામાં આવે છે. પરંતુ માનવ વિકાસનાં માપનનું કામ મુશ્કેલ છે. કારણ કે, તેના અનેક આયામો છે. જેથી તેને માપવા માટે માનવ વિકાસ આંકની રજૂઆત કરવામાં આવી છે.

સંયુક્ત રાષ્ટ્રવિકાસ કાર્યક્રમ (UNDP) એ ૧૯૯૦માં પ્રકાશિત થયેલ રીપોર્ટ "Human Development Report" માં માનવ વિકાસ સૂચકાંકની પરિકલ્પના રજુ કરી છે. HDIનાં ખ્યાલની સૌપ્રથમ રજૂઆત કરવાનું શ્રેય ભારતીય અર્થશાસ્ત્રી પ્રો. અમર્ત્ય સેન અને પાકિસ્તાની અર્થાશાસ્ત્રી પ્રો. મેહ્બુબ-ઉલ-હકને ફાળે જાય છે.


માનવ વિકાસ સૂચકાંક (HDI) એવી સંકલ્પના આધારે બનાવવામાં આવ્યો છે,જે માત્ર પ્રતિ વ્યક્તિ GNP કરતાં વધુ સમગ્ર વિકાસનું માપદંડ રજુ કરે છે. તે લોકોને લાંબા, સ્વસ્થ અને સર્જનાત્મક જીવન માણવાનું વાતાવરણ બનાવવા પર ભાર મૂકે છે, અને જીવનના વિવિધ પાસાઓમાં લોકોની પસંદગીઓને વધારવા વિશે ભાર મુકે છે.

**માનવ વિકાસ આંકના માપદંડો:**

ISBN: 978-93-342-1979-1

માનવ વિકાસ સૂચકાંક (HDI) એ એક સંયુક્ત આંકડાકીય સાધન છે જેનો ઉપયોગ દેશની સામાજિક અને આર્થિક પરિમાણોમાં કુલ સિદ્ધિઓ માપવા માટે થાય છે.માનવ વિકાસ સૂચકાંક (HDI) નું માપન ત્રણ મુખ્ય પરિમાણોની ચકાસણી કરીને થાય છે:

1. આરોગ્ય: જન્મ સમયેની જીવન પ્રત્યાશા દ્વારા મૂલ્યાંકન.
2. શિક્ષણ: બે સૂચકો દ્વારા માપવામાં આવે છે:
   - 25 વર્ષ અને તેથી વધુ ઉંમરના વયસ્કો માટે સરેરાશ શિક્ષણના વર્ષો
   - શાળાની ઉંમરમાં પ્રવેશતા બાળકો માટે અપેક્ષિત શિક્ષણના વર્ષો
3. જીવનધોરણ: પ્રતિ વ્યક્તિ રાષ્ટ્રીય આવક (GNI) દ્વારા નિર્ધારિત.




**માનવ વિકાસ સૂચકાંક (HDI) ગણતરી કરવાની પદ્ધતિ આ પ્રમાણે છે:**

1. જીવન આયુષ્ય સૂચકાંક (LEI):

$$LEI = \frac{Life\ Expectancy - 20}{85 - 20}$$

2. શિક્ષણ સૂચકાંક (EI): તે બે સૂચકાંકોનું જ્યામિતીય માધ્ય છે: શાળાના વર્ષોની સરેરાશ સૂચકાંક (MYSI) અને અપેક્ષિત શિક્ષણ વર્ષોનો સૂચકાંક (EYSI)

$$EI = \frac{Actual\ Value - Minimum\ Value}{Maximum\ Value - Minimum\ Value}$$

   - પછી, જ્યામિતીય માધ્ય (geometric mean) ગણતરી કરવામાં આવે છે.

$$EI = \sqrt{MYSI \times EYSI}$$

3. આવક સૂચકાંક (II):આ સૂચકાંક પ્રતિ વ્યક્તિ સામાન્ય રાષ્ટ્રીય આવક (GNI) ને logarithmic પાયે માપે છે.

$$II = \frac{log(GNI\ per\ capita) - log\ (100)}{log(75000) - log\ (100)}$$

4. અંતિમ HDI ગણતરી:


ISBN: 978-93-342-1979-1

- HDI ત્રણ સૂચકાંકોનું જ્યામિતીય માધ્ય (geometric mean) છે:

$$EI = \sqrt[3]{LEI \times EI \times II}$$

આ પદ્ધતિ સુનિશ્ચિત કરે છે કે HDI મૂલ્ય 0 થી 1 ની વચ્ચે હોયછે, જ્યાં 0 ન્યૂનતમ માનવ વિકાસ અને 1 સર્વોચ્ચ માનવ વિકાસ દર્શાવે છે. ગણતરી માટે વપરાતા વાસ્તવિક મૂલ્યો દરેક દેશ માટે ઉપલબ્ધ સૌથી તાજેતરના અને ચોક્કસ ડેટા હોવા જોઈએ.

**Interpretation of HDI After…2010**






**Goalposts for the HDI in this (2010) Report**


| Dimension | Observed maximum | Minimum |
|---|---|---|
| **Life expectancy** | 83.2(Japan, 2010) | 20.0 |
| **Mean years of schooling** | 13.2(United States, 2000) | 0 |
| **Expected years of schooling** | 20.6(Australia, 2002) | 0 |
| **Combined education index** | 0.951(New Zealand, 2010) | 0 |
| **Per capita income (PPP US$)** | 108,211(UnitedArab Emirates, 1980) | 163(Zimbabwe, 2008) |


ISBN: 978-93-342-1979-1


## ભારત અને વિશ્વમાં HDI અને તેના નિર્દેશકના મૂલ્યો




ISBN: 978-93-342-1979-1

**માનવ વિકાસ HDI સ્કોર:** ભારતે <u>૨૦૨૨ માં ૦.૬૪૪નો </u>HDI સ્કોર મેળવ્યો હતો, જે યુએનના ૨૦૨૩-૨૪ના રિપોર્ટમાં ૧૯૩ દેશોમાંથી ૧૩૪માં સ્થાને છે. આ ભારતને 'મધ્યમ માનવ વિકાસ' હેઠળ વર્ગીકૃત કરે છે. ૧૯૯૦માં ભારતનો એચડીઆઈ ૦.૪૩૪ પર હતો, ૨૦૨૨નો સ્કોર ૪૮.૪%ના સકારાત્મક ફેરફારને દર્શાવે છે.

- ૨૦૨૨ ના HDI માં ભારત આયુષ્ય, શિક્ષણ, અને માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક જેવા તમામ આંકોમાં સુધારો આવ્યો છે.( આયુષ્ય – ૬૭.૨ થી ૬૭.૭ વર્ષ.) (શાળાકીય શિક્ષણના અપેક્ષિત વર્ષો ૧૨.૬ અને શાળાના સરેરાશ વર્ષ વધીને ૬.૫૭ )(માથાદીઠ આવક ૫.૪૨ થી વધીને ૫.૭૬ લાખ રૂ. )
- ગુજરાતમાં સૌ પ્રથમ પ્રો. ઇન્દીરા હિરવે (MGLI. A'bad) દ્વારા ૨૦૦૪ માં માનવ વિકાસ રીપોર્ટ તૈયાર થયો હતો. ત્યાર બાદ ૨૦૧૧ પછી ગુજરાતની વિવિધ સંથાઓને ગુજરાતના દરેક જિલ્લાઓનો માનવ વિકાસ રીપોર્ટ ક્રમસહ તૈયાર કરવાની જવાબદારી સોપવામાં આવી હતી. ભારતમાં ગુજરાતનો ક્રમ વર્ષ <u>૨૦૨૧ મુજબ ૦.૬૩૮ મૂલ્ય સાથે ૨૪ મો છે.</u>

**અસમાનતા સમાયોજિત માનવ વિકાસ આંક (IHDI):**

અસમાનતા આયોજિત માનવ વિકાસ સૂચક આંકમાં સ્વાસ્થ્ય, શિક્ષણ અને આવકમાં દેશની સરેરાશ જાણકારી ઉપરાંત અસમાનતાના સ્તર અનુસાર દરેક પરિમાણોની જે તે દેશની વસ્તી વચ્ચે વહેચણી કઈ રીતે થાય છે તે પણ ધ્યાનમાં લે છે. UNDP દ્વારા ૨૦૧૦ થી IHDI બહાર પાડવામાં આવે છે. જેમાં ૦ થી ૧ ની વચ્ચે મૂલ્ય આવે છે. ૦=મહત્તમ અસમાનતા જ્યારે ૧=પૂર્ણ સમાનતા. જેના વલણો ભારતમાં ઉપરના ચાર્ટમાં જોઈ શકાય છે.

**જાતીય વિકાસ સૂચક આંક (GDI) અને જાતીય અસમાનતા સૂચક આંક (GII):**


આ બંને આંક સ્ત્રી અને પુરૂષ સિદ્ધિઓ વચ્ચેના તફાવતોને માપે છે. GDIમાં HDIનાં આંકડાઓનો ઉપયોગ થાય છે. GDIની સૌપ્રથમવાર UNDP દ્વારા ૧૯૯૫ માં બહાર પાડવામાં આવ્યો હતો. જ્યારે GII ૨૦૧૦ થી બહાર પાડવામાં આવે છે. જાતીય અસમાનતાના ત્રણ મહત્વ પૂર્ણ માપદંડોનો તેમાં ઉપયોગ થાય છે. જેમકે,

1. પ્રજનન સ્વાસ્થ્ય
2. સશક્તિકરણ
3. શ્રમ બજારમાં ભાગીદારી

GII મહિલા અને પુરૂષો વચ્ચે રહેલી અસમાનતાને કારણે માનવ વિકાસમાં થનાર સંભવિત નુકશાનને દર્શાવે છે. આ ત્રણ માપદંડોને આધારે વિવિધ દેશોને ૦ થી ૧ ની વચે મૂલ્ય આપવામાં

ISBN: 978-93-342-1979-1

આવે છે. જ્યાં ૦ ની નજીક હોવું ઓછી અસમાનતા અને ૧ ની નજીક વધુ અસમાનતાની સ્થિતિ દર્શાવે છે.




**તારણો:**

છેલ્લા ત્રણ દાયકામાં, ભારતે માનવ વિકાસ આંક (HDI) પર સારી પ્રગતિ કરી છે. આ નીચા માનવ વિકાસ આંક મુખ્ય કારણોમાં નોંધપાત્ર <u>પ્રાદેશિક, સામાજિક અને લિંગ અસમાનતાઓ, ખાસ કરીને આરોગ્ય અને શિક્ષણ પર જાહેર ખર્ચમાં નીચું સ્તર અને ધીમી વૃદ્ધિ, નબળી પ્રસૂતિ અને પ્રસૂતિ સંભાળ પ્રણાલી, આરોગ્ય અને શિક્ષણનું વધતું ખાનગીકરણ, સામાજિક સ્તરનું નીચું સ્તર છે</u>. સૂચક મૃત્યુદરમાં ઘટાડો થયો છે પરંતુ મોટાભાગનાં રાજ્યોમાં જન્મ દર ઊંચો છે, દેશમાં આરોગ્ય સંભાળનું માળખું વધતી જતી વસ્તી સાથે ગતિ જાળવી શકતું નથી, કૃષિ વિકાસ માટે સ્પષ્ટ નીતિનો અભાવ, નબળી જાહેર વિતરણ વ્યવસ્થા, વિકેન્દ્રિતની ગેરહાજરી. વિકાસ સિદ્ધાંત, સામાજિક અને વિકાસલક્ષી નીતિઓનું અયોગ્ય અમલીકરણ, નાના પાયાના ઉદ્યોગ અને નાના ઉત્પાદન એકમોનો નીચો વિકાસ, સામાજિક ક્ષેત્રોમાં રાજ્યની ઘટતી ભૂમિકા, ભ્રષ્ટાચાર, સામૂહિક ગરીબીનું અસ્તિત્વ, માથાદીઠ આવક, આવકમાં અસમાનતા, શિક્ષણ, જમીનની ધારણા, રોજગાર વગેરે. આ સમસ્યાઓ પર યોગ્ય ધ્યાન અને રાજ્ય અને સમગ્ર દેશમાં સકારાત્મક ફેરફારો ભારતને આધુનિક દેશ તરીકે વિશ્વમાં ચમકાવવા માટે સક્ષમ બનાવી શકે છે.

1. આયોજિત માનવ મૂડી રોકાણમાં વધારો કરવો
2. શિક્ષણ ક્ષેત્રમા તાલીમ, કુશળતા, સંશોધન ક્ષેત્રે રોકાણ કરવા.

ISBN: 978-93-342-1979-1

3. આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવો.
4. કુદરતી સંસાધનનો ઇષ્ટતમ ઉપયોગ કરવો.

**References:**


- Human Development: Meaning, Objectives and Components. https://www.economicsdiscussion.net/human-development/human-development-meaning-objectives-and-components/11754.
- Human Development in India - ClearIAS. https://www.clearias.com/human-development-india/.
- https://hdr.undp.org/data-center/specific-country-data#/countries/IND
- Human Development Index (HDI) by Country 2024 - World Population Review. https://worldpopulationreview.com/country-rankings/hdi-by-country.
- Human Development Report 2023-24. https://hdr.undp.org/content/human-development-report-2023-24.
- The Human Development Index and related indices ... - Our World in Data. https://ourworldindata.org/human-development-index.
- India sees improvement in UN's HDI rankings, placed ... - Republic World. https://www.republicworld.com/economy/india-sees-improvement-in-uns-hdi-rankings-placed-at-134th-position/.
- New method of calculation of Human Development Index (HDI). https://www.indiastudychannel.com/resources/141517-New-method-of-calculation-of-Human-Development-Index-HDI-.aspx.
- How to Calculate a Human Development Index | Bizfluent. https://bizfluent.com/how-4894211-calculate-human-development-index.html.
- Human Development Index (HDI) & Its Formula - UPSC OWL. https://upscsociology.in/human-development-index-hdi-its-formula/.

ISBN: 978-93-342-1979-1

# "હાંસિયામાં ધકેલાયેલ પુત્રની વકિલાત"

ડૉ. સાધના આર. ટાંક.
(ગુજરાતી વિભાગ)

‘‘ઓરે ઓ પારેવડા તું કાલે ઉડી જાશે..."

સચિન-જીગરનું અને કીર્તિદાનજીના સુરીલા કંઠે ગવાયેલું 'લાડકી' ગીત સાંભળતા જ છત્રીસ હજાર રૂંવાડા ઊભાં થઈ જાય. કઠોર હૃદય વાળા પણ માખણની જેમ ઓગળવા લાગે. બને જ ને સાહેબ! વાત જ્યારે દીકરીની આવે તો ભલભલા નરમ થઈ જાય. મારા જેવા લાગણીશીલ મુર્ખ તો રોવે જ.

સાહેબ દીકરી પાત્ર જ એવું બનાવ્યું છે ઈશ્વરે. જેનો જન્મ થાય તે ઘરે પારકી અમાનત અને જ્યાં પરણીને જાય ત્યાં પારકા ઘરની... કહો જોઈએ હવે એનું ઘર કયું..!!? કદાચ આ માટે જ દીકરી પિતા માટે રાજકુંવરી હોય છે, તેને બે દાયકામાં આપી શકે એટલો વ્હાલ આપી દેવા માંગે છે. એમ કશું ખોટું પણ તો નથી ને..!!?

-દીકરી ઘર આંગણની તુલસી

-દીકરી વ્હાલનો દરિયો

-દીકરી સૌભાગ્યથી મળેલું ઈશ્વરીય વરદાન.

આવું લખવા બેસીએ તો સમુદ્રની શાહી, આકાશનું કાગળ અને એવરેસ્ટની કલમ ઓછી પડે, ટૂંકમાં કહું તો 'દીકરી તો દીકરી જ છે'

હા.. છેલ્લા દાયકાથી આવું બહુ નીકળ્યું છે, પણ એનો અર્થ એવો નથી કે પહેલાંના માવતરને દીકરી વ્હાલી ના હતી. અમે ૩ બહેનો હતી તો પણ મારા પપ્પા અમને 'મારા સાવજ' કહેતા, મારા મમ્મીનું નામ ‘લાભુ’, નાનીમાનું નામ ‘રતન’ અને દાદીમાનું નામ ‘મોંઘી’ એ પુત્રીપ્રેમની ઊંચાઈ જ દર્શાવે છેને. દીકરી કાંઈ થોડી રાતે ઉઠીને ખાઈ જાય છે, પણ જ્યારે એ સાસરે જાય અને ત્યાં એને તકલીફ પડે ત્યારે માવતર માટે બહુ કપરું થઈ પડે છે એ દુઃખને મૂંગા મોઢે સાહેવું. એટલે જ કદાચ દીકરીને સાપનો ભારો કહ્યો હશે.

પણ..

પણ..

પણ..

પરિસ્થિતિ હવે ઉલ્ટાઈ છે, પહેલાં જેમ નીચા પાડવાના સંકેત રૂપે અંગુઠો (ઠેંગો) બતાવાતો તે જ હવે like નો સંકેત છે. કોઈને સાથ આપવા કે શુભેચ્છા આપવા હવે અંગુઠો સંકેત રૂપે વપરાય છે. તેવી જ રીતે હવે પુત્રીપ્રેમના ચલણમાં પુત્રનો હ્રાસ થતો જાય છે.પુ ત્રની હાજરીમાં એને વારંવાર મહેંણા મરાય છે. 'સાચી લાગણી તો દીકરી ને જ હોય' , 'દીકરી જ સાચો વિસામો છે' , 'દીકરો પરણે ત્યાં સુધી જ આપણો, પછી બાયડીનો' (આવું કહેવા વાળા એમ નહીં વિચારતા હોય કે અમે

પણ એક સમયે પરણ્યાં હતા આપણે શું કર્યું હતું..!?) 'મને તો મારી દીકરી પર અભિમાન છે' કેમ ભઈ!? એકને ગોળ અને એકને ખોળ શું કામ?

આવો ફરક તો જે આ સમસ્ત જગતનું સંચાલન કરે છે તે પણ નથી કરતો. તેણે પુત્ર-પુત્રીના જન્મની એક જ અવધિ સવા નવ માસ જ રાખી છે, કોઈને વહેલા કે મોડા નથી મોકલતો. તે કોઈને ઓછા નકર વત્તા નથી રાખતો તો આપણે કોણ..? કે તેની બનાવેલી વ્યવસ્થાને ખોરવી નાખીએ.

સાહેબ પુત્ર કે પુત્રી બંને સ્ત્રી અને પુરુષના સમન્વયથી જ ઉત્પન્ન થયેલાં છે તો બન્નેને સરખા જ રાખીએ તો ના ચાલે..?

બન્નેને સરખુ વ્હાલ, સમાન હક, સમાન અભ્યાસ, સમાન સ્વતંત્રતા અને સમાન ફરજ પણ ના આપી શકાય? અરે, મને તો એ જ નથી સમજાતું કે આવા બધાં ફરક કરવા વાળું પહેલું કોણ હતું..!? જો સામે આવી ચડેને તો ભલે હું ગાંધીવાદી રહી 'અહિંસા પરમો ધર્મ' માં માનું છું પણ તેને તો ભડાકે જ દઉં હો. આખી વ્યવસ્થા જ બગાડી નાખી. તો હું શું કહેતી હતી, અરે હા! એમ કહેતી હતી કે આપણે આપણાં આવા સંકુચિત માનસના કારણે આપણી ભવિષ્યની પેઢીને લઘુતાગ્રંથિનો ભોગ બનાવીએ છીએ. અત્યારે પરિસ્થિતિ એટલી વણસી છે કે દીકરાઓને મનમાં લાગે કે 'દીકરી વ્હાલનો દરિયો તો શું દીકરો કાટ ખાયેલ સળિયો?' એને આવું લઘુતામાં ધકેલનાર પણ આપણે જ છીએ. ક્યાંક હવે 'પુત્ર બચાવો' એવા અભિયાન ન ચલાવવા પડે. અરે, આપણે આટલી નાની વાત કેમ નથી સ્વીકારતાં કે દીકરો હોય કે દીકરી બંન્ને આપણાં જ અંશ છે, બન્ને ઈશ્વરે આપેલી અમૂલ્ય ભેટ છે, જેને આ નબળી અને આ સબળી બનાવવાની કોઈ જ જરૂર નથી. રહી વાત દીકરા-દીકરીની તુલના કરવાની તો એક વાત કહી દઉં, દીકરી ભલે સાસરેથી ક્યારેક આવે અને આપણી કાળજી રાખતી હોય કે નિયમીત ફોન પર ખબર પુછતી હોય પરંતુ દીકરો જ છે, જે હંમેશા સાથે રહીને બધું જ સંભાળે છે. આ વાત તો સૌએ સ્વીકારવી જ રહી. આપણા સમાજમાં ઘણાં એવા વડીલો હોય છે કે જેઓ દીકરી જમાઈને વખાણતાં હોય છે તેમાં કશું ખોટું નથી, તે પણ આપણા જ સંતાનો છે. પરંતુ તેમને સારા કરવા માટે દીકરા-વહુને ઉતારવામાં કેટલું ડહાપણ છે..!? આ એજ છે કે જેઓ હંમેશા આપણી વચ્ચે રહીને આપણી દરકાર કરતા હોય છે. બસ આટલી નાની વાત આપણે સમજી જઈએ તો સ્વર્ગ ઘરે જ છે, ક્યાંય ઈશ્વર પાસે જવાની જરૂર રહેતી નથી. પણ અત્યારે જમાનો પુત્રી પ્રેમમાં એવો તે તરબોળ છે કે બીજું કંઈ જોવા કે સમજવા જ નથી માંગતો.

મને ક્યારેક આવી પરિસ્થિતિ જોઈને રીતસરનું હ્રદયમાં ભારોભાર વ્યથા થાય, દયા આવે એ એક તરફ હાંસિયામાં ધકેલાયેલ દીકરાઓ પર એટલે આજ આ શબ્દોરૂપી બાણ છોડું છું કોઈને ગ્રાહ્ય લાગે તો તમારું અને ન લાગે તો ખાલી મારુ જ, બસ!

પણ એક વ્યક્તિ તરીકે મારી એક વિનંતી છે દીકરા-દીકરી બંન્નેને સરખા હેત-પ્રેમ આપો અને બન્નેનું યોગ્ય ઘડતર કરો તો કોઈ પણ આપણે દુઃખી નહીં કરી શકે, એમને આપે શીખવેલા સંસ્કાર નહી કરવા દે. બાકી તો ભાગ્યથી બળ્યું કોઈ નથી, આપણે કર્મ કરી શકીએ ફળ તો મળવાનું જ છે. શક્ય હોય તો બંનેના પ્રેમનું પલ્લું સરખું જ રહે એવું કરવા પ્રયત્ન કરીએ.

ISBN: 978-93-342-1979-1

# ભારતમાં ગ્રામ્ય વિકાસ

**ડૉ. કવિતા જોશી**
**(અર્થશાસ્ત્ર વિભાગ)**

ગ્રામ્ય વિકાસ એ એવી પ્રક્રિયા છે, જેનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તા અને આર્થિક સુખાકારીમાં સુધારો કરવો છે. 2021ની વસ્તી ગણતરી અનુસાર, ભારતની 64.21% વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. આટલી મોટી વસ્તી ધરાવતું ક્ષેત્ર દેશના સર્વાંગી વિકાસમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો ગ્રામ્ય ક્ષેત્ર પાછળ રહી જાય, તો દેશની કુલ આર્થિક પ્રગતિ અસમર્થ બની શકે છે.

ભારત એક કૃષિ આધારિત દેશ છે, જ્યાં મોટા ભાગના લોકોના જીવનનો મુખ્ય આધાર તેમની ખેતી દ્વારા પ્રાપ્ત થાય છે. 2023ના વિત્ત મંત્રાલયના રિપોર્ટ અનુસાર, દેશના 65% લોકો ગ્રામીણ ક્ષેત્રોમાં નિવાસ કરે છે અને 2023ની કૃષિ ગણતરી મુજબ, લગભગ 47% લોકો કૃષિ પર નિર્ભર છે. પરંતુ કૃષિ વિકાસની પ્રક્રિયા સહજ અને સમાન નથી રહી. ટેકનોલોજીના વિકાસના ફાયદા મોટા ભાગે મોટા ખેડૂતો સુધી મર્યાદિત છે, જ્યારે નાના ખેડૂતો આ ટેકનોલોજી અપનાવવામાં પાછળ રહી જાય છે.

ઓલ ઈન્ડિયા રુરલ ક્રેડિટ રિવ્યૂ કમિટીના રિપોર્ટએ ચેતવણી આપી હતી કે, "જો વિકાસના લાભો મોટા ભાગના ગ્રામ્ય સમુદાય સુધી પહોંચતા ન હોય, તો આર્થિક અને સામાજિક તણાવ ઊભો થાય છે. આ તણાવ ક્રમબદ્ધ પરિવર્તનમાં અવરોધરૂપ બની શકે છે અને કૃષિ ઉત્પાદન વધારવાના રાષ્ટ્રીય પ્રયત્નો નિષ્ફળ બનાવી શકે છે."

**ગ્રામ્ય વિકાસમાં પડકારો :**

ભારતના ગામડાઓમાં મોટાભાગના લોકોનું જીવન ખેતી પર નિર્ભર છે. તેમનો આ વ્યવસાય માત્ર આજીવિકા જ પૂરું પાડે છે અને બહોળા આર્થિક લાભ આપતો નથી. આ પરિસ્થિતિ એવા મોટાં પડકારો ઉભા કરે છે, જે ગ્રામ્ય વિકાસને મર્યાદિત કરે છે. આવી પરિસ્થિતિને વિસ્તૃત રીતે સમજીએ:

1. ખેતર પર વધુ નિર્ભરતા અને આજીવિકાના અભાવ: ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીના વિકલ્પો ખૂબ જ મર્યાદિત છે.

અ) કેવી રીતે ખેતર માત્ર આજીવિકા પૂરું પાડે છે: ખેતીમાં નફાકારકતા ઓછું હોવાના કારણે લોકો પાસે તેમાંથી અન્ય આર્થિક પ્રવૃત્તિ માટે નાણા ઉદભવતા નથી.

**બ) વૈકલ્પિક વ્યવસાયોનો અભાવ:** અન્ય ક્ષેત્રોમાં રોજગારીના અભાવે લોકો ખેતીમાં જ રોકાયેલા રહે છે, જે વધુ માલસામાન ઉત્પાદન માટે જરૂરી શ્રમને ઘટાડે છે.

**2. બિનસમાન ટેકનોલોજીનો ઉપયોગ:** મોટા ખેડૂતો પાસે ટેકનોલોજી અને સાધનો સુધી પહોંચ હોય છે, પરંતુ નાના ખેડૂતો તેણાથી વંચિત રહે છે.

અ) ટેકનોલોજીના ફાયદા કોને મળે છે: મોટા ખેડૂતો પાસે આધુનિક પદ્ધતિઓ અને મશીનરી હોય છે, જેના કારણે તેઓ વધુ ઉત્પાદન કરી શકે છે.

બ) નાના ખેડૂતોના મર્યાદિત સાધનો: નાના ખેડૂત પાસે આર્થિક ભંડોળ ન હોય તો ટેકનોલોજી અને મશીનરીનો ઉપયોગ કરી શકતા નથી, જેનાથી ઉત્પાદન ક્ષમતા ઘટે છે.

3. જૂના અને મર્યાદિત અભિગમ: 1970ના દાયકાથી પહેલાં ગ્રામ્ય વિકાસને માત્ર કૃષિ વિકાસ સુધી મર્યાદિત કરવામાં આવ્યો હતો.

અ)કૃષિ વિકાસનો મર્યાદિત અભિગમ: તે સમયના નીતિનિર્માતા માને છે કે કૃષિ વિકાસથી જ ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ શક્ય છે.

**બ) આભાસી સમાધાન:** આ અભિગમ માત્ર કૃષિ ઉત્પાદન વધારવાનું ધ્યાનમાં લે છે, પણ ગ્રામ્ય વિસ્તારના બીજા પાસાઓ જેમ કે શિક્ષણ, આરોગ્ય, અને રોજગારી વિકલ્પોનું મહત્વ અવગણવામાં આવ્યું.

4. ગરીબી અને આર્થિક અસમાનતા: ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબી અને આર્થિક અસમાનતા એક મુખ્ય પડકાર છે.

અ)ગરીબીનું ચક્ર: ઓછું ઉત્પાદન -> ઓછી મજૂરી -> ઓછી આવક -> ટૂંકુ જીવન સ્તર -> ગરીબીનું ચક્ર.

બ)સામાજિક વિભાજન: ધનિક અને ગરીબ ખેડૂતો વચ્ચે આર્થિક સમસ્યા વધી રહી છે. ધનિક ખેડૂતો વધુ ફાયદા મેળવવામાં સફળ થાય છે, જ્યારે ગરીબ ખેડૂતોની સ્થિતિ નિરંતર ખરાબ બને છે.

5. માળખાકીય સુવિધાઓનો અભાવ: ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગો, પાણી, વીજળી, આરોગ્ય કે શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓના અભાવના કારણે વિકાસ મર્યાદિત થાય છે.

અ)ટ્રાન્સપોર્ટ અને બજારની સમસ્યા: ખેડૂતો તેમના ઉત્પાદન માટે યોગ્ય બજાર સુધી પહોંચી શકતા નથી.

બ)શિક્ષણ અને કુશળતા અભાવ: ગ્રામ્ય યુવાનો માટે ગુણવત્તાપૂર્ણ શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ નથી, જે તેમને વૈકલ્પિક રોજગારી માટે કૌશલ્ય વિકાસના અવકાશથી વંચિત કરે છે.

સામાવિષ્ટ ગ્રામ્ય વિકાસનો અભિગમ:

આજના સમયમાં, ગ્રામ્ય વિકાસનો અર્થ વિસ્તર્યો છે અને તેમાં "સામાવિષ્ટ ગ્રામ્ય વિકાસ (Inclusive Rural Development)" નો અભિગમ અપનાવ્યો છે. તે તમામ લોકોના જીવનમાં ગુણવત્તા લાવવા માટે મર્યાદિત નહીં, પરંતુ વ્યાપક છે. આ મિશન ત્રિઆયામી છે:

ISBN: 978-93-342-1979-1

1. આર્થિક પરિમાણ: આ પરિમાણનો હેતુ ગરીબ અને નીચા આવકવાળા પરિવારના લોકો માટે આર્થિક વિકાસમાં ભાગ લેવાની તકો અને ક્ષમતાઓ વધારવા પર છે. તેના ઘટકો છે:

- ગ્રામ્ય ઉદ્યોગો અને નાના ધંધાઓને પ્રોત્સાહન આપવું.
- સહકારી ઋણ વ્યવસ્થાઓનો વિકાસ.
- નાના ખેડૂતો માટે આધુનિક ખેતી પદ્ધતિઓ ઉપલબ્ધ કરવી.
- માર્ગો, વીજળી, સિંચાઈ જેવી જરૂરી આધારભૂત સુવિધાઓ વિકસાવવી.

**2. સામાજિક પરિમાણ:**

આ પરિમાણની પ્રવૃત્તિઓમાં સામાજિક સમાનતા, શિક્ષણ, આરોગ્ય અને મહિલા સશક્તિકરણનો સમાવેશ થાય છે.

- મહિલાઓ માટે સ્વસહાય જૂથો (Self-help groups) ઉભા કરવાથી તેમની આર્થિક ભૂમિકા મજબૂત બને છે.
- ગરીબ અને નબળા વર્ગો માટે આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓ પૂરાં પાડવી.
- વડીલો અને નિર્બળ લોકો માટે સામાજિક સુરક્ષા બનાવવી.

**3. રાજકીય પરિમાણ:**

ગ્રામ્ય વિકાસમાં ગામડાના લોકોની રાજકીય પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી જરૂરી છે.

- ગ્રામસભા અને પંચાયતોને મજબૂત બનાવવી.
- નબળા સમુદાયોને રાજકીય પ્રવૃત્તિઓમાં સહભાગી બનાવવી.
- સારી શાસન વ્યવસ્થાને સુનિશ્ચિત કરવી.

**ગ્રામ્ય વિકાસ માટે મહત્વપૂર્ણ પગલાં:**

સમાવિષ્ટ વિકાસ માટે નીચે મુજબની મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓનો અમલ જરૂરી છે, જે ગ્રામ્ય વિસ્તારોના લોકોના જીવન અને આર્થિક સ્થિતિમાં સુધારો લાવી શકે છે:

**1. વૈકલ્પિક રોજગાર વિકાસ:**

ગ્રામ્ય વિસ્તારોમાં લોકો મુખ્યત્વે કૃષિ પર આધાર રાખે છે, પરંતુ કૃષિમાં ઓછા વળતરના કારણે અન્ય રોજગારીના સાધનો વિકસાવવાનું મહત્વપૂર્ણ છે. આ માટે નીચેના પગલાં લેવા યોગ્ય

- કૃષિ આધારિત વિઝનેસ:

ખેડૂતોએ તેમના ઉત્પાદનોને પ્રોસેસ કરવા માટે નાના ઉદ્યોગો જેવી કે દૂધ, ફળો અને શાકભાજીના પ્રોસેસિંગ પ્લાન્ટ્સ સ્થાપવા માટે પ્રોત્સાહન આપવું.

- હસ્તકલા અને સ્થાનિક ઉદ્યોગ:

સ્થાનિક કલા અને હસ્તકલા ઉદ્યોગોને બજાર આપવામાં અને એનો પ્રચાર કરવાથી સ્વસ્થ આજીવિકા મળી શકે છે.

- ગ્રામ્ય ટૂરિઝમ:

સાંસ્કૃતિક કે પ્રાકૃતિક રીતે વિશિષ્ટ ગામડાઓને પ્રવાસન માટે વિકસાવવાથી રોજગારીની નવી તક ઉપલબ્ધ થાય છે.

**2. શિક્ષણ અને કુશળતા વિકાસ:**

શિક્ષણ અને કૌશલ્ય વિકાસ એ કોઈપણ વિકાસ માટેના મુખ્ય ખંભા છે. ગ્રામ્ય વિસ્તારોમાં લોકો માટે વ્યાવસાયિક કૌશલ્ય વધારવા માટે આ પગલાં અપનાવવાની જરૂર છે:

- વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો:

યુવાનો માટે ખેતર સંબંધિત અને બિન-ખેતર વ્યવસાય માટે તાલીમ કાર્યક્રમ શરૂ કરવું. ઉદાહરણ તરીકે, સિલાઈ, મશીન ઓપરેશન, લઘુ ઉદ્યોગો માટેના કૌશલ્ય વિકસાવવા માટે.

- શિક્ષણ સુવિધાઓનું મજબુતીકરણ:

પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ સુવિધાઓમાં સુધારો કરીને બાળકોના ભવિષ્ય માટે મૂલ્યવાન તકો ઊભી કરવી.

- કૃષિ શિક્ષણ:

ખેડૂતો માટે આધુનિક ખેતી પદ્ધતિઓ અને ટેકનોલોજી અંગે જાગૃતિ અભિયાન ચલાવવું.

**3. ડિજિટલ ટેકનોલોજીનો પ્રસાર:**

ટેક્નોલોજી અને ડિજિટલ સાધનોનો ઉપયોગ ગ્રામ્ય વિકાસમાં નવો ઉલ્લેખ લાવી શકે છે. તે માટે અગત્યની પ્રવૃત્તિઓ છે.

- ડિજિટલ શિક્ષણ:

ગ્રામ્ય બાળકો માટે સ્માર્ટ ક્લાસરૂમ, ઇ-લર્નિંગ અને ઓનલાઈન કોર્સ ઉપલબ્ધ કરાવવી.

- ખેતીમાં ટેકનોલોજીનો ઉપયોગ:

કૃષિ માટે મોસમના આગાહીને આધારે રોચક પાક લેવાની માહિતી, ખાતર અને જંતુનાશક દવાઓના યોગ્ય ઉપયોગ અંગેના એપ્લિકેશનનો ઉપયોગ વધારવો.

- હેલ્થકેર અને આરોગ્ય સેવાઓ:

ટેલિ-મેડિસિન અને ડિજિટલ હેલ્થકેર સેવાઓથી દૂરદરાજ ગામડાઓમાં આરોગ્ય સુવિધાઓ પહોંચાડવી.

**4. આધારભૂત સુવિધાઓનું વિકાસ:**

સમૃદ્ધ ગામડાંઓ માટે જરૂરી છે કે તે સ્થળે માનવ અને આર્થિક પ્રગતિ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થાય.

- માર્ગો અને ટ્રાન્સપોર્ટ:

ગામડાઓને નગરો સાથે જોડતા રસ્તાઓના વિકાસ દ્વારા બજારોમાં પરિચલન સરળ બનાવવું.

વીજળી અને પાણીની સુવિધાઓ:

તમામ ઘરોમાં વીજળીની પૂરતી ઉપલબ્ધતા અને સ્વચ્છ પીવાનું પાણી પહોંચાડવું.

- બજાર સુવિધાઓ:

ખેડૂતોને તેમના ઉત્પાદનને સારી કિંમત મળે તે માટે નજીકના સ્થળે બજાર તથા સમિતિઓ ઊભી કરવી.

નિષ્કર્ષ :

ભારતના સર્વાંગી વિકાસ માટે ગ્રામ્ય વિકાસ આવશ્યક છે. સામાવિષ્ટ અભિગમ, જે આર્થિક, સામાજિક અને રાજકીય પરિમાણોને એકસાથે સંકલિત કરે છે, તે ગામડાઓના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શક બની શકે છે. શિક્ષણ, કુશળતા અને બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી દેશની અર્થવ્યવસ્થાને નવી દિશા મળે છે. ભારતનું ગામડું વિકાસના એન્જિન તરીકે કામ કરી શકે છે જો સહયોગ અને પ્રભાવશાળી નીતિઓ સાથે આ વિચાર અમલમાં લાવવામાં આવે.

સંદર્ભ:-

1. S. Mahendra Dev(2023)-Rural Development in India: Agriculture, Non-farm and Migration
https://kingcenter.stanford.edu
2. Dr. Narendrasinh B. Chauhan(2012)-RURAL DEVELOPMENT
https://www.aau.in
3. Vineeta Rani Ekka(2020)-A STUDY ON RURAL DEVELOPMENT IN INDIA AN OVERVIEW ,International Journal of Creative Research Thoughts (IJCRT)
https://ijcrt.org
4. Ravindra Varma (2024)-Indian rural development: a review of technology and society, Research Gate
https://doi.org

ISBN: 978-93-342-1979-1

**સંખેડા કોલેજ** (કૉલેજગીત)

ડૉ. કનુભાઈ બી. પરમાર,
(ગુજરાતી વિભાગ)

લાલુડા રંગોમાં દુલ્હનીયા જેવી,
કોલેજ અમારી વિદ્યાની દેવી.
ઉંચેરી ઈમારત આકાશે આંબતી,
સૌના અંતરમાં સ્નેહ એ પામતી.
જ્ઞાન તણી પોથી છે અધ્યાપકમૂર્તિ,
સહુને એ સરખું એ ભાથું પિરસતી.
પરોઢિયું થયું ને ભેગા રે થઈએ,
ગુરુની વાતો સ-ઉલ્લાસે ગ્રહીએ.
અનુશીલન સહુ સાથે જ કરીએ,
અહમને ક્યારેય ઉરમાં ન ધરીએ.
આનંદની ઘડીઓ ના ક્યારે ભૂલાશે,
હૃદયના હીંચકે સ્મૃતિ થઈ ઝૂલાશે.
અમ બાલુડા કાજે મમતા છે એવી!
કોલેજ અમારી વિદ્યાની દેવી.

# અધ્યાપકો દ્વારા વર્ષ દરમ્યાન રજુ કરવામાં આવેલ / પ્રકાશિત થયેલ પેપર

| અધ્યાપકનું નામ | રજુ કરવામાં આવેલ / પ્રકાશિત થયેલ પેપરનું શીર્ષક | સેમીનાર/ કોન્ફરન્સ /વર્કશોપ / જર્નલ | જર્નલનું નામ | **ISSN/ISBN** નંબર | મહિનો અને વર્ષ |
|---|---|---|---|---|---|
| DR D K VYAS | "EMPOWERING EDUCATION IN THE AGE OF ARTIFICIAL INTELLIGENCE" ORGANISED BY ANAND COMMERCE COLLEGE, ANAND | NATIONAL SEMINAR | RESEARCH MATRIX ( PAPER: THE IMPACT OF ARTIFICIAL INTELLIGENCE ON EMPOWERING MSMEs IN INDIA ) | 2321-7073 (VOL 8, ISSUE 2) | September, 2024 |
| DR D K VYAS | " VIKSHIT BHARAT @ 2047 ORGANISED BY GOPINATHJI MAHILA COLLEGE, SIHOR, BHAVNAGAR | NATIONAL CONFERENCE | VIKSHIT BHARAT @ 2047 , PARADISE PUBLISHERS (PAPER: COMMERCE DYNAMIC: EXPLORING THE ROLE OF DIGITAL FINANCIAL SERVICES IN VIKSHIT @ 2024 BHARAT'S FUTURE | 978-81-19497-95-9 (VOL 1, ISSUE 1) | December, 2024 |
| Dr.Priyakant R. Shrimali | ઈતિહાસ:વિવિધ સંદર્ભે | One-day seminar organized jointly by the Department of History of Shri Govind Guru University, Godhra and the Indian History Coordination Committee,Gujarat. | ------------ | ------------ | December 2024 |
| Dr.Priyakant R. Shrimali | માનગઢ હત્યાકાંડ અને ગોવિંદગુરુ | One day National conference on NEP-2020 Reimagining education pathway to a holistic and multi dispulinary future M.K. College Bharuch | Research Merix Journal | ISSN 2321-7073 | January 2025 |
| Dr.Priyakant R. Shrimali | આદિવાસી સમાજના લોકદેવતા દેવ | One Day National Seminar jointly Organized by Gujarat Shitya Academy | | | February 2025 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | મોગરાનો મેળો | Gandhinagar and Gov.Arts and Science College Dediapada | ------------ | ------------ | |
| Dr.Priyakant R. Shrimali | ગુજરાતના લોક નૃત્યો | 2 Days International conference on LSRM-2025 jointly Organized by Vadnagar college and Samlaji College | Research Atmaj Journal | ISSN 2348-9456 | February 2025 |
| Dr.Priyakant R. Shrimali | પ્રાચીનકાળ અને માનવ ઇતિહાસના તબક્કા | Contribution of Humanities to human Development | Ved Publication | ISBN 978-81-979194-2-8 | February 2025 |
| Dr.Priyakant R. Shrimali | ગુજરાતના સામાજિક અને આર્થિક ઇતિહાસકાર તરીકે મકરંદ મહેતાનું પ્રદાન | National Seminar On "Contribution of Professor Makrand Mehta to the Historiography" I3th February, 2025 Department of History, Gujarat University, Ahmedabad | ------------ | ------------ | February 2025 |
| Dr.Rakeshbhai R. Vankarsadhu | પશુ પ્રજનન ક્ષમતાનું અર્થકરણ: તિલકવાડા તાલુકામાં જલોદરા ગામના પશુપાલકોનાં સંદર્ભમાં એકમલક્ષી અભ્યાસ | One day National conference on NEP-2020 Reimagining education pathway to a holistic and multi Disciplinary future M.K.College Of Comm.Bharuch | ------- | ------- | December 2024 |
| Dr.Rakeshbhai R. Vankarsadhu | ભારતમાં ગાય-ભેંશના પશુધન માંથી થતુ મિથેન ઉત્સર્જન અને તેની આગાહી | Samvad E-Journal | Samvad E-Journal | 2583-8334 | July to September 2024 |
| Dr.Rakeshbhai R. Vankarsadhu | પશુ પ્રજનન ક્ષમતાનું અર્થકરણ: તિલકવાડા તાલુકામાં જલોદરા ગામના પશુપાલકોનાં સંદર્ભમાં એકમલક્ષી અભ્યાસ | Research Merix | Research Merix | 2321-7073 | January 2025 |
| ડૉ. સાધનાઆર.ટાંક | "Mahatma Gandhi's Influence on Literature: Ideological Perspectives and Inspiration" (Best paper presentation Award) | Two Days National Conference on Multidisciplinary Research in Mahatma Gandhi Thinking, Philosophy and Development (महात्मागांधीचिंतन, दर्शनऔरविकास) | Swadeshi Research Foundation | 2394-3580 | Oct. 2024 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | Date: 05-06 October, 2024 | | | |
| ડૉ. સાધનાઆર.ટાંક | ‘‘The Role of Higher Educational Institutions in the Preservation and Promotion of Gujarati Language and Literature: A Multi-Disciplinary Approach to Viksit Bharat’’ | International Seminar on MULTIDISCIPLINARY CONTRIBUTION OF HIGHER EDUCATIONAL INSTITUTIONS IN VIKSIT BHARAT@ 2047* on 27-28th Sep, 2024. | Soham | 2350-0697 | July-sep 2024 |
| ડૉ. સાધનાઆર.ટાંક | ચંદ્રકાન્ત શેઠના સાહિત્ય સર્જનનું વિશ્લેષણ: વિચારધારા, અભિવ્યક્તિ અને સામાજિક પ્રભાવ (જર્નલ) | શબ્દસૃષ્ટિ (માસિકજર્નલ) 492 issue Ank 11 Year 41 | શબ્દસૃષ્ટિ | 2319-3220 | Nov. 2024 |
| Dr. Kavita joshi | Visit Bharat 2047: The path to Sustainable Industrial Growth | International Seminar | SOHAM- An International Multidisciplinary Peer Reviewed Research Journal | ISSN: 2350-0697 | July-Sep-2024 |
| Dr.kavita joshi | Gandhiji's Vision of development: Ethics, self-Reliance and Sustainable | National Conference | Swadeshi Research Foundation A Monthly Journal of Multidisciplinary Research International Peer Reviewed | ISSN: 2394-3580 | October-2024 |
| Dr.kavita joshi | The Role of Women in Economic Development | International Conference | International Journal for Current Research and Techniques | ISSN 2348-4446 | September-2024 |

# સંખેડા કોલેજ : સમાચાર પત્રોની નજરે

Saturday 06-07-2024
શનિવાર તા. 06-07-2024 **7**

## સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યું



**રીયાઝ ડાભીવાલા**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ. યુનિટ અને સંખેડા તાલુકા કાનૂની સમિતિના સંયુક્ત ઉપક્રમે સંખેડા કોલેજના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો તથા આચાર્ય ડો.દીપકભાઈ પટેલ અને શૈક્ષણિક સ્ટાફ તથા વહીવટી સ્ટાફના કર્મચારીઓ પણ જોડાયા હતા.આ ઉપરાંત સંખેડા તાલુકા કાનૂની સેવા સમિતિ સંખેડામાંથી જશુભાઈ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો.પ્રિયકાંત શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર કોલેજ પરિવારે સહકાર આપ્યો હતો.

## સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



**રીયાઝ ડાભીવાલા**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ. યુનિટ અને સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપક્રમે વિશ્વ આદિવાસી દિવસની પૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ અનાજ સાફ કરવું,અનાજ દળવું,અનાજ ખાંડવું, ચૂલા ઉપર રોટલા શાક બનાવવા તેમજ ઓટલા પરિષદમાં શાકભાજી સાફ કરીને સમારીને જેવા કામ કર્યા અને ગામડાનું દ્રશ્ય ઊભું કર્યું હતું તેમજ પરંપરાગત ટીમલી નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું.તેમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.અને સમગ્ર અધ્યાપક મિત્રોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું આ કાર્યક્રમનું સમગ્ર આયોજન એન.એસ. એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રિયંકાંત આર શ્રીમાળી ડો. રાકેશભાઈ વણકરસાધુ પ્રાધ્યાપક વર્ષાબેન પટેલ, ડૉ સાધનાબેન ટાંક પ્રા. રાજેશ્રીબેન જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ શ્રી દીપકભાઈ પટેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## સંખેડા આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં નશા મુક્ત ભારત અભિયાન



સંખેડા : ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા.૧૫-૮-૨૦થી દેશના નાગરિકો માટે નશામુક્ત ભારત અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા આજરોજ નશા મુક્ત ભારત અભિયાન યોજાયું હતું.

## આર્ટ્સ-કૉમર્સ કૉલેજ સંખેડા દ્વારા હર ઘર તિરંગા યાત્રા યોજાઈ



સંખેડા : આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડા દ્વારા હર ઘર તિરંગા અને નશામુક્ત ભારત અભિયાન રેલીનું આયોજન કરાયું હતું. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડાના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા.૧૩-૮-૨૪ના રોજ ભારત સરકારના પરિપત્ર મુજબ નશા મુકત ભારત અભિયાન તથા હર ઘર તિરંગા યાત્રાના ભાગરૂપે એક રેલીનું આયોજન કરાયું હતું. જે રેલી કોલેજથી નીકળીને સંખેડાના જુના ટાવર વિસ્તાર સુધી જઈને પરત કોલેજ સુધી આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં હાજર રહી સૂત્રોચાર દ્વારા આ રેલીને સફળ બનાવી હતી. અધ્યાપકોએ સક્રિય ભાગ લીધો હતો. તથા આચાર્ય ડો. દીપકભાઈ પટેલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.પ્રિયકાન્ત શ્રીમાળી અને પ્રા. વર્ષાબેન પટેલ દ્વારા કરાયું હતું.

**સંક્ષિપ્ત સમાચાર**

## સંખેડા કોલેજ દ્વારા પોસ્ટ ઓફિસની બચત યોજના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું



**સંખેડા** : આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તથા તેમનામાં બચત,વીમા પોલીસી વગેરે અંગેના અભિગમ કેળવાય તે હેતુથી ભારતીય પોસ્ટ વિભાગ પોસ્ટ ઓફિસ સંખેડા ના ઉપક્રમે ડભોઇ પોસ્ટ વિભાગ ઇન્સ્પેક્ટર ચિંતન પંચાલ સદ્રષ્ટાંત ચર્ચા કરી હતી.સમગ્ર પોસ્ટ ઓફિસના સ્ટાફે હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડો. દિપકભાઈ પટેલ દ્વારા આવેલ સાહેબોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તથા ડો. રાકેશભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી અને કાર્યક્રમનું સંચાલન એન.એસ. એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી ડો. પ્રિયકાન્ત શ્રીમાળી અને પ્રા. કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ હતું.

## આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડા તથા રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા બાળકોના યૌનશોષણ અંગે જાગૃતિ કેળવવા માટે ઓનલાઈન વેબિનાર યોજાયો.



આજ રોજ તા.૨૨/૦૮/૨૦૨૪ નવી દિલ્હીનાં એન.જી.ઓ.સાક્ષી ના POCSO ACT-2012 રક્ષિણ પ્રોજેક્ટ અંતર્ગત આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં કોલેજના વિદ્યાર્થીઓને બાળકોના યૌન શોષણ અંગે જાગૃતિ મળે સમાજને તેઓ આ અંગે માહિતી આપી શકે એ રીતે સમાજ સેવાનું કાર્ય કરી શકે માટે કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા ઓનલાઈન વેબીનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા શ્રીમતી ભારતીબેન સ્પીકર અને ટ્રેનર રક્ષિણ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને સદ્રષ્ટાંત સમજુતી આપવામાં આવી હતી.આચાર્યશ્રી ડૉ. દીપકભાઈ પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું તથા કાર્યક્રમના અંતે પ્રા.વર્ષાબેન પટેલે આભાર વિધિ કરી હતી.સમગ્ર કાર્યક્રમ સંચાલન ડો. પ્રિયકાન્ત અને ડો.રાકેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

BREAKING NEWS
# મધ્ય ગુજરાત ની હલચલ
ભ્રષ્ટાચારીઓને ઉઘાડા પાડતું એકમાત્ર અખબાર
:: તંત્રી ::
હસમુખકુમાર રમણભાઈ વરીઆ



આજ રોજ તારીખ **14/09/2024** ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના યજમાન પદે આર્ટ્સ એન્ડ કોમર્સ કાલોલ મુકામે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા એન.એસ.એસ.ડે અંતર્ગત અલગ અલગ સ્પર્ધાઓ યોજાઇ હતી. જે અનુસંધાને આર્ટ્સ એન્ડ કોમર્સ સંખેડા કોલેજમાંથી વકૃત્વ સ્પર્ધમાં વાલ્મીકિ હાર્દિક, નિબંધ સ્પર્ધામાં બારીયા સ્નેહાકુમારી અને રંગોળી સ્પર્ધામાં ભોઈ ટીશા ભાગ લીધો હતો.જેમાં રંગોળી સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ નંબર આવેલ છે.

બ્યુરો ચીફ રિપોર્ટ પ્રશાંત પરમાર

જાહેરાત આપવા માટે સંપર્ક કરો સંપર્ક : 99743 34850, ઈમેઈલ : madhyagujratnihalchal@gmail.com

## 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સંખેડા કોલેજમાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો



**સંખેડા :** તા.19/09/2024 ના રોજ ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલગ્ન આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં સ્વચ્છતા હિ સેવા અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમમાં એન.એસ. એસ.સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા કોલેજની બિલ્ડીંગ,ક્લાસરૂમ તથા લાયબ્રેરીમાંથી સાફ-સફાઇ કરી અને મેદાનમાંથી કચરો તથા પ્લાસ્ટિક એકઠું કરી કેમ્પસની સફાઇ કરવામાં આવી તથા કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.જેમાં કોલેજના આચાર્યશ્રી અને અધ્યાપક મિત્રોએ પણ સાથ સહકાર આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંખેડામાં પ્લાસ્ટિક મુક્ત સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ યોજાયો

સંખેડા તા.૧૯

તા.૧૯ ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલગ્ન આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં સ્વચ્છતા હિ સેવા અભિયાન હેઠળ પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમમાં એન. એસ. એસ. સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા કોલેજની બિલ્ડીંગ,ક્લાસરૂમ તથા લાયબ્રેરીમાંથી સાફ-સફાઈ કરી અને મેદાનમાંથી કચરો તથા પ્લાસ્ટિક એકઠું કરી કેમ્પસની સફાઈ કરી હતી.

## આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં ડ્રગ્સ તથા નશાબંધી વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન



કમલેશ પટેલ : સંખેડા

આજ રોજ તા.3/12/2024 ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે એન.એસ.એસ. યુનિટ અને સંખેડા તાલુકા કાનૂની સમિતિના સંયુક્ત ઉપક્રમે સંખેડા કોલેજમાં ડ્રગ્સ તથા નશાબંધી વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસિસ્ટન્ટ એડવોકેટ ખુશબુબેન દ્વારા તેની માહિતી આપવામાં આવી હતી જેમની સાથે પી.એલ.વી. રશ્મિકાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા તથા આચાર્યશ્રી દીપકભાઈ પટેલે કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને સમગ્ર સ્ટાફ મિત્રોએ પણ હાજરી આપી હતી તથા બહુ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ.પ્રિયકાંત શ્રીમાળી અને પ્રા.કનુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંખેડા તાલુકાના કાવિઠા ગામે એન.એન.એસ કેમ્પનું વાર્ષિક કેમ્પનું ઉદઘાટન કરવામાં આવ્યું



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના કાવિઠા ગામે આજ રોજ એન એન એસ કેમ્પનું વાર્ષિક ઉદ્ઘાટન કરવામાં આવ્યું જેમાં પહેલા દીપ પ્રાગટ્ય તેમજ કોલેજના અધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું તેમજ સાંસ્કૃતિક કુર્તી અને વ્યસન મુક્ત રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું. જે આખા ગામમાં ફરી અને શાળામાં પુર્ણા હુતી કરવામાં આવી હતી ત્યારબાદ સમૂહ ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું.આ એન. એસ.એસ કેમ્પ માં શિક્ષકો તેમજ કોલેજના પ્રોફેસર નું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બદલતા ભારત દૈનિક
સુરત-સોમવાર, ૦૩ ફેબ્રુઆરી-૨૦૨૫

## સંખેડા તાલુકાના કાવિઠા ગામ મુકામે એન.એસ.એસ.દ્વારા સાત દિવસીય વાર્ષિક શિબીરનો સમાપન સમારોહ યોજાયો

(બદલતા ભારત દૈનિક) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા સલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ. વિભાગ દ્વારા કાવિઠા ગામ મુકામે સાત દિવસીય શિબિર નો સમાપન કાર્યક્રમ યોજાયો તેમાં ગામના સરપંચશ્રી જે.એમ.સોલંકી,પ્રાથમિક શાળાના આચાર્યશ્રી સુખરામભાઈ રાઠવા, સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ નસવાડીના પ્રોગ્રામ ઓફિસરશ્રી યુ.જે ચૌધરી, કોલેજના પ્રિન્સિપાલ શ્રી દિપકભાઈ પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પુરું પાડ્યું હતું તથા કોલેજના અધ્યાપકશ્રીઓ અને એન.એસ.એસ. ના સ્વયંસેવકો તથા શાળાના [illegible] જેમાં જુદા જુદા સાંસ્કૃતિક પ્રોગ્રામો અને નાટકો રજૂ કરવામાં આવ્યા હતા તથા સામુહિક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાત દિવસીય શિબિર અંતર્ગત તા.૨૭/૦૧/૨૦૨૫ થી ૦૨/૦૨/૨૦૨૫ કાવિઠા ગામ મુકામે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત પ્રથમ દિવસે શિબિરનું ઉદઘાટન સમારોહ કરવામાં આવ્યો હતો મંગળભારતી ના પ્રોગ્રામ ઓફિસર કમલેશભાઈ દ્વારા કાર્યક્રમને અનુરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું હતું.અને તે પછી ગામમાં વ્યસન મુક્ત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે પ્રાથમિક શાળાની સફાઈ,વૃક્ષારોપણ,સેલ્ફ [illegible]




હતા.ત્રીજા દિવસે પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન દ્વારા ગામ સફાઈ, વૃક્ષારોપણ, શાળામાં ભાગ શિક્ષણ આપવામાં આવ્યું હતું. ચોથા દિવસે શહિદ દિવસ અંતર્ગત દેશભક્તિ ગીત, સુલેખન, સુવાંચન જેવી સ્પર્ધાઓનું [illegible] હતું.તથા સામાજિક આર્થિક પરિસ્થિતિ જાણવા ગામનો સર્વે કરવામાં આવ્યો હતો અને ભિંત સુત્રો લખવામાં આવ્યા હતા.પાંચમા દિવસે લાયન્સ ક્લબ સંખેડા દ્વારા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. છઠ્ઠા દિવસે [illegible] શાળાના બાળકોને કીટ આપવામાં આવી હતી તથા સાતમા દિવસે કાર્યક્રમનું સમાપન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. વિભાગની ટીમ અને સ્વયંસેવકો દ્વારા સફળ [illegible]

## સંક્ષિપ્ત સમાચાર

### સંખેડા તાલુકાની વિવિધ શાળાઓ કોલેજમાં ટીચર્સ ડેની ઉજવણી કરવામાં આવી



**સંખેડા :** સંખેડા ખાતે આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સહિત ગામની વિવિધ શાળાઓ અને તાલુકાની વિવિધ શાળા ખાતે આજે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિન ની ઉજવણી થઈ હતી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર પ્રોફેસર ટીચર્સ બની કોલેજ સ્કૂલના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો હતો. સારા પ્રતિષ્ઠિત વ્યક્તિ આઈ પી એસ યુ પી એસ સુધીની સફળ કારકિર્દી અપાવે છે. તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થીઓ એક દિવસના શિક્ષક બન્યા તાલુકાની વિવિધ શાળાઓ કોલેજોમાં ટીચર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

### આર્ટ્સ-કૉમર્સ કોલેજ સંખેડામાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિન મનાવાયો



સંખેડા : ગોવિંદગુરુ યુનિ. સંલગ્ન કાપડિયાN-MMS આર્ટસ એન્ડ કૉમર્સ કોલેજ કોલેજ સંખેડા ખાતે તા. ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમા કોલેજના પોતાનો ઉદ્યોગ ચલાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સમ્માન કરાયું હતું. જેનું સંચાલન કોલેજના આચાર્ય ડૉ. દિપક પટેલના માર્ગદર્શનમાં એન્ટરપ્રીન્યોરશિપના કન્વીનર પ્રા.ડૉ. કવિતા જોષી અને પ્રો. કનુભાઈ પરમાર દ્વારા કરાયુ હતું.

### છોટાઉદેપુર જિલ્લાના સંખેડા આર્ટસ અને કોમર્સ કોલેજનું ગૌરવ



**સંખેડા :** છોટાઉદેપુર જિલ્લાના સંખેડા ખાતે આવેલ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના માનનીય કુલપતિ દ્વારા કાપડિયા એન એમ એમ એસ આર્ટ્સ એન્ડ ધ એસ એન એસ બી કોમર્સ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. પરેશ એસ.પુરાણીની બોર્ડ ઓફ સ્ટડીઝ (અર્થશાસ્ત્ર વિષય) તથા પ્રા. પ્રણય એન. શ્રીવાસ્તવની બોર્ડ ઓફ સ્ટડીઝ (અંગ્રેજી વિષય) માં નિયુક્તિ કરવામાં આવી છે.

BREAKING NEWS **મધ્ય ગુજરાત ની હલચલ**
સોશિયલ મીડિયા આવૃત્તિ
ભ્રષ્ટાચારીઓને ઉઘાડા પાડતું એકમાત્ર અખબાર
-: તંત્રી :-
હસમુખકુમાર રમણભાઈ વરીઆ
RNI - TC1395648





આજ રોજ તા.**07/10/2024** ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં પર્યાવરણ બચાવો વિશ્વ બચાવો અંતર્ગત ચિત્ર સ્પર્ધા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં નિર્ણાયક તરીકે ડો.સાધનાબેન ટાંક અને ડો.કવિતાબેન જોશી દ્વારા પ્રથમ નંબર ટાંટાવાળા યુસુફભાઈ બીજા ક્રમે ચૌહાણ નરેન્દ્ર, તડવી જાગૃતિ ત્રીજા નંબરે કાછિયા લીઝા, કુરેશી બગદાદી બાનું નંબર આપવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા આચાર્યશ્રી અને સ્ટાફ મિત્રોએ હાજરી આપી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા.પ્રણય શ્રીવાસ્તવ દ્વારા કરવામાં આવ્યું હતું... રિપોર્ટરપ્રશાંત પરમાર સંખેડા છોટાઉદેપુર

જાહેરાત આપવા માટે સંપર્ક કરો સંપર્ક : 99743 34850, ઈમેઈલ : madhyagujratnihalchal@gmail.com

BREAKING NEWS **મધ્ય ગુજરાત ની હલચલ**
સોશિયલ મીડિયા આવૃત્તિ
ભ્રષ્ટાચારીઓને ઉઘાડા પાડતું એકમાત્ર અખબાર
-: તંત્રી :-
હસમુખકુમાર રમણભાઈ વરીઆ
RNI - TC1395648





કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા**
ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન. એસ. એસ વિભાગ ના સંયુક્ત ઉપક્રમે
પોસ્ટર સ્પર્ધાનુ આયોજન-૨૦૨૪-૨૫

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન.એસ.એસ વિભાગના સંયુકત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર સ્પર્ધાનુ આયોજન તા.**25/09/2024** ના રોજ કરવામાં આવેલ હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ દિપકકુમાર વી પટેલ ની પ્રેરણા અને પ્રોત્સાહન થી આ કાર્યક્રમ નુ સફળ આયોજન દ્વારા કરવામા આવ્યુ હતુ.

શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે તારીખ ૨૫ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી ઉદ્યોગ સાહસિક સમિતી અને એન.એસ.એસ.વિભાગના સંયુકત ઉપક્રમ દ્વારા આત્મ નિર્ભર સપ્તાહ નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે તા.**25/09/2024** ના રોજ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા **8** વિદ્યાર્થીઓ દ્વારા ઉદ્યોગ સાહસિક વિષય ઉપર પોસ્ટર બનાવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજ ના આચાર્યશ્રી ડૉ. દિપક પટેલ ના માર્ગદર્શન મા ઉદ્યોગસાહસિક

## રિપોર્ટર પ્રશાંત સંખેડા

જાહેરાત આપવા માટે સંપર્ક કરો સંપર્ક : 99743 34850, ઈમેઈલ : madhyagujratnihalchal@gmail.com

BREAKING NEWS **મધ્ય ગુજરાત ની હલચલ**
સોશિયલ મીડિયા આવૃત્તિ
ભ્રષ્ટાચારીઓને ઉઘાડા પાડતું એકમાત્ર અખબાર
-: તંત્રી :-
હસમુખકુમાર રમણભાઈ વરીઆ
RNI - TC1395648





### આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં પ્રસાદ સુશોભન સ્પર્ધા યોજાઇ

શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ના**C.W.D.C** યુનિટ દ્વારા તારીખ **13/09/2024**ના રોજ પ્રસાદ સુશોભન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમા કુલ **6** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.નીલાબેન સોલંકી એ કયું હતું.તેમજ નિર્ણાયક તરીકે પ્રા.ડો.દિવ્યાંગ વ્યાસ અને પ્રા.ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળી સાહેબે સેવાઓ આપી હતી . સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આચાર્ય શ્રીએ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.આ સ્પર્ધા માં પ્રથમ ક્રમે કાછીયા હિર દ્વિતિય ક્રમે ભોઈ ટીસા.ભોઈ યોગિના એને મોરે વિભતિ અને તૃતીય ક્રમે તડવી કિષના અને બારીય તેજસ વિજેતા રહ્યા હતા.અંતે આભાર વિધિ પ્રા. ડૉ.સાધના ટાંક એ કરી હતી.

બ્યુરોં રિપોર્ટ પ્રશાંત પરમાર.સંખેડા

જાહેરાત આપવા માટે સંપર્ક કરો સંપર્ક : 99743 34850, ઈમેઈલ : madhyagujratnihalchal@gmail.com

## આટ્ર્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં ઝવેરચંદ મેઘાણી વંદનાઃ ગીતસ્પર્ધા કાર્યક્રમ યોજાયો



**સંખેડા** : આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં ગુજરાતી વિભાગ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી વંદનાઃ ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ મેઘાણી લિખિત-સંપાદિત-અનુવાદિત ગીતોનું ગાન કરીને મેઘાણીજીની વંદના કરી હતી. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપક ગણ, સમગ્ર કોલેજ પરિવારની સક્રિય હાજરી, સહભાગીદારી થકી સફળતા પામ્યો હતો.

THURSDAY • 10-10-2024

## આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં નવરાત્રિ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ યોજાયો



કમલેશ પટેલ : સંખેડા

તા.9/10/2024 નાં રોજ આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં સાંસ્કૃતિક સમિતિનાં ઉપક્રમે નવરાત્રિ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો તથા કોલેજ પરિવારે માતાજીના ગરબા રમવાનો લાભ લીધો હતો.અને આચાર્યશ્રી ડો.દીપકભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમની નોંધ લીધી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. રાકેશભાઈ અને ડો. પ્રિયકાન્ત દ્વારા કરવામાં આવ્યું હતું.

## સર્જનાત્મકતાને શક્તિ આપતી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા



**સંખેડા** : સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડાએ તેમના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને નવીનતા વિકાસ માટે એક યાત્રાની શરૂઆત કરી છે. માનનીય પ્રિન્સિપાલના દૂરસંદર્શન હેઠળ, કોલેજના ઇનોવેશન ક્લબ દ્વારા બે દિવસીય તકનીકી તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું.સંસ્થાના મલ્ટીમીડિયા હોલમાં આ તાલીમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાનું ગૌરવ "શોધ" યોજના અંતર્ગત સફળતા

કમલેશ પટેલ | સંખેડા



ગુજરાત સરકાર દ્વારા 'સ્કીમ ઓફ ડેવલોપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ (શોધ)' યોજના શરૂ કરાઈ છે, જેનો હેતુ સંશોધકોને વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાવાળું સંશોધન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવાનો છે. આ યોજનાનો લાભ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે PHD કરી રહેલ વિદ્યાર્થીની કોમલ પટેલને રાજ્ય સરકારના કેસીજી શિક્ષણ વિભાગ દ્વારા આ ગ્રાન્ટ ફાળવાઈ છે. કે જેઓ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાના કોમર્સ વિભાગના પ્રાધ્યાપક ડૉ. દિવ્યાંગ કે. વ્યાસના માર્ગદર્શન હેઠળ સંશોધન કરી રહ્યા છે. માટે સંસ્થાના આચાર્યશ્રી ડો. દિપકકુમાર વી. પટેલ, ટ્રસ્ટી મંડળ અને સમગ્ર સ્ટાફે ડૉ. દિવ્યાંગ કે. વ્યાસ અને કોમલ પટેલને આ પ્રાપ્તિ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## સંખેડા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ના ડો. કનુભાઈ પરમાર ને પી.એચ.ડી ની પદવી મળતા અભિનંદન પાઠવ્યા



રીયાઝ ડાબીવાલા - ડભોઇ

આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલમાં ગુજરાતી વિભાગમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે સેવા બજાવતા ડૉ.કનુભાઈ બી.પરમાર દ્વારા એસ.સી.એ.પટેલ આર્ટસ કોલેજ, સાપલીના એસોસીએટ પ્રોફેસરશ્રી ડૉ. ઈલિયાસ એ. આખલીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ ' વિનોદ ગાંધીનું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પ્રદાન - એક અભ્યાસ વિષય પર તૈયાર કરેલા મહા શોધનિબંધને માન્ય રાખી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી તે બદલ કોલેજ નું ગૌરવ વધારેલ છે. અને તેમનું વતન સિનોર ગામમાં પ્રથમ પીએચડી થવા બદલ ટ્રસ્ટી મંડળ તથા આચાર્યશ્રી ડૉ.દીપકભાઈ પટેલ અને કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આટ્ર્સ અને કોમર્સ સંખેડાનું ગૌરવ




**(બદલતા ભારત દૈનિક)** શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી દ્વારા કાપડિયા એન એમ એમ એસ આટ્ર્સ એન્ડ ધ એસ એન એસ બી કોમર્સ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.શ્રી પરેશ એસ.પુરાણીની બોર્ડ ઓફ સ્ટડીઝ (અર્થશાસ્ત્ર વિષય) તથા પ્રા. શ્રી પ્રણય એન. શ્રીવાસ્તવની બોર્ડ ઓફ સ્ટડીઝ (અંગ્રેજી વિષય) માં નિયુક્તિ કરવામાં આવી છે. સંખેડા કોલેજ પરિવારે બંને સાથી અધ્યાપક મિત્રોને અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

BREAKING NEWS
મધ્ય ગુજરાત ની હલચલ
ભ્રષ્ટાચારીઓને ઉઘાડા પાડતું એકમાત્ર અખબાર
-: તંત્રી :-
હસમુખકુમાર રમણભાઈ વરીઆ



કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા**
ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન. એસ. એસ વિભાગ ના સંયુક્ત ઉપક્રમે
પોસ્ટર સ્પર્ધાનુ આયોજન-૨૦૨૪-૨૫

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના ઉદ્યોગ સાહસિક સમિતિ અને એન.એસ.એસ વિભાગના સંયુકત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર સ્પર્ધાનુ આયોજન તા.**25/09/2024** ના રોજ કરવામાં આવેલ હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ દિપકકુમાર વી પટેલ ની પ્રેરણા અને પ્રોત્સાહન થી આ કાર્યક્રમ નુ સફળ આયોજન દ્રારા કરવામા આવ્યુ હતુ. શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે તારીખ ૨૫ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી ઉદ્યોગ સાહસિક સમિતી અને એન.એસ.એસ.વિભાગના સંયુકત ઉપક્રમ દ્વારા આત્મ નિર્ભર સપ્તાહ નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે તા.**25/09/2024** ના રોજ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા **8** વિદ્યાર્થીઓ દ્વારા ઉદ્યોગ સાહસિક વિષય ઉપર પોસ્ટર બનાવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજ ના આચાર્યશ્રી ડૉ. દિપક પટેલ ના માર્ગદર્શન મા ઉદ્યોગસાહસિક

## રિપોર્ટર પ્રશાંત સંખેડા

જાહેરાત આપવા માટે સંપર્ક કરો સંપર્ક : 99743 34850, ઈમેઈલ : madhyagujratnihalchal@gmail.com

# સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' અને 'વીર નર્મદ જન્મજયંતિ' વિશેષ કાર્યક્રમ

● સંખેડા, તા.૨૪

તારીખઃ ૨૪ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' અને 'વીર નર્મદ જન્મજયંતિ' વિશેષ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમાં આચાર્યશ્રી ડૉ. દીપકકુમાર પટેલના પ્રેરણા અને પ્રોત્સાહન હેઠળ ડૉ. સાધના આર. ટાંક દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે આચાર્યશ્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું. ગુજરાતી વિભાગના અધ્યક્ષા પ્રા. રાજેશ્રી જોશી દ્વારા બીજરૂપ વક્તવ્ય અને સ્વ. ડૉ. ચંદ્રકાન્ત શેઠનો પરિચય આપી તેમની ચિર વિદાય માટે સ્મરણાંજલિ આપી હતી. પ્રા. કનુભાઈ પરમારે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલનની સાથે વિશ્વકવિ સ્વ. ઉમાશંકર જોશીની જન્મજયંતિ નિમિત્તે સ્મરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી વિભાગના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ ગુજરાતી ભાષાનું ગૌરવ ગાતું સમુહગીત, વીર નર્મદ અને વિશ્વ ગુજરાતી દિવસ જેવા વિષયો પર વક્તવ્ય આપ્યું હતું. તેમ જ કાર્યક્રમના અંતે હાલમાં ચિર વિદાય લઈ જનાર દિવંગત આચાર્ય ડૉ. લાભશંકર પુરોહિતને પણ સર્વે દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ રીતે આચાર્યશ્રી, ગુજરાતી વિભાગના અધ્યાપકો અને વિધાર્થીઓ દ્વારા વીર નર્મદ જન્મ જયંતિ અને વિશ્વ ગુજરાતી દિવસની ઉજવણી સાથે ગુજરાતી ભાષા અને સાહિત્યના અગ્રણીઓને સ્મરણ કરી કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાંઆવી હતી.



# આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિક્તા દિવસ નુ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યુ

● સંખેડા, તા.૨૧

શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કોલેજ સંખેડા ખાતે તારીખ ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યું હતું.જેમા કોલેજ ના પોતાનો ઉધોગ ચલાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નુ સમ્માન કરવામા આવ્યુ હતુ. આ કાર્યકમનું સફળ સંચાલન કોલેજ ના આચાર્ય ડૉ. દિપક પટેલ ના માર્ગદર્શન મા Entrepreneurship ના કન્વીનર પ્રા.ડૉ. કવિતા જોષી દ્વાર કરવમા આવ્યુ હતુ તથા પ્રા. કનુ ભાઈ પરમાર દ્વારા કાર્યક્રમ નુ સફલ સંચાલન કરવામા આવ્યુ હતુ, પ્રા.નીલા સોલંકી દ્વાર આભાર વિધિ કરવમા આવી .સમગ સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા માં સહયોગ આપ્યો હતો.



# આર્ટ્સ-કૉમર્સ કોલેજ સંખેડામાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિન મનાવાયો



સંખેડા : ગોવિંદગુરુ યુનિ. સંલગ્ન કાપડિયાN-MMS આર્ટસ એન્ડ કૉમર્સ કોલેજ કોલેજ સંખેડા ખાતે તા. ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમા કોલેજના પોતાનો ઉધોગ ચલાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સમ્માન કરાયું હતું. જેનું સંચાલન કોલેજના આચાર્ય ડૉ. દિપક પટેલના માર્ગદર્શનમાં એન્ટરપ્રીન્યોરશિપના કન્વીનર પ્રા.ડૉ. કવિતા જોષી અને પ્રો. કનુભાઈ પરમાર દ્વારા કરાયુ હતું.

# સંખેડાની કોલેજ ખાતે આરતી શણગાર સ્પર્ધા યોજાઈ



(પ્રતિનિધિ) સંખેડા, તા.૧૨

સંખેડાગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એનએમએમએસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સીડબલ્યુડીસી યુનિટ દ્વારા આરતી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કુલ ૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.વર્ષા પટેલે ક્યું હતું. તેમજ નિર્ણાયક તરીકે અને પ્રા.ડો. પ્રિયકાન્ત શ્રીમાળી, પ્રા. ડો.રાકેશ વણકરે સેવાઓ આપી હતી. સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમક્રમે ભોઈ ટીસા, દ્વિતિય ક્રમે કાછીયા હિર, અને ભોઈ રોગીના તૃતીય ક્રમે, માછી પાર્થ અને મોરે વિભતિ વિજેતા રહ્યા હતા. અંતે આભાર વિધિ પ્રા. ડો.કવિતા જોષીએ કરી હતી.



# સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે અધ્યાપકની નિમણુક થતાં સ્વાગત કાર્યક્રમ યોજાયો



**રીયાઝ ડાભીવાલા**

ગુજરાત સરકાર દ્વારા બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયા અંતર્ગત આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં સ્ટાફની ઘટ હતી જે હવે પૂર્ણ થયેલ છે. જેમાં મહેકમ પ્રમાણે દરેક વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી છે. જે અંતર્ગત સૌ પ્રથમ કોમર્સ અને એકાઉન્ટ વિષયમાં ડૉ .ડી. કે.વ્યાસ, ઈતિહાસ વિષયમાં ડૉ .પી. આર.શ્રીમાળી, અર્થશાસ્ત્ર વિષયમાં ડૉ. આર.આર. વણકર સાધુ, ગુજરાતી વિષયમાં ડૉ.સાધનાબેન ટાંક,અર્થશાસ્ત્ર વિષયમાં ડૉ.કવિતાબેન જોશી સમયાંતરે હાજર કરવામાં આવેલ છે.જે અનુસંધાને કોલેજમાં સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં પ્રિન્સિપાલશ્રી ડૉ.દીપકભાઈ પટેલ દ્વારા અધ્યાપકશ્રીઓને પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનાં અંતે પ્રા. પરેશભાઈ પુરાણી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.રાકેશભાઈ વણકર સાધુ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નુ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યુ

● સંખેડા, તા.૨૧



શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી સંલગ્ન કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કોલેજ સંખેડા ખાતે તારીખ ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યું હતું.જેમા કોલેજ ના પોતાનો ઉધોગ ચલાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નુ સમ્માન કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજ ના આચાર્ય ડૉ. દિપક પટેલ ના માર્ગદર્શન મા Entrepreneurship ના કન્વીનર પ્રા.ડૉ. કવિતા જોષી દ્વાર કરવમા આવ્યુ હતુ તથા પ્રા. કનુ ભાઈ પરમાર દ્વારા કાર્યક્રમ નુ સફલ સંચાલન કરવામા આવ્યુ હતુ, પ્રા.નીલા સોલંકી દ્વાર આભાર વિધિ કરવમા આવી .સમગ સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા માં સહયોગ આપ્યો હતો.

# આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે શ્રી ગોવિંદ ગુરૂ અને માનગઢ હત્યાકાંડ' વિષયક વ્યાખ્યાન યોજાયું



તસવીર:સલીમુદ્દિન શેખ સંખેડા

(બદલતા ભારત દૈનિક)

તા.૩૦-૧૨-૨૦૨૪ ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ઉપલક્ષમાં 'શ્રી ગોવિંદ ગુરૂ અને માનગઢ હત્યાકાંડ' વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈતિહાસ વિષયના અધ્યાપક ડો. પ્રિયકાન્ત આર. શ્રીમાળીએ દશ્ય - શ્રાવ્ય માધ્યમ દ્વારા ખૂબ રસપ્રદ અને પ્રભાવક શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. જેમાં વક્તાશ્રીએ શ્રી ગોવિંદ ગુરૂ ના વ્યક્તિત્વનો સુપેરે પરિચય આપ્યો હતો. તેમના ભગત આંદોલન અને સમાજસુધારા પ્રવૃત્તિ અંગે પણ વિદ્યાર્થીઓને વિગતવાર માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓએ રસપૂર્વક માણ્યો હતો. યુનિવર્સિટીનુઃ નામકરણ જેમના નામ ઉપરથી થયું છે તે વિરલ વ્યક્તિત્વનો વિદ્યાર્થીઓને પરિચય મળ્યો હતો. આરંભમાં આચાર્યશ્રીએ ભૂમિકા રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજેશ્રી જોશીએ કર્યું હતું.

દિવ્ય ભાસ્કર વડોદરા છોટા ઉદેપુર 23-02-2025

## સંખેડા કોલેજના અધ્યાપિકાને તેમના પુસ્તક માટે પુરસ્કૃત કરાયાં

# 'મેર: ભાતીગળ લોકસંસ્કૃતિ અને બોલી' પુસ્તકને ગુજ. સાહિત્ય અકાદમી પુરસ્કાર

ભાસ્કર ન્યૂઝ | સંખેડા

સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની અધ્યાપિકા ડૉ.સાધના ટાંકને તેમના પુસ્તક માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરાયાં હતા. સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ગુજરાતી વિભાગના નવનિયુક્ત અધ્યાપિકા ડૉ.સાધના ટાંકના પીએચડી સંશોધનના એક ભાગ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તક 'મેર:ભાતીગળ લોકસંસ્કૃતિ અને બોલી'ને ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કાર અંતર્ગત શ્રેષ્ઠ પુસ્તક તરીકે વર્ષ-2023ના લોકસાહિત્ય વિભાગમાં સર્વશ્રેષ્ઠ પુસ્તક તરીકે તૃતીય પુરસ્કાર જાહેર થયો હતો. જે વિશ્વ માતૃભાષા દિવસના રોજ રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં અને રાજ્યના અનેક શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કાર કાર્યક્રમમાં પ્રશસ્તિપત્ર, રોકડ ઈનામ વડે પુરસ્કૃત કરાયાં હતાં. આ માટે સમગ્ર કોલેજ પરિવાર તેમના માટે આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. આ પહેલાં પણ કલાતીર્થ દ્વારા કલાગંગોત્રી-12 મેર જાતિની લોકસંસ્કૃતિ અને કલાઓ' ગ્રંથ અમેરિકા સ્થિત 'લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસ' વૉશિંગ્ટન ડી.સી.ના કેન્દ્રીય પુસ્તકાલયમાં સ્થાન પામેલ છે.



સંખેડા કોલેજના અધ્યાપિકા ડૉ.સાધના ટાંકને તેમના પુસ્તક માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તૃતીય પુરસ્કારથી પુરસ્કૃત કરાયાં હતા.

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ, સંખેડા



ISBN: 978-93-342-1979-1

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ.કોમર્સ કોલેજ,

સ્ટેશન રોડ, સંખેડા.(૩૯૧૧૪૫) જિ. છોટાઉદેપુર

(સંચાલિત : સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ,સંખેડા.)

ફોન.નં :૦૨૬૬૫ ૨૪૩૨૫૯/૨૪૪૪૫૦

ઇમેલ : sankhedacollege@yahoo.co.in

વેબસાઇટ: www.sankhedacollege.co.in